


કુમાર
અંક ૧૪
ઉગતી પ્રજાનું માસિક
વર્ષ ૨ : અંક ૨
માહ
૧૯૮૧
તંત્રી
રવિશંકર રાવળ



નરકેસરી નેપોલીઅન



સ્વપ્ન

દેવદૂત સ્વપ્ન! કામધેનુ કલ્પના જેની માતા છે અને સૃષ્ટિઓ ઘડનાર વિધાતા જેના સખા છે—એવા તને અમારા બહુ વંદન હો.

ઓ બહુરૂપી! માતાની ઘંટીના ઘોરમાંથી નીકળી, બાળકના ગાલ ઉપર બેસી, હોઠે સ્મિત ફરકાવનાર તું છે; હાલરડાંના ઘેનમાંથી પોતાની પાંખ ઉપર લઇ જઇને જાદુઈ શેરીઓ બતાવનાર તું છે.

ઉડતા ધુમ્મસના ઓરડામાં ડોકીઉં કરી તું અલોપ થાય છે અને જીંદગીના કોઈ જુવાન મુસાફરને પોપચે રમવા ઉતરે છે.

કુમારકુમારીઓ તને પોતાનો બીજો પ્રાણ માને છે અને તારા રૂપ પાછળ ઘેલાં ફરે છે; કારણ રાત ને દિવસ તું તેઓને ભવિષ્યનાં નવચિત્રો આળેખી દે છે.

કેટકેટલા રંક–રોગીઓના અજંપામાં તેં સાથ પુર્યો છે? કેટકેટલાં હતાશ હૃદયને મુર્છા વાળી સવેળ તેં સચેતન કર્યાં છે?

કઠીઆરાના કુહાડા આગળ અને ખેડુતના હળ પાછળ અમને તારૂં દર્શન લાધે છે; કવિજનોની લાગણીમાં અને જ્ઞાનીજનોની વૃત્તિમાં હરહમેશ અમને તારૂં ભાન થાય છે.

નવી દ્રષ્ટિનો દાતા તું છે; નવી સૃષ્ટિનો ત્વષ્ટા તું છે. રોજ તું તાજું છે; રોજ તું નવું છે. લોક તને 'સપનું' કહો: અમે સમજીએ છીએ કે જગતનું પરમ સત્ય તું છે.

અને હવે,

કદાપિ આજ કે કાલ હશું સંસારને પથે;
માગીએ સ્નેહસંગાથ કલ્પનાસુત! હે સખે!



અક્કલનો આંક

તમે તમારે બેઠાં બેઠાં બગાસાં ખાધા કરતા હશો, અથવા બહુ ભણનારા હશો તો ચોટલી બાંધી ચોપડીમાં આંખો ફોડતા હશો; અને સાથે સાથે માનતા હશો કે આપણે મોટા થતા જઇએ છીએ તેમ આપણી અક્કલ વધતી જાય છે! ના, ના; રખે ભુલમાં રહેતા.

ફ્રાન્સના મહેતાજીઓના બે વડા અમલદારો—મિ. સાઇમન તથા મિ. બેનેટ—એ અક્કલ માપવાનો એક નુસખો શોધી કાઢયો છે! અને નવરા પણ કેવા, કે તેઓ દસ હજાર પોરીઆં ઉપર પોતાનો એ નુસખો અજમાવી ખાતરી પણ કરી ચુકયા છે, કે માણસની અક્કલ કંઇ તેની ઉમર પ્રમાણે જ વધેલી હોતી નથી! માબાપ, કુટુંબનો સહવાસ, કેળવણી, એ બધાની અસર નીચે દરેક બાળકનું બંધારણ જુદુંજુદું હોય છે. તેથી છસાત વર્ષે બાળકો નીશાળે ભણવા દોડે છે ત્યારે એ બધાં એક જ સાથે એક જ વર્ગમાં ભણવા જેટલી એકસરખી બુદ્ધિ ધરાવતાં નથી હોતાં!

આપણો સંચો

પણ એ બેનેટ-સાઈમન સિસ્ટમ ઝખ મારે છે! અમારાં માબાપો અને મહેતાજી સાહેબો તો એ બધાંને એક જ વર્ગમાં, એક સાથે, પરીક્ષાના એક જ ચોકઠામાં ખોસી, દાબી, ભુકો કરી બેસાડીને એકસટે બધાને પાસ કરતા આવ્યા છે! અને કહે છે કે બધા મૅટ્રિક ને બધા ગ્રૅજ્યુએટો એકસરખા કાં નહિ?

પણ બેનેટ સિસ્ટમ બબડે છે કે ના, ના; એ સંચામાં અવતારી બુદ્ધિનાં માણસોનો ઘાણ નીકળી જાય છે, ને ઓછી બુદ્ધિનાંને તેમની જોડે તણાઇ મરવું પડે છે. એટલે સરવાળે બંને બાજુની ખોટ જ આવે છે. ઓછી બુદ્ધિનાંને ધીમી આંચે પાકા પુડલા જેવા થવા દેવા જોઇએ, અને પેલા અવતારી બુદ્ધિના કોઠલાઓને તે માગે તેટલી ઝડપે આગળ ધપવા દેવા જોઇએ.

પહેલો પુરુષ એકવચન

વ્યાકરણમાં તમે બહુ ઠોઠ નીશાળીઆ નહિ હો તો એટલું તો જાણતા જ હશો કે પહેલો પુરુષ એકવચન તે 'હું'.

પણ તમે એ નહિ જાણતા હો કે દુનીઆની અનેક બુરી ચીજોમાં, માણસના અનેક નાનામોટા દુર્ગુણોમાંનો એ એક 'હું' છે.

એનો અર્થ ન સમજ્યા? 'હું' એટલે 'હુંપણું'–અહંકાર, અભિમાન.

ફારસી ભાષાનો એક વિદ્વાન જુવાનીમાં પણ એટલો ધાર્મિક હતો કે તે ધણીવાર રાત્રે ઉઠીને પ્રાર્થના કરતો તથા કુરાન વાંચતો. એક દહાડો રાત્રે તે આ કામમાં મશગુલ હતો એવામાં તેનો બાપ જાગી ઉઠયો ને પુછયું, 'બેટા, શું કરે છે?'

તેણે જવાબ દીધો, 'ખુદાના ગુણ ગાઉં છું, બાપા. આ મારા બીજા ભાઇઓ કેટલા નાસ્તિક છે કે ઘસઘસાટ ઉંઘે છે? માત્ર હું જ...'

તેના બાપે તેને વચ્ચે જ અટકાવીને કહ્યું, 'બેટા, એમ પોતાનું અભિમાન ને પારકાની નિંદા કરવા તું જાગતો રહ્યો એના કરતાં તો ઉંઘવું જ સારૂં હતું.'

એ જુવાન તો વિદ્વાન, ધાર્મિક ભાવનાવાળો હતો, છતાં એને ખબર ન પડી તેમ એનામાં 'હું' પેઠો.

એ 'હું'ને દૂર કરવો, એને જીતવો એ ભારે કપરૂં છે. તમે એક માર્ગે એનાથી ચેતતા રહો તો એ બીજે રસ્તે તમારામાં પેસી જાય છે.

બેન્જામિન ફ્રાંકિલન કહેતો કે 'અભિમાન છોડીને નમ્ર બનવાનો હું પ્રયત્ન કરૂં છું તો ત્યાં પણ એ 'હું' મારો પીછો નથી છોડતો. હું નમ્ર બનું છું એમ મને ખબર પડે છે એટલે મારામાં મારી નમ્રતાનું અભિમાન જાગે છે!'

'હું કેવો?' 'એ તો હું જ કરી શકું' 'મારા વિના આમ થાય જ નહિ ને!'—વગેરે 'હુંકાર' આપણામાં આવવા માંડ્યા કે આપણું પતન શરૂ થયું સમજવું.

આપણે ગમે તેટલા હુશીઆર હોઇએ, આપણું કામ ગમે તેટલું સંપૂર્ણ હોય, પરંતુ તે કામને વીશે આપણો 'હું' પેસે કે તરત, રાહુ ચંદ્રને ગળે તેમ, તે આપણાં ઉજળાં કામને ગ્રહવા માંડે છે.

'હું' વિના કરેલું કામ એની મેળે સુંદર ને સંપૂર્ણ બને છે. કામ કરનારાની નમ્રતા એના કામ તથા ચારિત્ર્યને ઓપ આપે છે. ફુલણજીના કામ પર ને એના ચારિત્ર્ય પર એના અભિમાનના ડાઘ પડે છે.

તમારી જાતમાંથી એ પહેલો પુરુષ એકવચન—હું-કાઢી નાખો, અને તમે જીંદગીમાં પહેલી કોટિના પુરુષ બનશો.

ભેજાંની પોલ

તોબા! તોબા! આ બેનેટ સિસ્ટમ તો ભેજાંની પોલ કાઢવા બેઠી જણાય છે! તે તો વળી આગળ કહે છે કે જીંદગીમાં કંઇ બધાં જ માણસો ઝાઝી અક્કલ ભેગી કરી શકતાં નથી! એટલે, બધાં જ મોટી ઉમરનાં માણસોમાં કંઇ તેમની ઉમરના પ્રમાણમાં અક્કલ હોતી નથી! સેંકડે પંચાણું ટકા માણસોનાં ભેજાંમાં અક્કલનું ઝાડ તો માત્ર સત્તર વર્ષ સુધી વધીને પછી અટકી ઠુંઠું થઇ ગએલું હોય છે! અને તે ઉપર પછી ભાગ્યે જ મ્હોર બેસે છે કે ફળ ઉતરે છે!

હેં? હેં? ત્યારે આપણા સીત્તેર સીત્તેર વર્ષના બુઝર્ગ દાદાઓનું અક્કલનું ઝાડ માત્ર સત્તર જ વર્ષનું હશે? બેનેટ સિસ્ટમ કહે છે કે હા, જરૂર.

ઈલાજ?

હત્ તેરીકી બેનેટ સિસ્ટમ! તો અક્કલનાં ઝાડ મોટાં કરવા શું કરવું, કે જેથી દેશમાં બધા અક્કલના સમુદર ઉભરાય?

એ સિસ્ટમ કહે છે કે જુલમથી ન ભણાવો. દરેકના ભેજાની શક્તિ અને શોખ મુજબની ચાલે તેમને શીખવા દો. કોઈ વહેલું તૈયાર થશે, કોઈ ધીમેધીમે પંથે ચડશે. વર્ગમાં ગોખીગોખીને પહેલા નંબર રાખનારા જીંદગીની અસંખ્ય જરૂરી બાબતોમાં મોટાં મીંડાં નીકળે છે, અને શાળામાં ઠોઠ કે તોફાની ગણાતા પેલા ચબરાક છોકરાઓ જીંદગીમાં બાહોશ માણસો નીવડી નામાંકિત નર બની જાય છે!

જીંદગી તમને વહાલી છે? તો વખત ગુમાવતા ના, કેમ કે તે વખતની જ બનેલી છે

આપણી ખાનદાની

આપણા દેશની ખાનદાનીનાં બણગાં ફુંકતી વેળા આપણે જરા યે પાછા પડતા નથી, પણ ખાનદાની કે સૌજન્યનું એકાદ પગલું ભરવાનો વખત આવે છે ત્યારે આપણે દેવાળું કાઢીએ છીએ. 'કુમાર'નું બીજું વર્ષ શરૂ થાય તે પહેલાં બે મહીના અગાઉથી ગાજીવગાડીને અમે કહેવા માંડયું હતું કે જેમનાં લવાજમ વર્ષ આખરે પુરાં થતાં હોય તેવા ગ્રાહકોએ, પોતે ચાલુ રહેવું છે કે બંધ થવું છે તે વીશે અમને સવેળા ખબર કરવી. અને છેલ્લા અંક જોડે તો, જેમનું લવાજમ પુરૂં થતું હતું તેમને, ખાસ્સી મોટી લાલ ભુરી શાહીમાં છાપેલી ચીઠ્ઠી ચોડીને ખબર પણ આપી હતી; સાથે ભરી મોકલવાનાં નવાં કાર્ડ પણ બીડ્યાં હતાં, અને તે ન ભરી મોકલનારના મૌનને હા સમજી લઇને નવો અંક વી. પી. કરવામાં આવશે એવી સુચના પણ સાથે જ લખેલી હતી.

પણ ઘણા બંધુઓએ, જ્યારે ખરેખરાં વી. પી. ઘેર આવ્યાં ત્યારે જ જાગૃતિ બતાવી ને પાછાં કાઢ્યાં! તેમના એ પ્રમાદને લીધે અમને અઢી આનાનું પોસ્ટેજનું નુકસાન વેઠવું પડે છે એ વાતનો પણ તેમણે જો વિચાર કર્યો હોત, તો સાથે, પોતાની એ ભુલ માટે દિલગીરી બતાવી અઢી આનાની ટીકીટ અમને બીડી મોકલી હોત. પણ એ ભાઇઓ તો સાવ નીરાંતે એક કાર્ડ લખી નાખે છે કે 'ગ્રાહક રહેવા ઈચ્છા નથી માટે વી. પી. પાછું વાળ્યું છે!' અને કેટલાક તો એટલું પણ લખવાની તસ્દી લીધા વિના વી. પી. પાછું ધકેલે છે! આનો શો અર્થ? આપણી ખાનદાની?

આ રીતે વી. પી. પાછાં વાળનાર ભાઇઓમાંના જે કોઇના વાંચવામાં આ આવે, તેમણે અમને વધુ ખોટ ન આવવા દેવાની ખાતર એ અઢી આનાની ટીકીટો મોકલી આપવાની ખાનદાની તો બતાવવી જ ઘટે. —**વ્યવસ્થાપક**

'કુમાર' નામ વાંચીને મોટી ઉમરનાં બધાંને એમ લાગે છે કે 'ઉંહ! એ તો છોકરાંઓ માટે જ. અમે તો કંઇ તેથી યે ઉંચું વાંચવાના.' શું વાંચવાના?—યુગધર્મ, વસન્ત, સાહિત્ય, ગુજરાત, નવચેતન, શારદા... અંગ્રેજીમાં વાંચવાં હોય તો મૉડર્ન રિવ્યુ અને પછી પાર વગરનાં પરદેશી છાપાં.

આટલું બધું વાંચી બેઠેલા પંડિતો જ્યારે પોતાના કુટુંબની સાથે, બાળકો વચ્ચે, અથવા પડોશી કે સગાંઓની મીજલસમાં બેઠા હોય છે ત્યારે તેમના મગજમાંથી એક પણ એવી આકર્ષક ભાવના, વિચાર, કે વાર્તા નીકળી શકતી નથી કે જેથી તેમના એ જ્ઞાનભંડારનો કોઇને લાભ મળે.

રસ્તે જતા એકાદ અંગ્રેજી ભણેલા, કૉલેજ પાસ કરી ચુકેલા જુવાન મિત્રની બાંહ્ય પકડી ઉભા રાખી પુછજો કે ભાઈ, તમારા જ્ઞાનનો થોડો લાભ અમને તો આપો. તો કહેશે, અમે તમારા માટે ભણ્યા નથી. રામરામ!

પણ તમે 'કુમાર' વાંચતા હશો તો એ ભાઈ જેવો જવાબ નહિ આપો. 'કુમાર' વાંચનારાઓ, વડીલો સાથે સુંદર ચર્ચા કરી શકશે, નાનાં ભાંડુને સરસ વાર્તા કહી સંભળાવશે, ઘરની ઓછું ભણેલી કે અજ્ઞાન સ્ત્રીઓને જગતની જાણવા સમજવા જેવી વાતો કહી શકશે અને મિત્રો જોડે અવનવા વિવાદ કરી શકશે. 'કુમાર' એક પ્રકારની જીવંત કેળવણી ફેલાવનાર સંસ્થા છે.

મારે જાવું

[પ્રીતમલાલ ચુનીલાલ મજમુદાર]

મારે ફુલડાંની સંગાથ, વસવા કુંજોમાં જાવું:
હાં રે મારે ભૃંગોની સંગાથ, રસનાં ગુંજનમાં ગાવું.
મારે ફુલડાંની સંગાથ, વસવા કુંજોમાં જાવું.

રંગરંગની પાંખ ધરીને,
ફુલફુલ પર ઉડીઉડીને,
પતંગીઆં સંગાથ,
હાં રે મારે પતંગીઆં સંગાથ, તેજે ફરફરવા જાવું:
મારે ફુલડાંની સંગાથ, વસવા કુંજોમાં જાવું.

કોયલનાં ગીત કંઠે કરવા,
સામાસામી ટહુકા કરવા,
મ્હોરો કેરાં ઘેન,
હાં રે મારે મ્હોરો કેરાં ઘેન, નેનમાં ભરવાને જાવું:
મારે ફુલડાંની સંગાથ, વસવા કુંજોમાં જાવું.

મેઘ સરીખું ગભીર ગરજી,
સુતી ગુફાના કેસરી જગવી,
વાઘ વરૂ સંગાથ,
હાં રે મારે વાઘ વરૂ સંગાથ,
વનમાં રડવડવા જાવું:
હાં રે મારે ફુલડાંની સંગાથ,
વસવા કુંજોમાં જાવું.





નરકેસરી નેપોલીઅન

> એ માણસમાં સંજોગો પારખવાની શક્તિ હતી; ગમે તે કામ માટે યાહોમ કરીને ઝંપલાવનારો અને તેને પાર ઉતારનારો બળવાન આત્મા હતો; કુદરતીરીતે જ તે સૌની ઉપર તરી આવ્યો ને રાજા થયો. આલમ આખીને, ખાત્રી થઇ ગઇ કે તેનામાં એ તત્ત્વ હતું જ. —**કાર્લાઇલ**

જે વખતે હીંદમાં ટીપુ સુલતાન, નાના ફડનવીસ અને હરિપંત ફડકે જેવા પ્રબળ યોદ્ધાઓ અંગ્રેજોના દાવપેચમાં સામસામે ઘુમી રહ્યા હતા, તે જ સમયમાં ફ્રાન્સમાં રાજા લુઈ સોળમો રાજ્ય કરતો હતો. એના બાપદાદાના વખતથી જ મોટી મોટી નિરર્થક લડાઇઓએ ફ્રાન્સ દેશને પાયમાલ કર્યો હતો; રાજા અને તેના અમીરઉમરાવો મોજશોખમાં પૈસા ઉડાવતા હતા; ધર્મગુરુઓ અભિમાની ને સ્વચ્છન્દી બન્યા હતા અને પ્રજા ઉપર કરના તો ઢગલા જ હતા.

એક દિવસ, રાજા લુઇ ફરતો ફરતો એક ખેતરમાં જઈ ચડ્યો. અરધાં હાડપીંજર હોય તેવા ખેડુતો તેને ઘેરી વળ્યા ને કહેવા લાગ્યા કે 'તું રાજા છો, તો અમને ભુખમરાથી બચાવી લે.' લુઇએ તિરસ્કારથી પુછ્યું, 'તમારે શું જોઇએ છે?' ખેડુતોએ જવાબ આપ્યો, 'લુખીસુકી ભાખરી ને મીઠાની કાંકરી!' કંઇ પણ ઉત્તર વાળ્યા વિના રાજા લુઇએ બેદરકારીથી પોતાના ઘોડાને એડ મારી, ને એ કંગાળ માણસોને પોકાર કરતા મુકીને તરત જ ઘોડો દોડાવી મુક્યો!

પરંતુ દરેક વસ્તુને હદ હોય છે. ગરીબી સહન કરીકરીને ફ્રાન્સની પ્રજા હાથ જીભ કાઢી ગઈ હતી. કોઇપણ રીતે, રાજા અને અમીરોના ખોટા વિલાસ ઉપર અંકુશ મુકવાની તક પ્રજામાંનો દરેક જણ શોધી રહ્યો હતો. પ્રજાના મનમાં જે વાત રાતદિવસ ઘોળાઇ રહી હતી તે જ વાત, તે યુગના ત્રણ સમર્થ લેખકોએ પણ પોતાનાં લખાણો દ્વારા ફેલાવી. તે લેખકોનાં નામ, મોંટેસ્કયુ, વૉલ્ટેર અને રૂસો. તેમણે પ્રજામાં નવો પ્રાણ પ્રગટાવ્યો.

આ સર્વને પરિણામે, જેમ પૃથ્વીના ગર્ભમાંથી જ્વાળામુખી ભભુકી ઉઠે તેમ, ફ્રાન્સમાં એક ભયંકર તોફાન જાગી ઉઠ્યું. આ તોફાન 'ફ્રેન્ચ રેવોલ્યુશન' (ફ્રાન્સનો વિપ્લવ) ના નામથી પ્રસિદ્ધ છે.

આખું ફ્રાન્સ તોફાનથી સળગી ઉઠ્યું. ભુખ્યા વરૂ જેવા ત્રીસ હજાર માણસોએ પારીસથી થોડે દૂર આવેલા 'બૅસ્ટાઇલ'ના કીલ્લાપર હુમલો કર્યો. આ કીલ્લામાં અનેક કેદીઓ અનેક વર્ષોથી સડયા કરતા હતા. એ બધા કેદીઓને છુટા કરી, આ બળવાખોર સૈન્ય પારીસ પાછું ફર્યું ને મહેલ ઉપર ધસ્યું. રાજાને પારીસમાં કેદ કરી, ફ્રાન્સની પ્રજાએ આખા યુરોપને જાહેર કરી દીધું કે હવેથી અમે પ્રજાસત્તાક રાજ્યમાં માનીએ છીએ!

આ હીલચાલનો ચેપ બધે ફેલાય તો યુરોપનાં બીજાં રાજ્યો પણ પ્રજાસત્તાક થઇ જાય એવા ભયથી, ઑસ્ટ્રીઆ, પ્રશીઆ, (જર્મની) ઇંગ્લંડ, સ્પેન, ઇટાલી વગેરે દેશના રાજાઓ રાજા લુઈની મદદ કરવાને બહાને આ હીલચાલને મુળમાંથી જ ડામવા તૈયાર થઇ ગયા. તેમનાં લશ્કરોએ ફ્રાન્સમાં પ્રવેશ કર્યો અને ફ્રાન્સનું પ્રજાકીય સૈન્ય હારવા માંડયું.

જેમજેમ એ વિજયી લશ્કર પારીસની નજીક આવવા લાગ્યું તેમતેમ ફ્રાન્સના લોકો વધારે મરણીઆ બની ગયા. પરદેશી રાજાઓનું વિજયી લશ્કર તેમની પાસેથી સ્વતંત્રતા ઝુંટાવી લેશે અને તેઓ ફરીને પાછા અમીરોના અને રાજાના ગુલામ બનશે, એ વિચાર આવતાં જ આખી પ્રજા ઉશ્કેરાઇ ગઇ! કોઇના પણ ઉપર દેશદ્રોહનો કે રાજાનો પક્ષ લેવાનો જરાક પણ આરોપ આવે કે તરત જ એનું માથું ધડથી જુદું થયું જ છે! આખા પારીસમાં લોકોએ 'કત્લેઆમ' કરી મુકી. સ્વતંત્રતાદેવીનું ખપ્પર ભરવા, મોટામોટા અમીરોનાં માથાં કપાવા લાગ્યાં. રાજાને પણ દેશદ્રોહનો આરોપ મુકી, ફ્રાન્સની પ્રજાએ ફાંસીએ લટકાવી દીધો!

આખી પ્રજાને આમ વીફરેલી જોઇ, યુરોપનાં બીજાં રાજ્યો ધ્રુજવા લાગ્યાં. ફ્રાન્સ પ્રજાસત્તાક રાજ્ય બન્યું. એક 'વિચારક સભા' બધો કારભાર ચલાવવા લાગી, ને જે કોઈ દેશદ્રોહી ઠરે તેને મારી નાખવાનું કામ આગળ ચાલતું જ ગયું. પારીસમાં પાંચપાંચ મીનીટે એકએક ભોગ ધરાવા લાગ્યો.

પરંતુ આ 'વિચારક સભા' ઉપર પણ આમવર્ગને અવિશ્વાસ પેદા થયો. તરત જ એંશી હજાર માણસ સભાના મકાન પર તુટી પડયાં. વિચારક સભાના સભ્યો તો ગભરાયા. હવે તેમનું રક્ષણ કોણ કરે? ક્રોધથી બળી રહેલા એ એંશી હજાર ગામડીઆઓને કોણ રોકે? સેનાપતિ પણ ગભરાયો. તે વખતે એક જુવાન માણસે તેમનું રક્ષણ કરવાનું બીડું ઝડપ્યું. બધા સભ્યો એકબીજાને પુછવા લાગ્યા કે આપણો તારણહાર આ જુવાન કોણ છે?

પોતાનાં મુઠીભર માણસ લઇને એ એંશી હજારના દળને ખાળનાર તે જુવાનનું નામ નેપોલીઅન બોનાપાર્ટ હતું.

§

ફ્રાન્સની પાસે આવેલા કોર્સિકા નામે બેટમાં, ઇ. સ. ૧૭૬૯ના ઑગસ્ટની પંદરમી તારીખે, નેપોલીઅન બોનાપાર્ટ જન્મ્યો હતો. તેના પિતાનું નામ ચાર્લ્સ અને માતાનું નામ લૅટિશીઆ મોલિની. નેપોલીઅનના જન્મ પહેલાં, તેની માને પોતાના પતિ સાથે થોડા માસ રણભૂમિમા ફરવું પડ્યું હતું. નેપોલીઅનના જન્મ વખતે તેની માતાએ જે વસ્ત્રો પહેર્યાં હતાં તે વસ્ત્રો પર ગ્રીસના મહાન યોદ્ધાઓનાં ચિત્રો છાપેલાં હતાં. નેપોલીઅનને જન્મીને તરત જ સાંભળવા માટે તોપના અવાજ હતા, અને જોવા માટે ગ્રીસના યોદ્ધાઓ હતા! આની અસર એના આખા જીવન ઉપર થઇ.

બાળપણથી જ નેપોલીઅન વિચારમાં લીન રહેતો. નાનપણથી જ તે આગ્રહી ને નિર્ભય હતો. શાળામાં બધા વિષયોમાં તે પારંગત હતો. એ વખતે એણે જે એક સદ્‌ગુણ કેળવ્યો તે એના આખા જીવનની ચાવી રૂપ બની રહ્યો. તેના વર્ગમાં એક વખત શિક્ષકે ગણિતનો અઘરો કોયડો આપ્યો. તેનો ઉત્તર મેળવવા માટે નેપોલીઅન લાગલાગટ બોંતેર કલાક સુધી પોતાના ઓરડામાં વિચાર કરતો બેઠો રહ્યો! શરીર અને મનને તેણે એવાં તો કસીને તૈયાર કર્યાં હતાં કે મોટો થતાં તે ધારેલે વખતે ધારેલું કામ પાર પાડતો જ.

શીઆળામાં જ્યારે બધે બરફ પડે ત્યારે પણ નેપોલીઅન આળસુ રહેવાનો નહિ. બરફના કીલ્લા રચીને બરફના ગોળાથી તે કૃત્રિમ યુદ્ધ કરતો. એક વખત એક છોકરાએ આ કૃત્રિમ યુદ્ધમાં સેનાપતિ નેપોલીઅનનો હુકમ માન્યો નહિ. નેપોલીઅને બરફના ગોળાથી તેને એવો તો ઘા માર્યો કે તેનો ડાઘ જીંદગીભર એ છોકરાના શરીર ઉપરથી ગયો જ નહિ! પાછળથી, જ્યારે નેપોલીઅન ફ્રાન્સનો સમ્રાટ્ થયો ત્યારે આ છોકરો વખાનો માર્યો તેની મદદ માટે આવ્યો. નેપોલીઅનને તેણે પેલો કપાળનો ડાઘ બતાવી, બાળપણાના દિવસો સંભારી આપ્યા. એ જોઇને નેપોલીઅન હસી પડયો ને એને મદદ કરી.

એક માણસ પોતાની મરજી પ્રમાણે રાજ ચલાવે તેની વિરૂદ્ધ નેપોલીઅન નાનપણથી જ હતો. તેણે એ વીશે એક નિબંધ પણ લખ્યો હતો. એક વખત તે કાંઇક રજા હોવાથી માર્સેલ્સ ગયો હતો. ત્યાં એક સાંજે, જુવાન માણસો અને સ્ત્રીઓને સારાં સારાં લુગડાં પહેરી નાચતાં જોઇને તેને બહુ આશ્ચર્ય થયું.

કોઇએ તેને આમંત્રણ આપ્યું કે તમે પણ નાચવા ચાલો ને? નેપોલીઅને જવાબ આપ્યો કે 'વિલાસ એ કાંઇ માણસાઇની નીશાની નથી.'

કોર્સિકાના એક વયોવૃદ્ધ સરદારે એક વખત નેપોલીઅનને જોઇને કહ્યું હતું કે તું આ જમાનાનો માણસ નથી. પ્રાચીન ગ્રીસ અને રોમના વખતમાં જે જબરા મનુષ્યો થઇ ગયા તેમના જેવો તું છે!* એક વખત ઇતિહાસની પરીક્ષાના જવાબો લખતાં, જુના વખતમાં થઇ ગએલાં સામ્રાજ્યોના અભ્યુદય અને પતનની સમાલોચના એવી અચ્છી રીતે કરી હતી કે તેના પ્રોફેસરે નોંધમાં લખ્યું કે 'આ છોકરો જગતમાં અચુક નામના કાઢશે.'

જે મહાપુરુષે આગળ જતાં દુનીઆભરને પોતાના વ્યક્તિત્વથી છક કરી નાખી, તે બાળપણથી જ આવો સંયમી, સદાગ્રહી ને અભ્યાસી હતો.

૬

નેપોલીઅનની ઉમર સોળ વર્ષની થઇ ત્યાં તેનો પિતા મરણ પામ્યો. એ વર્ષમાં તેણે સૈન્યમાં નોકરી લીધી અને ધીમે ધીમે નામના મેળવી. ત્યારપછી તો ફ્રાન્સમાં ભયંકર ફેરફાર થયો, રાજસત્તાને બદલે પ્રજાકીય સત્તા ફેલાઇ ગઇ, ને એક 'વિચારક સભા' નીમાઇ તેના હાથમાં દેશનો કારભાર સોંપાયો. આ 'વિચારક સભા' ઉપર પણ અઝડ લોકોએ હુમલો કર્યો, ને એ અણીની વેળાએ પોતાનાં થોડાં માણસો લઇ, નેપોલીઅને તેનો બચાવ કર્યો.

પરંતુ યુરોપના રાજાઓ પોતપોતાનાં સૈન્ય લઇને આ વિચારક સભાનો નાશ કરવા દોડયા આવતા હતા. તેમાં અંગ્રેજો અને ઑસ્ટ્રીઅનો મુખ્ય હતા. અંગ્રેજોએ ભૂમધ્ય સમુદ્રમાં આવેલું ટુલોન નામનું ફ્રાન્સનું મજબુત બંદર કબજે કર્યું હતું. ત્રણ માસ થયાં ચાલીસ હજાર ફ્રેન્ચો ત્યાં ઘેરો નાખીને પડયા હતા, પણ અંગ્રેજ સૈન્યે મચક આપી નહોતી. આખરે વિચારક સભાએ, ચોવીસ વર્ષના નેપોલીઅનને સરદારી આપી ત્યાં મોકલ્યો. નેપોલીઅને જઇને તરત લડાઇનો રંગ ફેરવી નાખ્યો અને શત્રુઓની ગોળીઓના વરસાદમાં ઉભા રહીને તેણે કીલ્લા પર તોપો ગોઠવી દીધી.

એક વખત તેનો એક તોપચી શત્રુની ગોળીથી વીંધાઈ ગયો. જે લોખંડના ગજથી તે તોપમાં દારૂ ધરબતો હતો તે ગજ લોહીથી ખરડાઈ ગયો, ને તોપચી નીચે ઢળી પડયો. ઉપરથી ગોળીઓ સણસણાટ કરતી વરસતી હતી. તે વખતે એક જુવાને આવીને, જાણે કાંઇ બન્યું જ ન હોય તેમ, શાંતિથી પેલો ગજ લઇ તોપમાં દારૂ ધરબવાનું શરૂ કર્યું! આ જુવાન બીજો કોઇ જ નહિ, પણ સેનાપતિ નેપોલીઅન પોતે જ હતો!

ત્યાર પછી થોડા જ વખતમાં નેપોલીઅને અસાધારણ પરાક્રમ દાખવીને આખા યુરોપને આશ્ચર્યચકિત કરી નાખ્યું. તેણે ઇટાલી પર ચડાઇ કરીને વિજય મેળવ્યો, ને સ્પેઇન તથા અંગ્રેજોના એકત્ર સૈન્યને હરાવી માર્યું. પણ હજી ફ્રાન્સમાં પુષ્કળ અંધાધુંધી ચાલુ હતી. એને પરિણામે નેપોલીઅનને પોતાના હોદ્દાનું રાજીનામું આપવું પડયું. તે પાછો કંગાળ ને દુઃખી બની ગયો. માર્સેલ્સમાં એની માને માટે મોકલવા પુરતા પૈસા પણ એની પાસે ન રહ્યા એવી સ્થિતિ આવી ગઇ. તેના ગજવામાં માત્ર એક સીક્કો બાકી રહ્યો હતો. આથી કંટાળી, નિરાશ થઇ એક દિવસ તે આપઘાત કરવા માટે સીન નદી પર ફર્યા કરતો હતો. અચાનક તેની સાથે કોઇ ભીખારી જેવો માણસ અથડાઈ પડયો, ને નેપોલીઅનના આપઘાતના વિચાર સરી ગયા. આ ભીખારી જેવો દેખાતો માણસ, તેની સાથેનો કોઇ જુનો સૈનિક જ નીકળ્યો. તેણે નેપોલીઅનના રંગઢંગ જોઇ, એકદમ છ હજાર સોનાના સીક્કા આપ્યા! ... અને પછી તે કદિ એ

ચીતરવાનું સહેલ છે

એ વાતની વધુ ખાતરી તો આવતા અંકમાં, મોટાં ચિત્રો કેમ ઉઠાવવાં તે વાંચશો ત્યારે થશે. પણ તે દરમ્યાન ગયા વર્ષના પાઠ પાકા કરી રાખજો.

*આ સંબંધમાં હમણાં જ કોઇએ શોધ કરીને જાહેર કર્યું હતું કે નેપોલીઅનના વડવા મુળ ગ્રીસમાંથી જ આવેલાઃ જેમ શીવાજીના મેવાડમાંથી આવેલા તેમ.

પૈસા પાછા લેવા આવ્યો જ નહિ ! પાછળથી ઘણે વર્ષે જ્યારે નેપોલીઅન સમ્રાટ્ થયો, ત્યારે તેણે તેની ઘણી શોધ કરી, પણ પત્તો લાગ્યો નહિ. એક દિવસ અચાનક સમ્રાટ્ નેપોલીઅનને તે રસ્તામાં મળી ગયો. અને પછી, તમે શું ધારો છો ? નેપોલીઅન ખુબ હેતથી તેને ભેટી પડ્યો અને ભારે આગ્રહથી તેના હાથમાં સાઠ હજાર સોનાના સીક્કા આપ્યા પછી જ તેને જવા દીધો ! પાછળથી નેપોલીઅને તેને બાદશાહી બગીચાઓનો ઉપરી બનાવ્યો

આ વખતે ફ્રાન્સના પ્રજાસત્તાક રાજતંત્રમાં ઘણા ફેરફાર ને અંધાધુંધી ચાલ્યાં હતાં. ફ્રાન્સ આખું વિલાસમાં ડુબી ગયું હતું. તે વખતે માત્ર નેપોલીઅન બોનાપાર્ટ, પોતાની જાત પર સંયમ રાખી, અખંડ બ્રહ્મચર્ય પાળી સાધના કરી રહ્યો હતો, અને પોતાના કામમાં મશગુલ હતો. આ તપનું ફળ તેને થોડા વખતમાં જ મળ્યું.

ફરી પાછો 'વિચારક સભા' ઉપર હુમલો થયો. પ્રજાકીય નેતાઓ બધા ભેગા મળીને હવે શું કરવું તેનો વિચાર કરતા બેઠા હતા. બબ્બે સેનાપતિ બદલાયા પણ તેમનું કશું જ વળ્યું નહિ. વીફરેલા લોકનાં ધાડાંની સામે જઇ તેને ખાળવાની કોઇનામાં હીંમત નહોતી. એ વખતે સૌની જીભ ઉપર નેપોલીઅનનું નામ આવ્યું ! સભાએ નેપોલીઅનને તેડાવ્યો, તેણે સેનાપતિપદ લીધું, ને બીજે દિવસે સવારમાં તો બળવાખોરોને વીખેરી નાખીને આખા પારીસમાં તેણે શાંતિ ફેલાવી દીધી. હવે નેપોલીઅન ખરેખરો સેનાપતિ બન્યો.

આ અરસામાં નેપોલીઅને જોસેફાઇન નામની એક વિધવા સાથે પુનર્લગ્ન કર્યું. ત્યારપછી ફ્રાન્સની પ્રજાસત્તાક સરકાર કાયમ રાખવા સારૂ નેપોલીઅનને ઇટાલી ને ઑસ્ટ્રિયા સાથે રણક્ષેત્રમાં ઝઝુમવું પડ્યું એક વખત ઑસ્ટ્રીઅન લશ્કર નદીને સામે કાંઠે પડ્યું હતું. વચ્ચે પુલ હતો, ને તે ઓળંગવો મુશ્કેલ હતો. દુશ્મનની ગોળીઓના વરસાદ વચ્ચે ઉભા રહીને નેપોલીઅને પોતાની તોપો ગોઠવી દીધી. પછી લશ્કરને જાહેર કર્યું કે આપણે પુલ ઓળંગવો છે. એ સાંભળીને ભલભલા બહાદુર સૈનિકો પણ થંભી ગયા ! તેમણે કહ્યું 'એવાત અસંભવિત છે!' તે વખતે નેપોલીઅન, તેનું પેલું જગપ્રસિદ્ધ વાક્ય બોલ્યો, ' અસંભવિત એ શબ્દ ફ્રેંચ ભાષાનો નથી.'

ફ્રેન્ચ લશ્કર પુલ ઓળંગવા માંડ્યું કે તરત ઑસ્ટ્રીઅન સૈન્યે તોપ અને ગોળીઓનો વરસાદ વરસાવી મુક્યો. પહેલી આખી હાર ખતમ થઇ ગઇ ! તેનાં મુર્દાં પર થઇ પાછળના યોદ્ધાઓ આગળ વધ્યા ! તે વખતે તેમને જરા પાછા હઠતા જોઇ, નેપોલીઅને વાવટો ઉપાડનાર પાસેથી વાવટો લઇ લીધો ને લશ્કર તરફ ફરીને બોલ્યો, ' ચાલો, તમારા સેનાપતિની પાછળ !'*

નેપોલીઅનમાં કોણ જાણે એવું શું યે જાદુ હતું, કે તેના હાથ નચેનો દરેક સૈનિક તેને માટે મરવા તૈયાર હતો ! આ યુદ્ધમાં એક વખત, નેપોલીઅનની સામે તોપનો ધગધગતો ગોળો ધસતો આવતો હતો. એ ગોળો પડતાં જ નેપોલીઅનના કુરચેકુરચા ઉડી જાય તેમ હતું. પણ મુરીઓન નામના સરદારે વચ્ચે પડી પોતાની છાતી પર એ ગોળો ઝીલી લીધો !

આ લડાઇએ અનેક રાજાઓનાં નસીબ ફેરવી નાખ્યાં. ઘણાંખરાં રાજ્યોમાં એકદમ પ્રજાકીય તંત્રની ભાવના ફેલાઇ ગઇ. આખું ઇટાલી નેપોલીઅનને શરણે થઇ ગયું, અને થોડા જ વખતમાં ઑસ્ટ્રીઅનોને પણ તેણે છક્કડ ખવડાવી. આવાં દારૂણ યુદ્ધોમાં મચેલો છતાં, નેપોલીઅન લોકકલ્યાણ વિસર્યો નહોતો. આ વખતે પણ ઇટાલીના પ્રખ્યાત ગણિતશાસ્ત્રીઓ, ચિત્રકારો, ને સાહિત્યકારો સાથે તે પત્રવ્યવહાર ચલાવી રહ્યો હતો, તેઓને ફ્રાન્સ આવવા આમંત્રણ કરતો હતો અને ઇટાલીનાં વિદ્યાપીઠોની મુલાકાત લેતો હતો.

---

* નેપોલીઅન પાછળથી જ્યારે સેંટ હેલિનામાં કેદ હતો ત્યારે, તેની પાસે કોઇ આ સંગ્રામની હકીકત વાંચતું હતું. તેમાં નેપોલીઅનનાં પરાક્રમનાં ખુબ વખાણ કરીને લખ્યું હતું કે સૌથી પહેલો પુલ તેણે ઓળંગ્યો હતો. એ સાંભળીને તરત તે બોલ્યો, 'આ લખાણમાં ભુલ છે. સૌથી પહેલો પુલ ઓળંગનાર સરદાર લેની હતો, ને હું તેની પાછળ હતો !' કેટલી સત્યપ્રિયતા ને નિરભિમાનિતા !

નેપોલીઅન માત્ર દેશ જીતનાર ન હતો; જે દેશ જીતે તેનું કલ્યાણ તે સદા નજર આગળ રાખતો, અને તેની સંસ્કૃતિને પોષી તેનો વિકાસ કરવા પ્રયત્ન કરતો. ઇટાલીમાં તેણે મહાકવિ 'વર્જિલ'નું સ્મારક બંધાવ્યું. એ જ વખતે, પારીસથી મીલાન સુધી રસ્તો બંધાવ્યો. જો યુરોપના સત્તાલોભી રાજાઓએ ને અત્યંત લોભી અંગ્રેજ પ્રજાએ તેને ઠરી ઠામ બેસવા દીધો હત, તો નેપોલીઅન યુરોપમાં કદિ ફરી યુદ્ધ જ ન થાય એવી વ્યવસ્થા કરવા માગતો હતો.

પણ નેપોલીઅનની આ ચઢતીથી ઇંગ્લેંડની આપખુદ સત્તા ડરી રહી હતી. તેમને લાગતું હતું કે નેપોલીઅન ગરીબ-તવંગર સૌને સરખાં ગણે છે, માટે તેમની શ્રીમંતાઈ પણ વહેલીમોડી ડગી પડશે! ઇંગ્લેંડની સામાન્ય પ્રજા નેપોલીઅનને ચાહતી, પણ તેના બડેખાંઓ આ કલ્યાણમૂર્તિથી ડરતા રહેતા. એ વખતે અંગ્રેજો હીંદુસ્તાનમાં ખટપટ કરીકરીને ટીપુ, મરાઠા, ને નિઝામને અંદરઅંદર લડાવી રહ્યા હતા! અંગ્રેજોની આ સત્તા દાબવા નેપોલીઅન મીસર જવા ઉપડ્યો. મીસર જતાં જતાં પણ આ વીર પુરુષે મીસરના કલ્યાણની યોજના ઘડી, અને શાસ્ત્રીઓ, ઇતિહાસકારો ને વિજ્ઞાનીઓને સાથે લીધા. શોધખોળ કરવાનાં અનેક સાધનો તેણે સાથે રાખ્યાં, અને આ બધી તૈયારી એવી ચુપકીથી કરી, કે તે ક્યાં જવાનો છે તેની કોઈને ખબર સુદ્ધાં પણ પડી નહિ! જ્યારે મીસરનો કીનારો દેખાયો ત્યારે જ સૌને ખબર પડી કે આપણે મીસર જવાના છીએ!

મીસરના કાંઠા પર ઉતરતાંવેંત નેપોલીઅને પહેલો જ હુકમ એ કાઢ્યો કે 'અહીંના લોકોના ધર્મને માન આપવું, ને સ્ત્રીઓની પવિત્રતા જાળવવી.' અહીં પણ નેપોલીઅને વિજય મેળવ્યો. કેરો શહેર પાસે યુદ્ધ કર્યું ત્યારે તેણે સૈનિકોને સંબોધીને કહ્યું હતું કે, 'યોદ્ધાઓ! આ પીરામીડનાં શિખર ઉપરથી ચાર ચાર હજાર વર્ષની પ્રાચીન પ્રજાઓ તમારાં પરાક્રમો નીહાળતા ઉભી છે!' નેપોલીઅન કેરોમાં પેઠો કે તરત જ લોકકલ્યાણના કામમાં પડી ગયો. વિદ્વાનોને ભેગા કરી, પવનચક્કી ને જળચક્કીની કરામત શોધવાનું કહ્યું: કેટલાકને દ્રાક્ષના વાવેતર માટેની અનુકુળ જમીનની તપાસમાં રોક્યા: કેરો શહેરને પાણી પુરૂં પાડવાની યોજના ઘડી કાઢી: ફ્રેન્ચ ને અરબ્બી ભાષાનું સાહિત્ય પ્રકટ કરવા છાપખાનું કાઢ્યું: ભૂમધ્ય સમુદ્ર ને રાતો સમુદ્ર જોડવાની યોજના તૈયાર કરી: આખા મીસરમાં જાણે, નવો પ્રાણ પથરાઇ ગયો, ને પ્રજા જાણે ફરી જ ગઇ હોય એમ લાગ્યું. મીસરવાસીઓ નેપોલીઅનને પયગમ્બરનો સુપાત્ર પુત્ર કહેવા લાગ્યા!

> **તમે સૌ તો યુવાનો છો. તમે જેટલો નિશ્ચય કરશો તેટલું કરવાની શ્રદ્ધા ને હિંમત બંને તમારામાં છે. —ગાંધીજી**

એટલામાં અંગ્રેજ સેનાપતિ નેલ્સને નેપોલીઅનનાં વહાણોનો નાઇલ નદીના યુદ્ધમાં નાશ કર્યો. નેપોલીઅન મીસરમાં ઘેરાઇ ગયો! તેની બધી આશાઓ ધુળમાં મળે તેવા ભયંકર પરાજયના સમાચાર આવ્યા. તે નિરાશાની ઘડીએ પણ તે આશાભર્યું વાક્ય બોલ્યો, 'ચાલો આપણે મીસર દેશને મહાન પ્રજા બનાવશું! આપણને એક મહત્ત્વનું કામ મળ્યું!' પરંતુ તે દરમ્યાન તેને ખબર પડી કે ફ્રાન્સમાં ફરી અંધાધુંધી પ્રવર્તી રહી છે, એટલે, તે ગુપચુપ તાબડતોબ ફ્રાન્સ જવા નીકળ્યો.

આ વખતે તેણે જે મનોબળ બતાવ્યું તે ખરેખર જ અદ્‌ભુત હતું. નેપોલીઅન મીસરમાંથી નીકળીને ફ્રાન્સમાં પહોંચી ન જાય એટલા માટે, ભૂમધ્ય સમુદ્રમાં ઇંગ્લેંડનાં, રશીઆનાં, ને તુર્કસ્તાનનાં હજારો વહાણ રાતદિન ચોકી ભરતાં હતાં. નૌકાધિપતિએ નેપોલીઅનને કહ્યું કે ટૂંકામાં ટૂંકે (ભૂમધ્ય સમુદ્રને) રસ્તે વહાણો હંકારવાં એ ઠીક છે. નેપોલીઅને તરત જ જવાબ વાળ્યો, 'નહિ; અત્યારે લાંબામાં લાંબે રસ્તે—આફ્રીકાને કીનારે કીનારે જ વહાણ હંકારો.' આ એક જ ઘડીમાં કરેલા નિશ્ચયથી જ તે ફ્રાન્સમાં સહીસલામત પહોંચ્યો.

[આગળ પાને ૭૮ મે ચાલુ]



૧

મારવાડના કોઇએક ગામમાં હેમલો નામે જાટ રહેતો હતો. કાળયોગે તેની સ્ત્રી મરી ગઇ. તે વેળા હેમલાને પાર વગરનો શોક ઉભરાઇ આવ્યો અને પોતાની સ્ત્રી પાછળ બળી મરવાને તે તૈયાર થયો. બુદ્ધિના ખજાના હેમલાને લાગ્યું કે જો સ્ત્રીઓ પતિ પાછળ સતી થાય છે તો પતિઓએ પોતાની સ્ત્રી પાછળ 'સતા' કેમ ન થવું? સગાંવહાલાંને સમજાવ્યો એ સમજ્યો નહિ. તેણે તો રઢ જ લીધી કે સ્ત્રીનું માથું ખોળામાં લઇ પોતે ચિતાપ્રવેશ કરી સતો થશે.

ડાઘુનું ટોળું તેની સ્ત્રીનું શબ લઇ બાળવા ચાલ્યું કે સાથોસાથ હેમલો પણ કપાળમાં પીઅળ કાઢી, વાળ છુટા મુકી, આંખ લાલ કરી 'જે અંબે, જે અંબે' કરતો આગળ થયો. સ્મશાનમાં ચિતા ખડકી લોકોએ તેની સ્ત્રીનું શબ તે પર ગોઠવ્યું કે તરત હેમલો શુરથી 'જે અંબે'ના અવાજો વચ્ચે તેના ઉપર ચડી ગયો, પોતાની સ્ત્રીનું માથું ખોળામાં લઇ ગોઠવાઇને બેઠો ને લોકોને આગ મુકવા કહ્યું. ગામલોકે તેને ફરીથી સમજાવ્યો; પણ તેમણે જાણ્યું કે આ નહિ માને એટલે તેઓ ખસી ગયા. ચિતા પ્રગટાવાઈ, ઢોલત્રાંસાંની દાંડીઓ પડવા લાગી, ચોમેરથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા અને જોતજોતામાં ભડભડાટ કરતો અગ્નિ પ્રજળી ઉઠયો.

પણ ધુમાડો નીકળતાં હેમલો મુંઝાયો ને ગુંગળાવા લાગ્યો; અને શરીરે ઝાળ અડતાં જ તેની રાડ ફાટી ગઇ. 'હાય હાય! આ તો ભારે ભુલ થઈ. આ અત્યારથી નથી સહેવાતું, તો જીવ શે જશે?' એકદમ તે ચીસ પાડી ઉઠયો, 'કોઇ કાઢી લો, મને કાઢી લો; મારે સતા નથી થવું.' પણ ઢોલશરણાઇના શોરમાં તેનો અવાજ કોણ સાંભળે? એની ચીસો ક્યાં યે દબાઇને ઉડી ગઇ.

પણ સાંજ પડી ગઇ હતી; અંધારૂં બધે ઘેરી વળતું હતું અને ધુમાડો એટલો હતો કે સામા માણસનું મોં પણ સુઝે એમ નહોતું. હેમલાને છેલ્લો ઉપાય સુઝયો. અંધકાર અને ધુમાડાનો લાભ લઇ, તે જીવ લઇને ચિતામાંથી બહાર કુદી પડયો અને નજીકમાં જ ઘેઘુર ઉભેલા એક પીલુડીના ઝાડમાં ભરાઇ ગયો.

ત્યાં રહ્યો રહ્યો હવે તે બધો તમાશો જોવા લાગ્યો. ચિતા સળગી રહી એટલે લોકોએ ટાઢી ઠારી અને હેમલાના સતાપણાની વાતો કરતા ચાલી નીકળ્યા:

પહેલો: બીચારો હેમલો હતો ન હતો થઇ ગયો.

બીજો: લે, પણ બાઇડી પાછળ બળી મુઓ!

ત્રીજો: કળજુગ વરતે છે તોય આટલો ધરમ રહ્યો છે એ કહો ને!

ચોથો: ભાઇ, નહિ તો દુનીઆ ચાલે કેમ?

પાંચમો: પણ હવે સતા થવાનો ચાલ પડશે. મારી દીધા.

પહેલો: આપણે તો હવે પરણવું જ નથી ને.

ત્રીજો: સતજુગની સતીઓએ આ કળજુગમાં વેર લેવા માંડયું.

પાંચમો: તો કર્યાં કરમ ભોગવવાં, બીજું શું?

આ બાજુ હેમલે વિચાર કર્યો કે લોકોએ તો મને મુઓ જ માની લીધો છે; એટલે હવે જો ગામમાં જાઉં તો મશ્કરી જ થવાની. એટલે આબરૂ જાળવવા કહો કે શરમનો માર્યો કહો, તે પીલુડીના ઝાડમાં જ ભરાઇ રહ્યો.

પણ બીજે દહાડે ભુખ લાગી ત્યારે એને ચિંતા પેઠી કે પેટને ભાડું કેમ આપવું? બપોરે કેટલાક ભરવાડો પીલુડી પાસે ભાત ખાવા બેઠા; તેમના ગયા પછી આસપાસ તેમના વધેલા રોટલાના કટકા પડ્યા હતા તે વીણી લઇ તે દહાડે તો હેમલે જેમતેમ

ચલાવ્યું. વળી થોડાં પીલુ ખાધાં. પણ એમ કંઈ ભુખ સંતોખાય ?

પરંતુ મહામહેનતે હેમલે ત્યાં ને ત્યાં અગીઆર દહાડા તો વીતાવ્યા, ને તેનું બારમું આવ્યું. તેના દીકરાઓએ માબાપ પાછળ ખુબ ખરચ કરી માલપુડા ને દુધપાકની નાત જમાડી. એની વાત કરતા કરતા વટેમાર્ગુઓ પીલુડી પાસેથી જતા હતા, તે સાંભળીને હેમલો મનમાં ને મનમાં બળી રહ્યો કે ગામ આખું મારે નામે માલપુડાની મોજ ઉડાવે છે, ત્યારે હું અહીં ભુખે મરૂં છું. અને હવે તો મારાથી ગામમાં પણ કેમ જવાય ? મારૂં બારમું પણ થઇ ગયું !' માલપુડાના વિચારથી તેના મોંમાં પાણી છુટતું હતું. છેવટે ખુબ વિચાર કરીકરીને, તેણે મોડી રાતે ગામમાં જઇ પોતાના છોકરાઓ આગળ જાહેર થવાનો નીરધાર કર્યો.

૨

હેમલાના ગામની આસપાસનાં ત્રણચાર ગામ વચ્ચે એક જ હજામ હતો. તે બધાં ગામમાં ફરતો અને પોતાનાં ઘરાક સાચવતો. હેમલો પણ તેનો ઘરાક હતો, એટલે આજે તેને ઘેરથી જમણ લેવા પોતાની સ્ત્રીને તેડીને બહારગામથી આવ્યો હતો. મોડી રાત્રે માલપુડાનું પોટકું સ્ત્રીને માથે મુકાવી અને દુધપાકનું બોઘરણું પોતે ઉપાડી તે પોતાને ગામ જવા નીકળ્યો. તેનો રસ્તો આ પીલુડીના ઝાડ પાસે થઇને જ જતો હતો.

અદકપાંસળીઆ હજામને તુક્કો સુઝ્યો, કે લાવને, જરા બાઇડીની મજાક કરૂં. તે બોલ્યો, ' જો એલી, સાંભળે છે ? હેમલો તેની બાઇડી પાછળ જીવતો બળી મુઓ છે એટલે અવગતે ગયો છે ને ભુત થયો છે. અને સામે આવે છે મસાણ; એટલે હૈયે હીંમત રાખજે.'

બાઇડી કહે, 'તમે ય કેવા છો? આ ટાણે ભુતની વાત કરો છો ! મને તો બીક લાગે છે.' હજામ ખડખડ હસવા લાગ્યો ને બોલ્યો, 'લે ચાલ ચાલ, તું તો ડરપોક દેખું. હું સાથે છું ને તને શેની બીક? લે હું આગળ થાઉં છું. ભુત શું, ભુતના બાપની યે મને બીક નથી.'

આ વાતચીત સાંભળી હેમલો ચીડાયો કે 'ઓય માળો ! એક તો મારા દા'ડાના માલપુડાનું પોટલું બાંધી ઘેર ચાલ્યો, ને પાછો મને જ ભુત ઠરાવે છે! ત્યારે એની તો ખબર લેવા દે.' એમ વિચાર કરી હળવેથી પીલુડીની ઘટામાંથી બહાર નીકળ્યો, અને હજામ પાસે આવ્યો કે બે હાથ પહોળા કરી ' હૂ હૂ હૂ... હું હેમલો ! તને ખાઉં ' કરતોક ને સામો દોડયો.

ઘણા દહાડાની હજામત ચડેલી, વસ્ત્રમાં એક મેલું ટુંકડું પોતીઉં પહેરેલું અને શરીરે ઉંચો પડછંદ જેવો—એવું હેમલાનું રૂપ જોઈ હજામ તો હેબક જ ખાઇ ગયો. હાથ પહોળા કરી સામે આવતી બીહામણી કાયા જોઇ તેના ડોળા ફાટી ગયા. મશ્કરીમાં કહેલું ભુત સાચેસાચ સામે આવતું દેખી તેના હાથ પગ થથરી ગયા ને તેના હાથમાંનું દુધપાકનું બોઘરણું મોટા ધબાકા સાથે નીચે પડ્યું. એ ધબાકો સાંભળી તે મુઠીઓ વાળીને જીવ લઇ નાઠો.

હેમલાને પહેલે જ હૂકારે હજામની બૈરી તો બીચારી ચીસ પાડીને ચત્તીપાટ પડી ગઈ હતી. હજામના નાઠા પછી તેની પાસે જઈ હેમલો જુએ છે તો તેના પ્રાણ નીકળી ગયા હતા ! બાજુમાં માલપુડાનું મોટું પોટકું ફસડાઇ પડયું હતું ને થોડે દૂર બોઘરણામાંથી દુધપાક જમીન પર ઢોળાતો હતો. અત્યારે હેમલાને દયા ખાવાનું સુઝે એમ નહોતું. દસબાર દહાડાની ખોરાકી આમ અચાનક હાથ આવેલી જોઇ, હજામની બૈરીને ત્યાં જ પડતી મુકી તે દુધપાક ને માલપુડા લઇ પીલુડીમાં જઇ ભરાયો, ને સારી પેઠે પેટપૂજા કરી.

આ તરફ હજામે ગામમાં જઇને ધા દીધી કે હેમલો અવગતીઓ થયો છે. તેનું ભુત મારી બાઇડીને ભરખી ગયું ! મસાણની પીલુડી આગળ મેં નજરેનજર હેમલાનું ભુત જોયું! તેની આવી વાત સાંભળી ગામના કેટલાક છાતીવાળા જુવાન હસી પડયા, ને દીવાબત્તી તથા લાકડીઓ લઈ પીલુડી આગળ આવ્યા. જુએ છે તો ડોળા ફાટી ગએલી હજામની સ્ત્રીની લાશ ચત્તીપાટ પડેલી હતી! આ જોઇ સૌનાં હાજાં ગગડી ગયાં ! કેટલાકને તો એ મડદું જમીન સાથે

ચોંટી ગએલું લાગ્યું ! તેને અડતાં પણ સૌને ડર લાગ્યો. એટલે એને ત્યાં એમ ને એમ રહેવા દઇ, આવ્યા એવા સૌ પાછા ગયા. સવારે સઘળે વાત ફેલાઇ ગઇ કે હેમલો મોટો ભુત થયો છે ને પીલુડીના ઝાડમાં રહ્યો છે. હવે તે કોની મગદુર હોય કે પીલુડી આગળથી નીકળી શકે? લોકોની હમેશની હાલચાલની એ પગવાટ જ બંધ થઇ ગઇ. પેલા ભરવાડોએ પણ ત્યાં રોટલા ખાવાનું ને બકરાં ચરાવવાનું બંધ કર્યું.

૩

બીજા આઠ દહાડા લગી માલપુડા ચાલ્યા ત્યાં સુધી તો હેમલાને કશી પીડા પડી નહિ. પણ પછી પાછા ખાવાના વાખા પડવા લાગ્યા. ધીરેધીરે તેને વિચાર આવવા લાગ્યા કે 'જીવતો છતાં હું ભુત ગણાયો. આ દુ:ખ કોને જઇ કહેવુ? કોઇ પાસે જ ઢુકતું નથી; સૌકોઇ બીતાં રહે છે. અને હવે તો ખાવાપીવાના વાંધા પડશે. રે ભગવાન! હવે હું પાછો કેમ માણસમાં જઇ રહું ને માણસ બનું?'

એક દહાડો બપોરે બાર વાગે આવા વિચાર કરતો હેમલો બેઠો હતો, ત્યાં થોડે દૂર કેટલીક કણબણોને ભાત લઇ જતી તેણે જોઇ. તેમની પાસે જઇ બધી વાત સમજાવી ખાવાનું માગવાનો તેણે વિચાર કર્યો અને બહાર નીકળ્યો. પણ ખરે બપોરે બાર વાગે, પીલુડીના ઘેરા ઝાડમાં લાંબો ભુત જેવો હેમલો ઓછો ભયંકર નહોતો લાગતો! કણબણોએ તો એને આઘેથી જોતાંવેંત જ ચીસ પાડી કે 'હેમલો ભુત!' માથાપરનાં ભાત પડતાં મુકી તેમણે તો નાસવા જ માંડયું. પોતે ધારતો હતો તેથી ઉલટું જ થએલું જોઇ હેમલો પસ્તાયો; પણ ખાવાનું પડેલું જોઇ તેણે જરા સંતોષ માન્યો. આમ બેત્રણ દહાડા સુધી ખરી વાત જાહેર કરવા તે બહાર નીકળ્યો, ને ઘણા લાગ શોધ્યા, પણ જે કોઇ તેને જુએ તે 'હેમલો ભુત!' કરતો દૂરથી જ બુમ પાડી નાસવા માંડે એટલે તે પોતાનો ખુલાસો કરી શક્યો નહિ.

આમ કરતાં કરતાં એક વાર બપોરે તેણે પોતાના ગામના પટેલના દીકરાને નજીકના ઝાડ નીચે ઉભેલો જોયો. તે સમજુ ને હીંમતવાન હોવાથી પોતાની વાત સાંભળશે, અને આ પ્રેતયોનિમાંથી છુટકારો થશે એમ ધારી, તે ચમકે નહિ એવી રીતે, હેમલો છાનોમાનો પીલુડીમાંથી બહાર નીકળી તેની પાછળ જઇને ધીમેથી તેના બે પગ પાછળથી પકડી



પગમાં પડવા ગયો, કે પટેલના દીકરાએ પાછળ જોયું. જોતાં જ 'ઓ બાપ રે! હેમલે ખાધો!' એમ બુમ પાડી ઉછળીને ઉંધો પડ્યો. દૂર કેટલાંક માણસો હતાં તેમણે પણ આ બનાવ જોઇ વગરવિચારે હેમલાને ભુત માની લીધો અને નાસી ગયા.

ગામમાં ચર્ચાઓ થવા લાગી કે હેમલો બહુ ભયંકર ભુત થયો છે. બીજાં ભુત તો રાતે જ દેખા દે છે, પણ આ તો ધોળે દહાડે માણસને ભરખી ખાય છે ચોરેચૌટે જ્યાં જુઓ ત્યાં લોકો ટોળે વળી એની જ વાતો કરતાં હોય. કોઇ કહે કે એ તો આકાશે પહોંચે તેવા થાંભલાઘાટનો લાંબો થઇ ગયો છે. ત્યાં બીજો બોલે કે મોટા કોળા જેવડું તો એનું નાક છે. ત્રીજો વળી ટાપસી પુરે કે અરે, એ તો ગમે ત્યાં ઉભો હોય પણ હાથ લંબાવીને શીકાર પકડી પાડે છે. એટલામાં ચોથો ચોક માંડે કે એના

ચારચાર હાથપગના પાંચપાંચ નહોરો વડે એ માણુસને ફાડી ખાય છે !

ધાર્યું હતું કાંઇ ને થઇ ગયું કાંઇ, એ જોઇ હેમલો બહુ દિલગીર થયો. તેના શોચનો પાર ન રહ્યો. પોતાની બધી કારી અફળ જતી જોઇ તેને બહુ લાગી આવ્યું. તેને પોતાની જાત ઉપર દાઝ ચડી; અને પોતાને ભુત તરીકે ઠોકી બેસાડનાર માણુસો ઉપર તિરસ્કાર છુટયો. ચોમેરની નિષ્ફળતા, લોકોની અફવા ને ખુબ વિચારને લીધે તે ધાંધો બની ગયો, અને ધીમેધીમે તેનું હૈયું કઠોર બની ગયું.

ગામમાં પટેલના દીકરાનું બારમું થયું. પીલુડીના જાળામાં બેઠો બેઠો હેમલો આ બધી ધાંધલ જોઇ વિચારવા લાગ્યો કે લોકોએ તેને હવે ભુત જ ઠરાવ્યો છે અને કોઈ રીતે ગામમાં પેસવાનો ઉપાય નથી, તો હવે ખરેખરા ભુત જ બની જવું ને લોકોને બીવડાવીને ખાવાનું લેવું.

જમણવારનો કોલાહલ સાંભળી હેમલાને માલપુડા સાંભરી આવ્યા. તેનું હૈયું હાથ ન રહ્યું અને તે ગામ તરફ જવા નીકળ્યો. પાસે જ મસાણ હતું ત્યાંથી એક દોણી ઉપાડી, તેમાં દેવતા નાખી, હાથમાં એક મોટો વાંસ લઈ મોટી છલંગો ભરતો તે ગામમાં દાખલ થયો. તેના માથાના વાળ વામવામ વધેલા, ને તેમાં વાટો પડેલી: દાઢું પણ જટાજુથ જામેલું; અને હાથમાં આ સાજ લીધેલો; આથી તેનો દેખાવ વધુ ભયાનક બન્યો હતો. 'માણુહ ભુખ્યો, માણુહ ખાઉં—માણુહ ખાઉં' કરતો, ચોમેર ધુમાડા નીકળતી દોણી ફેરવતો ને તેમાંથી અંગારા વેરતો તે આગળ વધ્યો. 'ખાધા, ખાધા' કરતા લોકો, જેને જેમ ફાવ્યું તેમ જીવ લઇને નાઠા. પીરસાએલી પંગતો વચ્ચે ઉભીને હેમલાએ ચોમેર નજર ફેરવી તો બધું સાવ ઉજ્જડ હતું! તે ખડખડાટ હસ્યો. એક પછેડીમાં બન્યા તેટલા માલપુડા બાંધ્યા, ને એક મોટો ઘડો દુધપાક-નો ભરી પોતાને મુકામે ખેંચી ગયો.

બીજે દહાડે ગામમાં કેટલાં યે માણુસો ધુણ્યાં. કેટલાએ ઘેર ડાકલાં બેસાડયા, પણ ભુત નીકળતો નહિ, ને કહેતો કે તમે ગામ ખાલી કરીને જતા રહો, નહિ તો બધાંને એક પછી એક ભરખી જઇશ. લોકોને એટલો ઉંડો ભે પેસી ગયો કે સૌની રે ફાટી ગઇ, ને ધીરેધીરે સૌ ગામ છોડી ગયા.

હવે તો હેમલો દિવસે કે રાત્રે ફાવે ત્યારે બહાર નીકળી શકતો. રાત્રે ગામમાં જઇ ગમે તે ઘરમાં જઇ પડી રહેતો; બપોરે ગામમાં ફરતો, અથવા બહાર તળાવની પાળ પર સુઇ રહેતો. લોકો જતા રહ્યા એટલે તે વધારે જંગલી બની ગયો. અન્ન મળતું અટક્યું એટલે ગમે તે પંખી કે પ્રાણીને પકડી ખાતો અને બધી રીતે માણસને ન છાજે તેમ રહેવા લાગ્યો.

૪

પણ ગામનાં છતાં ઘરબાર છોડી આવો દેશવટો ભોગવવો ગામલોકથી કેમ ખમાય? છેવટે તેમણે બહારગામના એક બહુ જ જાણીતા ઇલમી ફકીરને તેડાવ્યો. તેને ત્યાં દૂરદૂરના કેટલા યે દરદીઓ ભુત કઢાવવા ને તાવીજો કરાવવા જતા. તેણે કંઇક ભુતને કાઢી, સીસામાં પુરી જમીનમાં ઉંડા દટાવ્યા હતા, અને ભલભલા જીન ને ખવીસને પાણી છાંટી નસાડયા હતા એમ કહેવાતું.

થોકબંધ તાવીજો અને માદળીઆં તથા લોબાન અને ધુપદાન લઇ તે લોકો સાથે હેમલાને ગામ આવવા નીકળ્યો. ગામ છેટેથી દેખાવા માંડયું એટલે લોકો થંભી ગયા. તેઓ કહે અમારા કોઇનામાં ત્યાં આવવાની હામ નથી. ફકીર કહે ચિંતા નહિ. તેણે તો હાથમાં તાંબાનાં કડાં પહેર્યાં; એક હાથમાં ધુપનું કુંડું લીધું, ને બીજે હાથે હવામાં ચોમેર કંઇ છાંટવા માંડયું; મોંએથી ઇલમો બોલતો ને હવામાં ફૂંકો મારતો તે આગળ ચાલ્યો. આ જોઇ ગામલોકને આશા પડી.

ગામને પાદર જઇ ફકીર તળાવને કાંઠે બેઠો ને જમીન પર પાણી છાંટી ત્યાં ધુપનું કુંડું મુક્યું. ચારે દિશાએ લીંબુ કાપીને ગોઠવ્યાં. જમીનમાં એક છરી ખોસી અને મોટેથી ઇલમ પઢવા માંડયા. પીલુડીના જાળામાં બેઠોબેઠો હેમલો આ બધો તાલ જોતો હતો. તે મનમાં હસ્યો કે વાહ, આજ તો કોઇ કાબેલ ઇલમી

આવ્યા જણાય છે! પણ ભુત હશે તો નીકળશે ને? તેને પણ આજ પરચો બતાવું કે આ ભુત કેવો છે!'

એમ વિચારી, પાંદડાં છાંટી નાખેલી ઝાડની એક જાડી ડાળી હાથમાં લઇ તે ધીમે રહીને બહાર નીકળ્યો. ઇલમી તો મંત્રોનું જોર વધારી, લોબાનનો ધુમાડો કરી બેઠો હતો, અને ધારતો હતો કે આટઆટલા સખત ઉપાય પછી ભુત ઉભો જ રહેવાનો નથી, એટલામાં તો 'હુકાહુક! હેમલો ભુત! માણહ ભુખ્યો, માણહ ખાઉં' કરી વૈતાળ જેવો લાંબો હેમલો



સાક્ષાત સામે આવી ઉભો. ફકીરબાવાનાં તો એને જોઇ હાંજા જ ગગડી ગયાં. આજ સુધી એણે હજારો ભુત કાઢ્યાં હતાં, પણ આવો જીવતો જાગતો ભુત કદિ જોયો નહોતો. બીકથી તેમણે આંખો બંધ કરી દીધી.

ક્રર બનેલા હેમલાએ એક વિકટ હાસ્ય કરી તેની દાઢી પકડીને જોરથી એક તમાચો ચોડી દીધો. બીચારા બુઢ્ઢામીઆં વધારે માગે એમ નહોતા. ૭૫ ૮૦ વર્ષનું એમનું સુકલકડી શરીર ઇલમને ટેકે નભતું હતું તેનો ઇલમ આજ ખલાસ થઇ ગયો ને મડદું થઇ જમીન પર ઢળી પડ્યા. હેમલે લાત મારી તેનું ધુપનું કુંડુંબુંડું બધું તળાવમાં ફેંકી દીધું અને પોતાના રહેઠાણ પીલુડીમાં જઈ ભરાઈ ગયો.

દૂરથી ગામલોકોએ .આ બનાવ જોયો કે ઉભી પુંછડીએ સૌ નાઠા. આવા બાહોશ ઇલમીનો પણ કોળીઓ કરી જનાર ભુત માટે હવે કશો જ ઇલાજ રહ્યો નહોતો. હેમલાનું નામ લેનારને તો તે હવે સ્વપ્નામાં દેખાતો! કોઈ ભુલ્યુંચુક્યું તે માર્ગે નીકળતું તો એનો વળગાડ આવતો. મુસાફરો એ રસ્તો છોડી ચક્કર ખાઈ બીજેથી જતા. તળાવમાં પાણીની લહેરો લેવાતી ને કાંઠે લીલુંછમ ઘાસ ઝુકતું, પણ કોઈ ઢોર સરખું યે ત્યાં ફરકતું નહિ. સઘળે ત્રાહિત્રાહિ થઇ રહ્યું.

આમ કરતાં કરતાં ઘણા મહીના વીતી ગયા. એકવાર મુસાફરીએ નીકળેલો કોઇ રજપુત ઠાકોર થોડાં માણસો લઇને ત્યાં આગળથી નીકળ્યો. એને જવાનો માર્ગ હેમલાના ગામ આગળ થઇને હતો. તેનાં માણસોએ તેને અરજ કરી કે એ ગામ આગળથી નીકળવું નહિ. પરંતુ ઠાકોર કોઇ સખત ખોપરીના માણસ હતા. બીક ચીજને તે જાણતા નહોતા. તેમણે તો હઠ જ લીધી કે આપણે એ ગામના તળાવ ઉપર જ પડાવ નાખવો અને ત્યાં જ આરામ લઇ, બપોરા કરી પછી આગળ જવું. માણસો તો આ સાંભળી રૂંડું રૂંડું થઇ ગયા. તેમણે ઘણા યે કાલાવાલા કર્યા અને કરગર્યાં, પણ ઠાકોરે તો પોતાનું ઉંટ આગળ ચલાવ્યું અને તે બધાને પાછળ આવવા ધમકી આપી કહ્યું, 'ખબરદાર, કોઈ પણ નાઠો છે તો. સૌ મારી પાછળ પાછળ ચાલ્યા આવો.' ઠાકોર બહુ કડક મિજાજના હતા. માણસો બીચારા લાચારીથી, જીવવાની આશા છોડી, ઠાકોરની પાછળ ચાલ્યા.

તળાવને કાંઠે સૌએ પડાવ નાખ્યો. એક ઝાડ નીચે ગાદીતકીઓ નખાવી ઠાકોર બેઠા અને બાજુમાં રસોઇ થવા માંડી. રસોઇ થઈ, સૌ જમી પરવાર્યા

ને ઠાકોર જરા વિશ્રાંતિ લેવા બેઠા. હજી સુધી કંઇ બન્યું નહોતું એટલે માણસોને મનમાં કંઇક ધરપત પડી હતી ને સલામત ઘેર પહોંચવા સારૂ બધાએ કંઇકંઇ બાધા આખડીઓ રાખી હતી.

શીકાર માટે બહાર ભટકવા ગએલો હેમલો પાછો આવતો હતો તેણે દૂરથી આ તાલ જોયો. તેણે જોઇ લીધું કે આ માણસો ભારે હીંમતવાળા લાગે છે, અને આજ મામલો જુદો છે. પણ પોતાના બીહામણા રૂપની તેને એટલી બધી ખાતરી થઇ ગઇ હતી કે માણસ-જાતને તો એ લેખામાં જ ગણતો નહોતો. તેણે તો પોતાના રીવાજ મુજબ હુંકારા કરી છલંગો મારી



આગળ વધવા માંડયું. ભુતને સામે ધસતો આવતો જોઇ ઠાકોરનાં માણસોનાં પાણી મરી ગયાં. જીંદગી આખીમાં કદિ ન જોએલો એવો બનાવ નજરોનજર જોઇ તેમનાં અંગેઅંગમાં ધ્રુજારી છુટવા લાગી.

નજીક આવેલો હેમલો જોરથી હુકારો કરી મોટી છલંગ મારી તળાવ પર કુદી આવ્યો. બધાં માણસો 'ઓ બાધા બાપજી!' કરતાં ચીસ પાડી ઠાકોરની પાછળ ઝાડને ઓથેભરાયા. પણ ઠાકોર ભારે છાતીધડા હતા. જરા પણ ગભરાયા વિના તેમણે પાસે પડેલી પોતાની જોટાળી બંદુક ઉપાડી હેમલા તરફ તાકી, અને તે નજીક આવ્યો કે હીંમતથી પડકાર કર્યો, 'ખબરદાર! ત્યાં જ ઉભો રહે, નહિ તો મુઓ સમજજે!'

હેમલો પામી ગયો કે આજ કોઇ માથાનો મળ્યો. બંદુક જોઇને તો એ રંકોગાર બની ગયો, અને ધીમે ધીમે પાસે આવી દસેક હાથ જેટલે દૂર ઠાકોર આગળ હાથ જોડી બેસી ગયો ને બોલ્યો, 'બાપજી, મારશો મા; તમારી ગાય છું.'

ઠાકોરે વિચાર કર્યો કે આ ભુતના રંગઢંગ નહિ. એટલે તેમણે જરા દમ દઇને પુછ્યું, 'બોલ, કોણ છો?'

'બાપજી, માણસ છું,—ગરીબ છું.'

'ત્યારે લોકો ભુત કહે છે એ કોણ? તું જ ને?'

'હા બાપજી, હું જ એ હેમલો.'

'હરામખોર, ત્યારે આમ ભુત બની લોકોને નકામો ત્રાસ શાનો આપી રહ્યો છે?'

'બાપજી, હું શું કરૂં? લોકોએ ખાલી બી બીને મને ભુત માની લીધો છે. મારૂં કોઈ સાંભળતું નથી. આપ દયા કરી મારો ઉદ્ધાર કરો.'

ઠાકોરે ખાતરી કરી લીધી કે તેની પાસે નુકસાન કરે એવું કાંઇ નથી એટલે તેને પાસે બોલાવ્યો. હેમલો નજીક આવ્યો, પણ તેની ભયાનકતા કાંઇ ઓછી નહોતી. ઠાકોરે પુછ્યું, 'બોલ, તારે શું જોઇએ છે?' હેમલે ખાલી પેટ બતાવી કહ્યું, 'બાપજી, આજ ત્રણત્રણ દહાડાથી કાંઇ ખોરાક નથી મળ્યો. ભુખ્યો ડાંસ છું. મને ખવડાવો પછી મારી વીતક માંડીને કહું.'

ઠાકોરે તેને પાસે બેસાડીને પેટ ભરી જમાડયો

અને પછી તેની બધી હકીકત સાંભળી. એ સાંભળીને તેમને દયા આવી અને લોકોની ખોટી બીક ભાંગી તેમનું તથા હેમલાનું કલ્યાણ કરવા ઠાકોરે હેમલાને માણસમાં લાવવાનો નિશ્ચય કર્યો.

પડાવ ઉપાડી તેમણે હેમલાને સાથે લીધો, અને પાસેના જે ગામમાં હેમલાના ગામનાં માણસો જઇ વસ્યાં હતાં ત્યાં જઇ ચોરામાં સૌ ગામલોકને ભેગા કર્યા. પછી તે પોતાના ઉંટ પરથી હેમલાનો હાથ પકડી ચોરામાં લઈ આવ્યા, અને ગામલોક આગળ તેને ઓળખાવ્યો. હેમલા ભુતને સાક્ષાત આવેલો દેખી તથા તેનું વિકરાળ રૂપ જોઇ લોકોનાં હૈયાં તો ફફડતાં હતાં! પણ ઠાકોરે તેનું કાંડું પકડેલું જોઈ તથા હેમલાને બકરી જેવો બનેલો જોઇ તેમને કંઇક હામ આવી, અને તેમણે હેમલાને બધી વિગતોના ખુલાસા પુછ્યા. હેમલાએ પોતાની હકીકત અથેતિ કહી સંભળાવી, ને પોતાનાં સગાંવહાલાં તથા ઇષ્ટમિત્ર સૌને ઓળખ્યાં.

આટલી બધી ખાતરી થવા છતાં પણ રાત્રે કોઈ હેમલાને પોતાને ઘેર લઈ જવા તૈયાર નહોતું. તેથી ઠાકોર પોતાના બધા રસાલા સાથે હેમલાને લઇ રાતની રાત ચોરે જ પડી રહ્યા. સવારે હજામને બોલાવી હેમલાની હજામત કરાવી અને નવડાવી ધોવડાવી કપડાં પહેરાવ્યાં. હવે લોકોની પુરી ખાતરી થઈ. સૌએ તેને બરોબર ઓળખ્યો અને બધાંને ધરપત વળી.

પેલા હજામે પુછ્યું, 'હેં હેમલાભાઈ, ત્યારે તમે સતા નો'તા થયા?'

હેમલે કહ્યું. 'ના રે ભાઇ, હું તો જેવો ને તેવો જીવતોજાગતો હતો.'

'ત્યારે ભાઇસાબ, નાહકની મારી બાકડીને ભરખી લીધી ને?'

હેમલે હસીને કહ્યું, 'બેવકુફ, તેં જ પહેલાં શેખીમાં મજાક કરવા મને ભુત કરાવ્યો, તેનું ફળ તને મળ્યું.'

આજ પણ બુઢ્ઢો હેમલો ઓટલે બેસી છોકરાંનાં છોકરાં રમાડે છે, ને જુની વાતો તાજી કરી, બાળકોને પોતે કેવો ભુત બન્યો હતો તેની કહાણી કહે છે.

[મુનશી અજમેરીજી પાસેથી સાંભળેલી હિન્દી વાત ઉપરથી]

મોટા થઈને શું કરશો?

નીશાળમાં ભણતા વિદ્યાર્થીઓ ભણીભણીને મૅટ્રિક પાસ થાય છે ત્યારે તેમનામાં કશી જ આવડત કે કોઈ કામની માહીતી નથી હોતી. બહુબહુ તો તેઓ સાધારણ હીસાબ ને અંગ્રેજી કે ગુજરાતી પુસ્તકો ઠીકઠીક વાંચી શકે છે. ઘણા તો એટલું યે નથી જાણતા હોતા. આટલી કેળવણી પર જીંદગીનો નિર્વાહ કરવો આ જમાનામાં કઠણ પડે.

કોઈ બહુ ખંતીલા હોય તે, અથવા પૈસાદારના છોકરાઓ વળી કૉલેજમાં ગ્રૅજ્યુએટ થવા સારૂ જાય છે. પણ બધા ગ્રૅજ્યુએટો થાય તેથી કાંઇ દેશનું દળદર ન ફીટે. તમારા જ ગામમાં જરા નજર કરશો તો કંઇ બધા જ ગ્રૅજ્યુએટો નજરે નહિ પડે. વેપારીઓ, કારીગરો, દરજી, કડીઆ, લુહાર, સુતાર, સોની, વીજળીક કામના કે યંત્રકામના ઇજનેરો, મીસ્રીઓ, સલાટો, રંગારાઓ, છાપખાનાવાળા, ધાતુ ગાળનારા, બાંધોતુટઓ સામાન સાજો કરનારાઓ વગેરે લોકો જ શહેરનો રોજનો વહેવાર ખરેખરો સાચવે છે અને કમાણી કરે છે.

ગ્રૅજ્યુએટને કમાણી કરવી હોય તો ક્યાંક નોકરી જ શોધવી પડે. પણ ધંધો કે કામગીરી શીખેલો માણસ થોડો સામાન લઇ લોકોનું કામ કરી આપી સ્વતંત્રપણે રળતો થઇ જાય. અને તેમાં તેની જાતની હોશીઆરી, ચતુરાઇ, ઉજળું ચારિત્ર્ય અને મીઠી જીભ હોય તો તેની આવકનો હીસાબ ન રહે. વળી કંઇક નવું યંત્ર, સાધન કે નુસખો શોધી કાઢે તો તેનું નસીબ વધુ જોર કરે.

આવી રીતે તમે આજના વિદ્યાર્થીઓ મોટા થઇને કુશળ કારીગરો કે ધંધાદારીઓ બનવાની ઉમેદ રાખતા હો તો તેની તૈયારી માટે તમારે દૂર જવું પડે તેમ નથી. ખુદ ગુજરાતની વચ્ચે જ વડોદરામાં 'કલાભવન' નામની સંસ્થા આ જ હેતુથી સ્થપાઈ છે. ત્યાં વીજળીક કામ, યંત્રકામ, મીસ્રીકામ, ચિત્રકામ, મકાનના નકશા કરવાનું કામ, ફોટોગ્રાફી, ચિત્રોના બ્લૉક બનાવવાનું કામ, ધાતુકામ, રંગાટકામ વગેરે ઘણાં પદ્ધતિસર અને આ જમાનાનું પુરૂં શાસ્ત્ર જાણનારા પ્રોફેસરો શીખવે છે. બહારગામના વિદ્યાર્થીઓને રહેવાની સગવડ માટે ત્યાં બોર્ડિંગ પણ છે.


તમારામાંના કોઇને મૅટ્રિક થયા પછી આવો કોઈ એકાદ ધંધો શીખવાનું મન હોય તો 'કલાભવનના પ્રિન્સિપાલ' ઉપર વડોદરે એક પત્ર લખી સર્વ હકીકતવાળું સુચીપત્ર મંગાવી લો. તમે વિદ્વાન થવાના હો તો બેલાશક થજો, પણ કારીગર થવું હલકું ન માનતા.



કુમાઉં પ્રાંત અને નેપાળની સરહદ બાંધનારી સરયૂ (કાલી) નદીની પૂર્વે આવેલી બરફની શ્રેણીઓમાં આશરે સાઠ માઇલ પર, નેપાળમાં, હિમાલયનું 'નંદાદેવી' નામનું અતિ સુંદર શિખર આવેલું છે. તેની અડોઅડ 'નંદાકોટા' નામનું બીજું શિખર છે. નંદાદેવીના શિખર પર કશું મંદિર કે જાત્રાનું કોઇ ધામ નથી; પરંતુ સૂર્યનાં કિરણોમાં સુવર્ણમંદિરની પેઠે ઝળકતા, એના સદા બરફાચ્છાદિત રહેતા શિખરના સૌન્દર્યને લીધે એ ઘણું પ્રખ્યાત થયું છે.

'હિમાલયને ઘેર શિખરોનું દારિદ્રય નથી, છતાં નંદાદેવીનું સૌન્દર્ય એટલું ખચું છે કે હિમાલય પણ તેને માટે મગરૂર હોય એમ લાગે છે. અને તેથીજ, જાણે એ શિખરની પ્રતિષ્ઠા જાળવવા કોઇ અનુચર ઉભો હોય તેમ, નંદાકોટાનું શિખર એની પાસે જ ઉભેલું છે.' યાત્રાળુઓ એ નંદાદેવી અને નંદાકોટાનાં એ જોડાયાં શિખરોને પ્રેમપૂર્વક બે બ્હેનોની ઉપમા આપે છે.

ફીનીક્ષ પ્રી. વર્કસ.



કિરીટ ✻ ✻

ક્રોધથી ગાંડો ને વિકરાળ બનેલો કિરીટ ધુંધવાટા નાખતો તે આખલા તરફ ધસ્યો, ને તેની ગરદન આસપાસ સુંઢનો ભરડો લઇ તેને ઊંચે હવામાં ઉછાળ્યો. ...[પાનું ૬૧–૬૨]





કિરીટ

લેખક:
શ્રી ધનગોપાલ
ચિત્રકાર: રવિશંકર પંડિત

[હાલ અમેરિકામાં વસતા, આ લાંબી વાર્તાના યુવાન લેખક, શ્રી ધનગોપાલ મુકરજી નાનપણમાં પોતાનાં માબાપ સાથે ઉત્તર હીંદુસ્તાનનાં ગામડાં ને જંગલોમાં ફરતા, તે વેળા પોતાના પાળેલા હાથી અને વાંદરા સાથે તેમણે ખેડેલાં સાહસો ને સફરોના ખરા બનેલા અદ્‌ભુત કીસ્સાઓનું આ સુંદર વર્ણન છે. નવ વર્ષની ઉમરે ધનગોપાલને પાંચ માસનું એક હાથીનું બચ્ચું સોંપવામાં આવ્યું. તેનું નામ કિરીટ. એ કિરીટને પોતે ઉછેરીને કેવી રીતે કેળવ્યો, અને કિરીટ, જનાવર હોવા છતાં કેટલો અક્કલમંદ અને વફાદાર દોસ્ત નીવડ્યો તેના કીસ્સાઓથી આ વાર્તા શરૂ થાય છે. ત્યારબાદ, કુતરાં, વાંદરાં, વગેરે સાથે કિરીટને હેળવવા માટે કરેલાં મથામણ, અને જંગલમાં રાત્રે કિરીટ પર બેસીને કરેલી મુસાફરીઓ વખતે રીંછ, સાપ તથા બીજાં અનેક જંગલી પ્રાણીઓના થએલા અનુભવોનું સરસ વર્ણન આવે છે.

તે પછી, પોતાના કપિ નામના પાળેલા વાંદરા અને કિરીટને સાથે લઇને પોતે બનારસ જાય છે, ત્યાં અટકચાળો કપિ કોઈની પૈસાની થેલી ચોરી લે છે તેની રમુજી હકીકત, અને કાશીની બજારો ને ગંગાઘાટના સુંદર દેખાવોનું રસમય વર્ણન લેખક કરે છે. એકવાર મુસાફરીએ નીકળતાં એક ઘોર જંગલમાં રાત્રે ચિત્રવિચિત્ર બનાવો બને છે, તે વેળા લેખકને જંગલની અનેક અદ્‌ભુતતાઓનું જ્ઞાન થાય છે. એ જ રાત્રે કિરીટને એક જંગલી હાથી સાથે દ્વંદ્વયુદ્ધ થાય છે, જેમાં કિરીટ જીતે છે. ત્યાંથી ઘેર આવીને લેખક પોતે બંસી બનાવીને તે પર કિરીટને કામ કરતાં શીખવે છે. એ અરસામાં તે ગામડામાં હળેલો એક જબરો વિકરાળ વાઘ રોજ રંજાડ કરે છે તેનો શીકાર કરવા કોઈ ગોરો અમલદાર આવે છે. તેને કિરીટ પર બેસાડીને પોતે વાઘનો શીકાર કરાવે છે તેનું, તથા ત્યાર પછી એકવાર કપિની અક્કલ પર આધાર રાખવાને લીધે તેઓ એક નદીકાંઠે ઉંડા કળણમાં આવી પડે છે ને કિરીટ તેમાં ફસાઇ પડે છે તેનું અદ્‌ભુતરસિક બયાન લેખક આપે છે. એ કળણમાંથી કિરીટને બચાવી, બહાર કાઢી ઘેર લઇ ગયા પછી, બીજી સફરોમાં તેમને કેવા કેવા અવનવા અનુભવો થાય છે, અને આખરે શું બને છે તેની હકીકત આ નીચે શરૂ થાય છે.]

કિરીટ મોટો થતો ગયો તેમતેમ તેણે ઘણી લાંબી મુસાફરીઓ ખેડી. ફળફળાદિ, તેજાના તથા સોનારૂપાની પાટો લઇને, મોટીમોટી વણઝારો જોડે હીંદુસ્તાનના દૂરદૂરના મુલકોની કેટલી યે મુસાફરીઓ અમે સાથે ખેડી છે. એ બધીમાં કંઈ ને કંઇ મુસીબતો, આફતો અને અડચણો વેઠવાની આવે. સાહસો પણ એટલાં જ ખેડીએ. એ સૌનાં વર્ણનો કરવા બેસું તો દિવસોના દિવસો સુધી ખુટે નહિ.

વણઝારાની પોઠ જોડે મુસાફરી કરવામાં જે આનંદ આવે છે તેનું વર્ણન તો હું કરી જ શકવાનો નથી.

હીંદુસ્તાનને એક છેડેથી બીજે છેડે, રળીઆમણા મુલકો, લીલોતરીથી ભરચક ખેતરો અને સુંદર અરણ્યો તથા વનો; ઘાડાં જંગલો, કોતરો અને ખીણો; રમણીય ડુંગરાળ પ્રદેશો ને તેમાં થઈને રમતી રમતી વહેતી નાનીમોટી નદીઓના ફુલકુપ મનોહર કિનારાઓ; કિસમકિસમના લોકોની વસ્તીવાળાં ભાતભાતનાં શહેરો અને નાનાંનાનાં મનોહર ગામડાંઓ;—એ બધાં વટાવતાં, અનેક જાતની મુસીબતો વેઠતાં, સાહસો કરતાં અને ગમ્મતો ઉડાવતાં, કેટલી યે અજવાળી દુધ જેવી રાતો અને ઢળતા છાંયાનાં શાન્ત મધ્યાહ્નોમાં કલ્લોલ કરતાં અમે કરેલી મુસાફરીઓ જીંદગીભર યાદ રહેશે.

વણઝારની સફરમાં ઉંટ કરતાં હાથી બહુ ઉપયોગી ને કીંમતી પ્રાણી ગણાય છે. કારણકે રસ્તામાં લુટારાઓ કે એવા બીજા રંજાડ કરનારાઓનો ભેટો થાય તે વેળા તેઓ ઉંટને ખુશીથી લુંટી લઇ શકે છે, પરંતુ હાથી પાસે ઢુકવાની પણ તેમની હીંમત ચાલતી નથી; કેમકે એ તો પાસે આવનારની બરોબર ખબર લઇ નાખે. વળી હિંસક પ્રાણીઓ ને જંગલમાં વસતાં માણસો યે હાથીથી બહુ ડરે. આ બધાં કારણને લીધે જ્યારે જ્યારે વણઝાર જોડે કંઇ કીંમતી જરજવાહીર કે એવી વસ્તુઓ મોકલવી હોય ત્યારે ઘણુંખરૂં કિરીટની જરૂર પડતી અને અમે મુસાફરીએ ઉપડતા.

એક વખત એક રાજાનો મોટો મણિ કોઈ દૂર દેશની રાજકુંવરીને પહોંચાડવાનો હતો. તે એટલો તો તેજસ્વી હતો કે મધ્યાહ્નના તડકામાં મુક્યો હોય તો પ્રકાશથી ઝગાંઝગાં થઇ રહેતો ને તેની સામે નજર પણ ઠેરવી શકાતી નહિ. તેની બે બાજુ બે વીરકથાઓ કોતરેલી હતી: એક બાજુ વીરનરોની ને બીજી બાજુ દેવતાઓની.

શહેર છોડયે બેએક દિવસ થયા પછી એક રાત્રે અમે એક જંગલમાં નદીકાંઠે પડાવ નાખ્યો. આવી અદ્દભુત રાત મેં જીંદગીમાં અગાઉ કદિ જોઇ નથી. આશરે રાતના નવેક વાગ્યાનો શુમાર હશે. બધે અંધારૂં ઘોર હતું, અને ઝાડને મથાળે જાણે તેજસ્વી કુંપળો ઉગી હોય એવા તારા ચમકતા હતા. હાથીપર બેઠાંબેઠાં નીચે નજર કરી તો ત્યાં પણ સઘળે જંગલી પ્રાણીઓની આંખો અંધારામાં મારી સામે ચમકતી હતી. જ્યાં નજર કરૂં ત્યાં, ચોમેર જાણે તેજસ્વી આંખો જ ચળકતી મને દેખાતી. કિરીટ નીરાંતે આમતેમ ડોલતો ઝોલાં ખાતો હતો.

એવામાં મેં એક ટીટોડીની આછી ચીસ સાંભળી. તે હજુ શમી નહોતી, ત્યાં કોઈ ઘુવડે તે ઉપાડી લીધી હોય તેમ ઘુવડની ચીસ સંભળાઈ. અને પછી, જાણે એ ચીસ વહી લાવતો હોય એવો, વનવાગળાંની પાંખોનો સુસવાટ ઝાડોનાં પાંદડાંમાં વ્યાપી રહ્યો; ને પછી પથ્થર પરથી પાણી વહે તેમ, તે સુસવાટ જાણે સરસર કરતો ઝાડ પરથી નીચે ઉતરી જમીનમાં શમી ગયો હોય એમ લાગ્યું. મેં નીચે નજર કરી તો એક જંગલી ડુક્કર ચરતો હતો. ફરી પાછી બધે શાંતિ વ્યાપી રહી.

એકાએક મેં નીચે જંગલી બીલાડાની લીલી આંખો અંધારામાં ચમકતી જોઇ; અને પછી તો, જાણે મારી આંખો અંધારામાં ટેવાઇ ગઇ હોય તેમ, નાનીમોટી દરેક વસ્તુ મને દેખાવા લાગી. જાળાંઝાંખરાંમાં આમતેમ દોડતાં નોળીઆં અને ઝડપથી પસાર થઇ જતાં વનીઅર હું જોઇ શકતો હતો. થોડે દૂર કોઈ સાબર કુંળું ઘાસ ચરતું હતું તેનો અને વારેવારે ઝાડના થડ સાથે શીંગડાં ઘસતું તેનો અવાજ સંભળાતો હતો. એવામાં ઓચીંતો એક મોટો છીંકોટો સંભળાયો ને આ બધા નાના અવાજો શમી ગયા. ચોમેર બીહામણી શાંતિ ફેલાઈ ગઇ. તરત જ એક લોંકડીની ચીસ, અને ત્યાર પછી વાઘનો ઘુરકાટ સંભળાયાં; પરંતુ તે તરત શમી ગયાં. હું તો જમીનથી અદ્ધર હતો એટલે મને કશી બીક નહોતી, કારણકે મારી વાસ અદ્ધર હવામાં જ ઉડી જતી હોવાથી નીચેનાં પ્રાણીઓને માણસની ગંધ આવે તેમ નહોતું.

ધીમેધીમે આ બધા અવાજ શમી ગયા અને ફરીથી જંગલ આખામાં શાંતિ ફેલાઈ ગઇ. એવામાં મેં હાથીઓનાં ટોળાંને નદીમાં નહાવા જતાં



સરસામાન ભીંજાઇને તરબોળ થઇ ગયાં, અને મારે તરીને કાંઠે આવતા રહેવું પડ્યું. પેલો મણિ મેં મારી છાતીપર બાંધી રાખેલો ન હોત તો એ પણ પાણીમાં ગુમ થઈ જાત.


કાંઠે આવીને એક ઝાડ પર ચડી હું કિરીટના આવવાની રાહ જોતો બેઠો. હું એક ડાળ ઉપર બેઠો હતો એવામાં મેં બે ઝીણી તેજસ્વી આંખો મારા તરફ તગતગતી જોઇ. મેં ખુબ ધ્યાનપૂર્વક તેની સામે જોયા જ કર્યું. એક ધીમી કંપારી મારા શરીરમાંથી પસાર થઇ ગઈ. પણ મેં આજે ન બીવાનો નિશ્ચય કર્યો હતો. કારણકે હું જાણતો હતો કે માણસો જંગલી પ્રાણીઓથી બીએ છે અને તેમને તિરસ્કારે છે તેથી જ જંગલી પ્રાણીઓ તેમને રંજાડે છે. તેમનાથી જરા પણ ડર્યા વિના–તેમની દરકાર કર્યા વિના, જાણે કંઇ ન હોય તેમ, હીંમતથી રહેનારને તેઓ કશી ઇજા કરી શકતાં નથી.

એટલે મેં તો હીંમતપૂર્વક એ તગતગતી આંખો સામે મારી આંખો ઠેરવી તાકીને જોવા માંડ્યું. અને તમે શું ધારો છો? એ આંખો તરત જ મીંચાઇ ગઇ! ચંદ્રના અજવાળામાં મેં જોયું તો, હું બેઠો હતો તેની તદ્દન નજીકની જ એક ડાળ ઉપર વીંટાઇને એક મોટો સાપ પડેલો હતો, તેની એ આંખો હતી.

જોયાં. સંધ્યાના ઝાંખા પ્રકાશમાં કાળાં વાદળાં ડુબે તેમ, લેશમાત્ર અવાજ કર્યા વિના તેઓ પાણીમાં પડ્યા. હું ઉપર બેઠોબેઠો તેમને એકબીજાની સુંઢના આંકડીઆ ભીડી રમત કરતા, અને નદીનાં કુંણાંકુણાં કમળો તોડી ખાતા જોઇ શકતો હતો. એવામાં ધીમેથી આકાશમાં ચંદ્રનો ઉદય થયો, ને તેના ઝાંખા પીળા પ્રકાશમાં, જાણે નિર્મળ પાણીના આછા પડદા સોંસરો જોતો હોઉં તેવું રમણીય એ દૃશ્ય મને દેખાવા લાગ્યું. કાંઠાપર નાનાંનાનાં હાથીનાં બચ્ચાંઓ સુંઢ વડે પાણી ખેંચીને એકબીજા પર જરા પણ અવાજ થવા દીધા વિના કેમ છંટાય તે શીખતાં હતાં. થોડીવારે તેમનું આ નાવણ પુરૂં થયું અને સૌ બહાર નીકળી રસ્તે પડ્યાં; પણ તે એટલી ચુપકીથી, કે ચમકતા તારા જેવાં જળબિંદુઓ તેમના શરીર પરથી નીચે લીલોતરીમાં સરી પડતાં તેનો અવાજ સાંભળીને જ માત્ર તમે કહી શકો કે એ બધાં નાહ્યાં હતાં.

પણ આ બધું કિરીટને લલચાવવા માટે બસ હતું. હવે તે ઝાલ્યો રહે તેમ નહોતો. તેને પણ એ ટોળાંની પાછળ જવું હતું. મહામુશીબતે હું તેને ત્યાં જતો ખાળી શક્યો; પણ મારી ગમે તેટલી સમજાવટ અને વીનવણી છતાં તે નદીમાં જઇને તો પડ્યો જ. તેની પીઠપરના ગાદી તથા તે સાથે બાંધેલો બધો

એકાએક ભયાનક ચીસો અને ચીચીઆરીઓથી આખું જંગલ ખળભળી ઉઠ્યું. દૂરથી દોડ્યાં આવતાં પશુઓની ખરીઓના તડબડાટીના મેં અવાજ સાંભળ્યા. ધીમેધીમે આ ખળભળાટ વધતો જ ગયો, અને એ શાંત રાત્રિની શીતળતામાં કોઇ કારમી અગ્નિની જીભ લબકારા મારી રહી હોય એવો મને ભાસ થયો. એવામાં પેલો સાપ ધીમેથી ડાળી



ઉપરથી સરકીને નીચે ઉતરવા લાગ્યો. બરોબર મારા હાથનાં આંગળાં ઉપર થઇને તેનું ઠંડું લીસું શરીર પસાર થઇ ગયું; પણ મેં તો જરાપણ ન ડરવાનો નિશ્ચય જ કર્યો હતો, એટલે હું તો તે દરમ્યાન રજમાત્ર હલ્યા કે ડર્યા વિના શાંતિથી બેસી રહ્યો. એક પળમાં તો તે જતો રહ્યો.

તરત જ મારી નજર, નીચે ઉભીને મારા તરફ છીંકોટા નાખતા કિરીટ પર પડી. મને લાગ્યું કે આજ કંઇ જંગલમાં અજબ નવતર બનવાનું છે, એટલે હું તરત તેની પીઠ પર કુદી પડ્યો; અને જેવો હું ત્યાં બેઠો કે કિરીટ ઝપાટાબંધ ઉપડ્યો. એટલામાં મેં વાઘનો ધીમો ઘુરકાટ સાંભળ્યો. એ ઘુરકાટ તેની ખુન્નસનો કે શીકાર કરતી વેળાના જેવો નહોતો, પણ રક્ષણ અને સહાય માટે કોઇ પ્રાણી દયામણો કકળાટ કરતું હોય તેવો હતો. હું ને કિરીટ ટેવાએલા હોવાથી, જંગલમાંથી બહાર નીકળી મનુષ્યના રહેઠાણ તરફ જવાનો રસ્તો અમને વહેલો જડે તેમ હતું. સવારના ભળભાંખરામાં અમે એક નાના ગામડા આગળ આવી પહોંચ્યા. ત્યાં તો હજી સૌ સુતું હતું. પાછળ નજર કરી તો મેં હરણ, ચીત્તા, જંગલી બીલાડા, કુકકર અને બીજાં અનેક નાનાંમોટાં પ્રાણીઓનાં ટોળેટોળાં બીકથી થરથરતાં અમારી પાછળપાછળ આવતાં જોયાં.


જંગલ પરથી કાળાં વાદળાંના ગોટેગોટા ઉઠતા મને દેખાયા. એવામાં પહો ફાટ્યો તો મને જણાયું કે એ ગોટા ધુમાડાના હતા. સવારનો પવન વાવા લાગ્યો, પણ તે શીતળને બદલે ગરમ હતો. થોડી જ વારમાં લીલાં પાંદડાં સળગતાં હોય એવી વાસ આવવા લાગી. જંગલમાં દા' લાગ્યો હતો.

અરધીએક કલાકમાં અમે ગામડામાં પહોંચી ગયા. સુરજ ઉગી ગયો હતો. ચીત્તાઓ, જાણે નાનાં નિર્દોષ બાળકો હોય તેમ, ઘરોની ભીંતોને ઓથે આવીને ભરાયાં; ગેંડા છીંકોટા નાખતા. ડાંગરનાં ખેતરોમાં સંતાવા દોડયા; વાઘ ખુલ્લા મેદાનમાં આવીને સળગતા જંગલ સામે શાંતિથી જોતો બેઠો; હરણાં, સાબર, લોંકડીઓ ને બીજાં પ્રાણીઓ, કોઇ તળાવમાં, તો કોઈ નદીને કાંઠે, જેને જ્યાં ફાવ્યું ત્યાં જઇ ઉભાં ઉભાં સળગતા દવ સામે જોતાં હતાં. કુદરતી પ્રેરણાથી જ તેઓ સમજતાં હતાં કે માત્ર પાણી જ એક એવી વસ્તુ છે કે જ્યાં અગ્નિ પહોંચી ન શકતો હોવાથી તેઓ સલામતીથી આશરો લઇ શકે. તરત જ અગ્નિ-ની લાલચોળ જીભો ઝાડપાન અને વનસ્પતિને સ્વાહા કરતી અમને દેખાઈ. આખા પ્રદેશ પર ધગધગતું વાતાવરણ પથરાઈ રહ્યું.

હવે તો હું ગમે પ્રાણીની પાસે જઇને તેને માથે હાથ ફેરવી શકતો હતો. એ બધાંને માથે એકસરખી આપત્તિ આવી પડેલી હોવાથી તેઓ પોતાનો અંદરઅંદરનો—હિંસક શીકારી અને શીકારનો — સંબંધ ભુલી ગયાં હતાં. વાઘ, હાથી, માણસ, હરણ— સૌકોઇ એકમેકને પડખે ઉભાં હતાં! વાઘના બીહામણા પટા, માણસનું ડરપોકપણું ને હરણનો ભય — બધું જાણે અદૃશ્ય થઇ જઇને સૌ મિત્રતાની ગાંઠથી બંધાયા હોય એમ લાગતું હતું. આત્માઆત્માના સામાન્ય સંબંધથી જોડાએલાં સૌ ભાંડુ હોઇએ એમ અમે એકબીજાની સામે જોતાં હતાં. આ દેખાવથી મારી ખાતરી થઇ ગઇ કે વનસ્પતિ, પ્રાણી કે મનુષ્ય— દરેકમાં આત્માનું એક જ પ્રકારનું ચેતન રહેલું છે એવું જે આપણે માનીએ છીએ તે સાવ સાચું છે. પ્રાણીઓના ભયંકર આંખોમાં કે માણસના ચંચળ મનમાં—બધે તે પરમ સત્તાવાન સરજનહારના ચેતનના અંશરૂપ એકસરખો પ્રાણ જ ધબકી રહ્યો છે.

જોતજોતામાં જંગલ આખું બળીને કોયલો થઇ ગયું. વાઘે માથું નીચું ઘાલી પોતાના બે પંજા વચ્ચે મોં સંતાડી દીધું; જંગલબીલાડાં પેટમાં મોં ખોસી ગુંચળું વળી ગયાં: આ ભયાનક દેખાવ કોઇથી જોયો જાય એમ નહોતો.

જેમજેમ હું કિરીટ તરફ ને બીજાં પ્રાણીઓ તરફ જોતો ગયો તેમતેમ મને સમજાતું ગયું કે કિરીટ અને હું એકબીજાને આટલા બધા કેમ ચાહીએ છીએ. અમારો બંનેનો આત્મા એક હતો. હું તેને માટે બંસી બજાવતો તે સાંભળીને એનાપર ભારે ઉંડી અસર થતી. મને લાગ્યું કે હું જો તેની પેઠે મુંગો હોત તો એના મનના ભાવ વધારે સારી રીતે સમજી શકત. જંગલના એ દાવાનળે મને આ પાઠ શીખવ્યો, કે પ્રાણીઓથી લેશમાત્ર પણ ડરવું નહિ કે તેમને ધિક્કારવાં નહિ. તેમનામાં રહેલો આત્મા અને આપણામાં વસેલો આત્મા, બંને તે પરમાત્મા ઇશ્વરના જ અંશ છે.



આ મુસાફરી પુરી કરીને ઘેર આવ્યા પછી કિરીટને, જંગલમાંથી ઇમારતી લાકડાં કાપી લાવનાર ધંધાદારીઓને ત્યાં કામે વળગાડયો. થોડા જ દિવસમાં તે આ ધંધામાંનું પોતાનું કામ શીખી ગયો. મોટાંમોટાં તોતીંગ લાકડાનાં બીમને તે જંગલમાંથી બહાર મેદાનમાં ઘસડી લાવતો, અને નાનાં બીમને તો સુંઢ વડે ઉંચકીને તેમને એક પર એક મુકી સરખાં ગોઠવતો. અને એ ગોઠવણીમાં પણ તે એટલો બુદ્ધિશાળી હતો કે તેનો ગોઠવેલો ઢગલો હમેશાં ચોકખો ને પ્રમાણસર હોય. જ્યારે જ્યારે કોઇ બહુ ભારે બીમ ઉપાડવાનું આવતું ત્યારે એક

બીજો મોટો હાથી કિરીટને મદદ કરતો. તે બંને જણ બીમના બંને છેડા સુંઢ વડે પકડી તેને ઉચકીને ગાડામાં ગોઠવતા.

આ વેળા લાકડાં કાપવાનાં યંત્રો ને મોટરગાડીઓ આપણે ત્યાં દાખલ થવા માંડયાં હતાં. હાથીઓ મોટાં મોટાં લાકડાં જંગલમાંથી ખેંચી લાવી સંચાઓ આગળ ઢગલા કરતા. પછી એ લાકડાં બધાં સંચામાં જઈ માપસર કપાઈ બહાર પડતાં; અને ફરી પાછા હાથીઓ એના સરખા ઢગલા રચી ગોઠવતા.

આ લાકડાં કાપવાના સંચા ચલાવનાર બે ગોરા હતા. તેઓ માંસ ખાતા અને દારૂ પણ બહુ પીતા. કોણ જાણે કેમ, કિરીટને આ ગમતું નહિ. તેને જેમ માંસાહારી હિંસક વાઘ નહોતો ગમતો, તેમ આ માંસાહારી ગોરા પણ ગમતા નહોતા. તે એમનાથી લેશમાત્ર ડરતો નહિ, કે તેમને ધિક્કારતો નહિ; પરંતુ તેનામાં એ લોકો તરફ એક જાતનો અણગમો પેદા થયો હતો. અને પેલા ગોરા તો તદ્દન અઝડ જ હતા. એમને ભાન પણ નહોતું કે દરેક પ્રાણીની પેઠે હાથીને પણ આત્મા હોય છે.

રોજ સવારે સાડાપાંચે ઉઠીને કિરીટ કામ પર જતો. બપોર થાય એટલે હું એને નવડાવી તેના છાપરામાં લઇ જઇને બાંધતો; બપોર ઢળ્યે તે પાછો કામ પર ચડતો તે સાંજ પડતાં છુટતો. રાત્રે તેને છાપરામાં બાંધી દઇને હું બહાર ખુલ્લા મેદાનમાં ખાટલો ઢાળી સુતો.

એક દહાડો રાત્રે મેં અચાનક કિરીટને ખુબ ચીસો પાડતો સાંભળ્યો. ખાટલામાંથી બેબાકળો કુદીને હું છાપરામાં ગયો. જોઉં છું તો પેલા બે ગોરા એન્જીનીઅરો દારૂ પીને કિરીટને સતાવતા હતા, અને દીવાસળીઓ સળગાવીને તેના તરફ ફેંકતા હતા. આથી કિરીટ, બધાં પ્રાણીઓની પેઠે તે પણ દેવતાથી બીતો હોવાને લીધે, ચીસો પાડતો હતો.

મેં પેલા ગોરાઓને આ તોફાન કરતાં વાર્યા. પણ એ તો પીધેલા હતા, એટલે મારૂં ન માનતાં ઉલટા મને ગાળો દેવા લાગ્યા અને વધારે વધારે દીવાસળીઓ સળગાવી કિરીટ તરફ ફેંકવા લાગ્યા.

બીજો કાંઈ ઉપાય ન હોવાથી મેં હાથીને બાંધેલી એક સિવાય બધી સાંકળો છોડી નાખી. હાથીને બાંધવાની સાંકળો જમીનમાં પાંચ છ ફુટ ઉંડે દાટીને સીમેન્ટ તથા ચુનાથી મજબુત ધરબી દાબેલી હોય છે. આવી સાંકળો હાથી તોડી નથી શકતો, તેથી મને બીક લાગી કે રખેને પેલા ગોરાઓનાં અટકચાળાંથી છાપરૂં સળગી ઉઠે ને કિરીટ ભયમાં આવી પડે. તેથી મેં એક સિવાયની બીજી બધી સાંકળો છોડી નાખી; કારણકે એ એક સાંકળ તો તે ખુશીથી તોડાવી નાખી શકે તેમ હતું. પણ એવો કંઇ અકસ્માત બન્યા વિના રાત તો વીતી ગઇ.

એક દિવસ બપોરે કામથી છુટી, કિરીટને છાપરામાં બાંધી હું આરામ લેવા જરા ખાટલામાં આડો પડયો હતો, એવામાં મેં કિરીટને પાછો તે રાતના જેવી જ ચીસો પાડતો સાંભળ્યો. જઇને જોયું તો આજે પણ એ બે ગોરાઓ, નવરા પડેલા હોવાથી, દારૂ પીને હાથી તરફ દીવાસળીઓ ફેંકી ચીડવતા હતા. છાપરા પર પરાળ છાએલું હતું અને ભીંતો વાંસની ખપાટો પર માટી છાંદીને બનાવેલી હતી. મેં ગોરાઓને વાર્યા, પણ મારૂં સાંભળે કોણ? એવામાં મેં કિરીટ પાસે પડેલા ઘાસના ઢગલામાંથી ભડકો નીકળતો જોયો! કિરીટ એ જોઇને સુંઢ ઉંચી કરીને કારમી ચીચીઆરી પાડી ઉઠયો. મને ફાળ પડી કે તે બળી મરશે, એટલે ઝટપટ મેં તેની સાંકળો છોડવા માંડી. હજી તો હું છોડી પણ નહોતો રહ્યો, ત્યાં તો એ તોડાવીને બહાર ધસ્યો. એ હડફેટમાં એક ગોરો આવી ગયો, તેને તેણે પોતાના પગ નીચે ચગદી એ જ પળે પુરો કરી દીધો!

છાપરાની બહાર આવીને તે વધારે ને વધારે જોરથી બરાડા પાડવા માંડયો અને ચોમેર પોતાની સુંઢ ઘુમાવતો ગાંડો બની આમતેમ દોડવા લાગ્યો. હું તરત જ પામી ગયો કે કિરીટ ગાંડો થયો છે, અને અત્યારે કોઇ પણ ચીજ તેના પંજામાંથી સલામત છટકી શકે તેમ નથી. એટલે હું તો ઝડપથી એક મોટા વડના ઝાડપર ચડી ગયો, ને કિરીટની સુંઢ ન

પહોંચી શકે એટલે ઉંચે પાંદડાંમાં જઈ ભરાયો.

કિરીટ પહેલો ધસારો, ચીફ એન્જીનીઅરની મોટર બહાર પડી હતી તેના ઉપર કર્યો. થોડી મીનીટમાં તો તેણે એનો ચગદીને એવો ચુરો કરી નાખ્યો કે જમીન પર માત્ર દબાઇ ગએલાં પતરાંનો ઢગલો થઈ રહ્યો. તેના પર ક્રોધથી ગાંડો અને વિકરાળ બનેલો કિરીટ નાચતો હતો. એવામાં તેણે ચીફ એન્જીનીઅર તથા બે માણસોને બંગલાની ઓસરી આગળ ઉભેલા જોયા, અને તેમના તરફ ધસ્યો. પણ પેલાઓએ વેળાસર ચેતીને વહેલાવહેલા બંગલામાં ભરાઈ બારણાં મજબુત વાસી દીધાં.

કિરીટ ગુસ્સામાં બંગલા પર હુમલો કરી તેનું છાપરૂં વીખી નાખ્યું. પણ ત્યાં કોઇ ન જણાવાથી તે ત્યાંથી પાછો ફર્યો અને બેએક અઠવાડીઆંથી નવી ઉભી કરેલી બે નાનકડી કૅબિનો તરફ ધસ્યો. થોડી જ પળમાં તે પણ જમીનદોસ્ત થઇ ગઇ. એવામાં થોડે દૂર એક આખલો ચરતો હતો તેના પર કિરીટની નજર ગઇ. ધુંધવાટા નાખતો તે આખલા તરફ ધસ્યો, ને તેની ગરદન આસપાસ સુંઢનો ભરડો લઇ તેને ઉંચે હવામાં ઉછાળ્યો. બીજી પળે આખલો મડદું થઇ જમીન પર પડ્યો. થોડીવાર આમતેમ ઘુમી કિરીટ ત્યાંથી નાઠો અને થોડી જ ક્ષણમાં અદશ્ય થઇ ગયો.

એક પખવાડીઆ સુધી મેં તેની શોધ કરી, પણ કશો જ પત્તો લાગ્યો નહિ. મેં આશા રાખી હતી કે તે મારી કને પાછો તો આવશે જ; પણ વ્યર્થ. તે પાછો ફર્યો જ નહિ. આજની ઘડી સુધી તેનું શું થયું તે કોઈ જાણતું નથી.

આ રીતે મારા મિત્ર – મારા ભાઇ જેવો એ હાથી હું ખોઇ બેઠો. જોકે કિરીટ પોતે તો મારી કનેથી ગયો જ છે, પરંતુ તેનો ને મારો આત્મા તો હજી જોડાએલો જ છે; અને અમે એકબીજાને કદિ ભુલવાના નથી. [સંપૂર્ણ]

ફુલવાડી

[જુનાગઢના ગરીબ નાગર નરસિંહ મહેતા કૃષ્ણ ભગવાનના મોટા ભક્ત હતા. ભાભીનાં મેણાંથી એ ઘર છોડી નીકળ્યા અને ભક્તિમાં પરોવાતાં એમને રાધાકૃષ્ણના રાસનાં દર્શન થયાં હતાં. આ સમભાવશીલ વૈષ્ણવે અંત્યજભેદ છોડી દીધો હતો. આ માટે ત્યાંની નાગરજ્ઞાતિએ એમને ત્રાસ આપ્યો. કૃષ્ણભક્તિના ચમત્કાર માટે શંકા લાવીને રાજ્યે પણ કેદમાં પુરી કેર વર્તાવ્યો. ભક્ત ન ડગ્યો. કૃષ્ણપ્રભુ એમના સૌ વ્યવહાર અને સંકટકાળ સાચવી લેતા.

ભક્તકવિઓમાં નરસિંહ પહેલા કવિ છે. એ વળી જ્ઞાની પણ છે. મીરાંબાઇથી થોડાં વરસ ઉપર એ થઇ ગયા. એમનાં પદ અને પ્રભાતીઆંમાં શૃંગાર, વૈરાગ, જ્ઞાન અને ભક્તિ ભરપુર છે.].

પદ

જશોદા તારા કાનુડાને, સાદ કરીને વાર રે;
આવડી ધુમ મચાવે વ્રજમાં, નહીં કોઈ પુછનાર રે–જશોદા૦
શીંકું તોડયું ગોરસ ઢોળ્યું, ઉઘાડીને દ્વાર રે:
માખણ ખાધું ઢોળી નાખ્યું, જાન કીધું સો વાર રે–જશોદા૦
ખાંખાખોળા કરતો હીંડે, બીહે નહિ લગાર રે;
મહી મથવાની ગોળી ફોડી, આ શાં કહીએ લાડ રે!–જશોદા૦
વારેવારે કહું છું તમને, હવે ન રાખું ભાર રે;
નિત્ય ઉઠીને એમ કયમ સહીએ, વસી નગ્ર મોઝાર રે? -જશોદા૦


મારો કાનજી ઘરમાં હુતો, કયારે દીઠો બા'ર રે;
દહીંદુધનાં માટ ભર્યાં છે, [illegible] ચાખે ન લગાર રે?–જશોદા૦
શાને કાજે મળીને આવી, ટોળી [illegible] દરબાર રે;
નરસઇયાનો સ્વામી સાચો, જુઠી વ્રજની નાર રે–જશોદા૦

નરસિંહમહેતો

[ગોકુળની શેરીઓ ગાયોનાં ધણથી ઉભરાતી, ત્યાંનાં ઘર દહીંમાખણ, ઘીદુધ અને છાશથી છલકાતાં, લોક નીરોગી, સાદું ને સંતોષી જીવન ગાળતા તે દિવસોનું આ સ્મરણ છે.

ગામડું એક કુટુંબ જેમ રહેતું, બાળકોનું તોફાન પડોશીઓના પ્રેમભાવ વધારતું અને હેતભર્યાં કજીઆમાંથી વધુ માયા લાગતી તે સમયનું આ ચિત્ર છે.

ગોપીઓ બાલ-કનૈયાની ભીડી રાવ લઇ જશોદા પાસે જાય છે, માતા બાળકનો સરસ બચાવ કરે છે અને ગોપીઓને જુઠી પાડી મજાક કરે છે એ મધુર ભાવનું આ પદ છે.]



આફ્રીકાના પત્રો

આટલું તો સ્ટીમર વીશે. સ્ટીમરમાં આજે મારે દસમો દિવસ છે. મારો વિચાર તો રોજની હકીકત રોજ લખવી એવો હતો અને છે. પરંતુ આ દસ દિવસમાં તેમ બન્યું નથી. એટલે આજે તો દસ દિવસના અનુભવ એકસાથે લખી જાઉં છું.

સૌથી પહેલાં તો સ્ટીમરના મારા થોડા મિત્રોની પીછાન આપું. મારી કૅબિનમાં અમે ચાર જણ છીએ: હું, બીજા મિ કાતી, મિ. ડાયસ અને ચોથા મિ. લોગો.

મિ. ... ... માંગલોરના સારસ્વત બ્રાહ્મણ છે. તેમની ઉમર આશરે ૪૮ વર્ષની છે. બહુ જ હોલદોલ માણસ છે. તે ભાઇ મુસલમાન વીશીમાં જમે છે. પહેલાં તે ભાઈ આફ્રીકા આવતાજતા ત્યારે પાણી પણ હાથે ભરતા, રાંધતા યે હાથે, ને જમતી વખતે કોઇને અડતા પણ નહિ! 'છતાંપણ', તે કહેતા હતા, 'મારા ભાઇઓએ મને નાત બહાર મુકયો!' આ કહેતી વેળા તેમની આંખમાં આંસુ હતાં. આજે તે મુસલમાન વીશીમાં જમે છે, દારૂ પીએ છે, માંસ ખાય છે અને નવરા પડે છે ત્યારે Gandhi and Anarchy અને Indian Unrest જેવાં પુસ્તકો વાંચે છે.

બીજા બે ભાઇઓ ગોઆનીઝ છે; મારા તરફ બહુ જ મમતા રાખે છે; દિવસમાં ત્રણ વખત પોશાક બદલે છે; દારૂબારૂ પણ ઠીક પીએ છે; રાત્રે બાર વાગ્યા સુધી રાતાં પાણી ઉડાડે છે; પણ અમારી કૅબિનમાં મને બહુ જ માન આપે છે.

આ ઉપરાંત, સેકન્ડ ક્લાસના બીજા ઘણા ભાઇઓ સાથે મારે પરિચય થયો છે. તેમાંના એક ભાઇ ચતુરભાઇ નૈરોબીના છે. સારો પગાર મળતો હશે એમ જણાય છે. એ ભાઇના વિચારો તથા આદર્શો બહુ સારા છે; વેદ ઉપર તેમની શ્રદ્ધા હદ બહાર છે; સંસ્કૃત માટે તેમને અતિશય ઉંચો અભિપ્રાય છે; બ્રહ્મચર્ય ઉપર બહુ ભાર મુકે છે. એક બીજા પાટીદાર ભાઇને પણ મારે અહીં ચીતરવા જોઇએ. એમનું નામ કાશીભાઈ. શ્રી કાશીભાઇ આફ્રીકામાં એચ. એમ. મહેતાની કંપનીમાં મૅનેજર જેવી સ્થિતિના માણસ છે. આ માણસ આપકર્મી, આપ-ઘડાએલા છે. સંયોગવશાત્ તેઓ ઝાઝું ભણ્યા નથી; પરંતુ તેમની બુદ્ધિ સારી છે. તેઓએ કાલિદાસના મેઘદૂતનું ભાષાંતર મોંએ કર્યું છે અને અત્યારે શાકુંતલ વાંચવાનો–સમજવાનો સારો પ્રયાસ કરે છે. ઍલેકઝાન્ડર ડયૂમાનાં ઘણાં નૉવેલો તેમણે વાંચી નાખ્યાં છે. સ્ટીમર પર જ્યારે આપણા લોકોને બીજા લોકોની સાથે વિરોધ પડે છે ત્યારે તે ભાઈ હીંદીઓનો પક્ષ લઇ બહાર પડે છે. હજી હમણાં જ એક ભાઇએ એક ગોઆનીઝને થપ્પડ મારેલી ત્યારે સ્ટીમરમાં હો હો થઇ ગયું હતું, અને કાશીભાઇએ આપણા ભાઇને માટે સારો આગ્રહ દેખાડયો હતો. આ ભાઇની જગા ગૌરીશંકરની કૅબિનમાં છે. કાશીભાઇ કોઇકોઇવાર ગૌરીશંકરની વાની ચાખે છે ખરા; બાકી તો હીંદુ

વીશીમાં ૧૬ રૂપીઆ આપીને જમે છે અને જરૂર જણાય ત્યારે ચા, બ્રેડ, બટર વગેરે યુરોપીઅન વીશી-માંથી મંગાવી લે છે. આ ભાઈ કદાચ ઠેઠ જીન્જા સુધી મારા સાથી થશે

બીજા એક ભાઈની ઓળખાણ કરાવવી જોઇએ. તે મિ. મહમદઅલી. આ બહુ ગમ્મતી આદમી છે. ખોજા છે; જંગબારમાં પોસ્ટઑફિસમાં નોકર છે. સ્વાહિલી ભાષા સુન્દર આવડે છે. દરરોજ સવારમાં હું ટેબલપર લખુંવાંચું ત્યાં મહમદઅલી આવે, નમસ્કાર કરે અને મારૂં મન દેખે તો ગમ્મત ઉડાવે, નહિતર શાન્તિથી ચાલ્યા જાય. જંગબારમાં મારે તેમના મહેમાન થવાનું છે.

આ સિવાય પણ સેકન્ડ ક્લાસના ઘણા ભાઇ-ઓની સાથે મારે ઓળખાણ થઇ છે. દરરોજ રાત્રે બધા સલૂનમાં એકઠા થઇએ છીએ અને એકાદ પ્રશ્ન ઉપર ઠીક ચર્ચા જામે છે. સહશિક્ષણ (છોકરા છોકરી-ઓને એકઠાં ભણાવવા) વીશે બે દિવસ ચર્ચા ચાલી હતી; સ્ટીમરમાં જે કેટલાક સ્વતંત્ર વિચારના માણસો છે તેમનામાં પણ આ પ્રશ્ન ઉપર મોટો મતભેદ હતો. બે દિવસ સુધી અસહકાર ઉપર વિવાદ ચાલ્યો હતો. એક ગોઆનીઝ ભાઇએ મારી સાથે ખુબ ટક્કર લીધી હતી, પણ છેવટે તેમણે ગાંધીજીની હીલચાલને સ્વીકારી હતી.

મારો પોતાનો સમય સ્ટીમરમાં સુન્દર રીતે પસાર થાય છે. આ વખતે તો મને જરા પણ દરીઓ લાગ્યો નથી. રંગુન કરતાં પણ અહીં તો વધારે મઝા આવી છે. મેં તો મારો ભાવનગરનો કાર્યક્રમ શરૂ કરી દીધો છે. સવારમાં પાંચ વાગે ઉઠવું, સ્નાનસંધ્યાથી પરવારી વાંચવું, ગૌરીશંકરની રસોઇ જમવી, બપોરે જરા સુવું, ફરી વાંચવું લખવું, ડેક ઉપર સુવું અને રાત્રે વાત-ચીતમાં ભાગ લેવો. આ દસ દિવસમાં હું ઠીક વાંચી લખી શક્યો છું. તબીઅત પણ બહુ સારી રહી છે. ખાવામાં ફક્ત તીખું, ખારૂં અને ખાટું વધારે ખાવું એટલો ફેરફાર કરવો પડયો છે.

હું આ લખું છું તે વખતે (તા.૨૯-૨-૨૪ શુક્રવારે સવારના સાડા સાતે) અમે મોંબાસા પહોંચી જવાના હતા; પરંતુ સેકન્ડ ક્લાસના ઉતારૂઓમાં એક જણને શીળી નીકળ્યાં છે એટલે સ્ટીમર મોંબાસા જવાને બદલે પહેલી જંગબાર જાય છે. આ તરફ એવો નિયમ છે કે સ્ટીમરમાં કોઇ ઉતારૂને શીળી નીકળે તો થર્ડ ક્લાસના ઉતારૂઓને પંદરથી પચીસ દિવસ સુધી ક્વૅારન્ટાઇનમાં રાખવાં. બને છે તો એવું, કે ફર્સ્ટ ક્લાસના ઉતારૂને શીળી નીકળે તોપણ થર્ડ ક્લાસના ઉતારૂઓને ક્વૅારન્ટાઇન! સેકન્ડના ઉતારૂને નીકળે તોપણ થર્ડના ઉતારૂઓને ક્વૅારન્ટાઇન. એટલે થર્ડમાં નીકળે તો તો થર્ડને હોય જ. આ ક્વૅારન્ટાઇન માટે જંગબારની પાસે એક જુદો ટાપુ છે ત્યાં તેમને રાખવામાં આવે છે. આ ટાપુમાં રહેવું, ખાવાપીવાના સાંસા, ચીજવસ્તુની હાડમારી, ચોરીનો ભય, એ બધો વિચાર કરતાં આ ક્વૅારન્ટાઇનનો ત્રાસ સમજી શકાય તેવો છે. પરંતુ અહીંનો આ કાયદો બહુ સખ્ત છે. આજે તો થર્ડ ક્લાસમાં પણ બે જણને શીળી નીકળ્યાં છે, અને અમે બધા જંગબારની નજીકમાં પહોંચ્યા છીએ. આજે બપોરના આ થર્ડ ક્લાસના ઉતારૂઓને જંગબાર ઉતારી અમારી સ્ટીમર મોંબાસા જશે એટલે અમે કાલે સવારે સાત વાગે મોંબાસા પહોંચીશું.

નાનાભાઈ

૨

પ્રિઝન આઈલૅન્ડ: (જંગબાર પાસે)
તા. ૨-૩-૨૪

આ લખતી વખતે શરૂનાં ઝાડોના મંડપ વચ્ચે સ્વામી આનંદના ભુટીઆ કામળા પર હું બેઠો છું. મારી સન્મુખ અફાટ દરીઓ ઉછળી રહ્યો છે. એક તરફ અહીં મરી ગએલાં માણસોનું સમાધિસ્થાન પડયું છે. પેલું દૂર જંગબાર, (અંગ્રેજોનું ઝાંઝીબાર) સમુદ્રમાં પોતાનું ભવિષ્ય વાંચતું ઉભું છે. અને એ યુરોપીઅન ફૅશનનાં મકાનોની પાછળ પેલા શામ્બાઓ—લવીંગ, એલાયચી, નાળીએરી અને આંબાના શામ્બાઓ (મોટાંમોટાં વનો)—એક ઉપર એક, રંગભૂમિની માફક ગોઠવાઈ ગયેલા શામ્બાઓ—ની હારો થાકેલી આંખને વીસામો આપે છે.

અમે પરમ દિવસે સાંજે અહીં આવ્યા છીએ. ગયા કાગળમાં મેં તમને જણાવ્યું હતું કે સ્ટીમરમાં શીળીના બે કેસ થયા છે એટલે થર્ડ ક્લાસના ઉતારૂઓને જંગબાર ઉતારશે અને અમે મોંબાસા જઇશું. પરંતુ મારી ધારણા ખોટી પડી છે. તા. ૨૯-૨-૨૪ના રોજ સાંજના ચાર વાગે અમારી સ્ટીમર જંગબાર પહોંચી. જંગબાર આવતાં રસ્તામાં પેમ્બા નામનો ટાપુ આવે છે. આ પેમ્બા ટાપુની દીવાદાંડી આ તરફ બહુ વખણાય છે. દીવાદાંડી ખાસ બહુ ઉંચી નથી, પરંતુ તેનું સ્થાન મહત્ત્વનું છે. આ દીવાદાંડીનો સંબંધ ઠેઠ જંગબારની દીવાદાંડી સાથે છે, અને પરદેશી વહાણો આ તરફ આવે તો તેના સમાચાર જંગબાર પહોંચાડી દેવામાં આ દીવાદાંડી બહુ ખપ લાગે છે. પેમ્બાથી માંડીને ઠેઠ જંગબાર સુધી બધે લીલી વાડી જ છે એમ કહીએ તો ખોટું નથી. આખો પ્રદેશ લીલોછમ છે. લવીંગનાં ઝાંડો તો ઉભી વાડે છે. આ બધાં મોટાંમોટાં જંગલોને શામ્બા કહે છે. જંગબાર આખી પૃથ્વીને લવીંગ પુરાં પાડે છે એમ કહેવાય છે પેમ્બાથી આગળ ચાલતાં અમે જંગબાર આવી પહોંચ્યા. જંગબાર આવીને સ્ટીમરે લંગર નાખ્યું અને જંગબારના આરોગ્યશાસ્ત્રીની હોડી આવી પહોંચી. આ આરોગ્યશાસ્ત્રી અમારી સ્ટીમરમાં ચડયા, કૅપ્ટન તથા સ્ટીમરના દાક્તરની સાથે હાથ મીલાવ્યા, થોડી વાતચીત કરી અને ચાલતા થયા. અમને (સેકન્ડ ક્લાસના ઉતારૂઓને) જણાવવામાં આવ્યું—કર્ણપરંપરાએ—કે અમારે પણ ક્વૉરન્ટાઇનમાં જવાનું છે ! ક્વૉરન્ટાઇનમાં જઇશું એટલા દિવસો પડશે અને ભવનના કામને ઢીલ થશે એ વિચારથી મને તો મનમાં ક્ષોભ થયો. છતાં, અમે તૈયાર થયા. થર્ડ ક્લાસના ઉતારૂઓને ક્વૉરન્ટાઇનમાં જવાથી ત્રાસ લાગતો હતો; પરંતુ જ્યારે તેમને ખબર પડયા કે સેકન્ડ ક્લાસના ઉતારૂઓ પણ તેમની સાથે છે, ત્યારે કેટલાએકને ત્રાસને બદલે થોડોઘણો હર્ષ પણ થયો !

અમને ઉતારવા માટે હોડીઓ તૈયાર હતી; પરંતુ ભારે દાગીના ઉતારવા માટે કંપની તરફથી મજુરોની સગવડ જોઇએ તે બહુ સારી ન હતી. સ્ટીમરોમાં ક્રેન હોય છે તે ક્રેનથી અમારો સામાન નીચે બોટમાં પછાડતા, અને પછી જેમતેમ મુકતા. ઘણા લોકોની ટ્રંકો અને પેટીઓ તો તુટી જતી મેં નજરે જોઇ છે. ભાઈ ગૌરીશંકર પોતાની રાંધવાની પેટી માટે હાંફળા-ફાંફળા આમતેમ દોડતા હતા; અને જ્યારે તેમને ખબર પડયા કે એ પેટીમાંથી પણ તેલ તો ઢોળાઇ ગયું છે, ત્યારે એક સારા રસોયાને જે લાગણી થાય તે તેમના મુખ ઉપર જણાતી હતી.

અમે સ્ટીમરમાંથી ઉતરી હોડીમાં બેઠા. હોડી ચાલી અને અમે ક્વૉરન્ટાઇનના આ ટાપુને કીનારે પહોંચ્યા. અમારો સામાન પાછળ હતો તે પણ અમે પહોંચ્યા તે અરસામાં આવી પહોંચ્યો.


અને હવે ક્રમબખ્તી શરૂ થઇ. બધા ઉતારૂઓનો સામાન બે મોટી હોડીઓમાં ભર્યો હતો. આ હોડીઓમાંથી નવી હોડીઓમાં સામાન ઉતારીને ખલાસીઓ કાંઠે ફેંકતા હતા, અને આ પ્રમાણે કાંઠે ફેંકેલા સામાનમાંથી સૌને પોતપોતાનો સામાન શોધી લેવાનો હતો. એક તો મોટી હોડીઓમાં જ સામાન જેમતેમ લાદવામાં આવ્યો હતો, તેમાં વળી આ સીદી લોકો સામાન ગમે તેમ ઉઠાવે અને કાંઠા પર ફગાવે. રાત પણ પડી હતી; કાંઠાપર રડ્યાખડ્યા દીવાઓ હતા; પુરુષો અંધારામાં આમતેમ પોતાનો સામાન શોધતા ફાંફાં મારતા હતા; સ્ત્રીઓ પણ બીચારી કેડમાં છોકરાં તેડીને સામાન શોધતી ફરતી હતી. અધુરામાં પુરૂં, દરીઆમાં ભરતીનો વખત થયો એટલે કાંઠા પર મુકેલો સામાન પણ સલામત ન હતો. અમારા પડોશી એક પંજાબી સેકન્ડ ક્લાસ પૅસેન્જરની કપડાંની આખી ટ્રંક પલળી ગઇ છે.

અમે છ વાગે કાંઠે ઉતર્યા ને નવ વાગ્યા લગભગ ટાપુના ઉતારે પહોંચ્યા. કીનારાથી ટાપુ બે ડગલાં પણ નથી. રાત્રે તો જેમ આવ્યું તેમ પડી રહ્યા.

નાનાભાઈ

સ્ત્રીવર્ગ માટે અરધે લવાજમે

'કુમાર' આપવાની સંખ્યા પુરી થઇ ગઇ છે, તેથી તે માટે હવે કોઇએ માગણી કરવી નહિ.



ગગનના ગોળમાં

[પાછલા અંકોમાં આવેલી 'આકાશ-દર્શન'ની લેખમાળાએ વાચકોને આકાશની બાબતમાં કંઈ ને કંઇ રસ લેતા તો કર્યા જ છે. પરંતુ એ તો હજી 'પારોશમાં પહેલી પુણી' પણ ન કહેવાય. કારણકે આપણા માથા પર આવેલો એ ગગનનો ગોળો એટએટલી ચમત્કૃતિઓ, અજાયબી-ઓ ને અદ્ભુતતાઓથી ભરેલો છે કે એને વીશે ઘણી જ રસમય ને ઢંગ કરી મુકે એવી ઢગલાબંધ માહીતીઓ આપી શકાય તેમ છે. 'કુમાર'ના હવે પછીના અંકોમાં, 'આકાશદર્શન' ઉપરાંત, આને લગતી જે બીજી પણ બેત્રણ પ્રકારની રસમય સચિત્ર લેખમાળાઓ શરૂ થવાની છે તેમાંની આ એક છે.]

ડાબા હાથ પરના ઉપલા ચિત્રમાં બતાવેલું દૂરબીન, દુનીઆ આખીમાં મોટા-માં મોટું ગણાય છે. તે અમેરિકાના કૅલિફૉર્નીઆ પરગણાના માઉન્ટ વિલ્સનના શિખર પર આવેલી વેધશાળામાં છે. તેના કાચનો વ્યાસ ૮ ફુટ ૫ ઇચ, ને જાડાઇ ૧૨ાા ઇચ છે, અને તેનું વજન ૪ ટન ઉપર છે. આ જંગી દૂરબીનની શક્તિ એટલી બધી છે કે, મોટમોટાં દૂરબીનોમાંથી જે તારા પુરા દેખાતા પણ નથી તેમનાં કદ તથા તે પરની ગરમી સુદ્ધાં આ દૂરબીન વડે માપી શકાય છે.



નીચેનું બીજું ચિત્ર એ જ દૂરબીનમાંથી દેખાતી 'આકાશ-ગંગા'નું છે. જે આકાશગંગા સાધારણ રીતે આકાશમાં આ-પણા માથાપર ધુમસના ધોળા પટા જેવી દેખાય છે, તે આ દૂરબીનમાંથી જોતાં આવા અ-સંખ્ય ઝીણાઝીણા તારાઓની બનેલી માલુમ પડે છે.

સરજનહારની સૃષ્ટિ



ચીત્તો

ચીત્તો એ સિંહ, વાઘ વગેરેની જેમ બીલાડીની જાતનું પ્રાણી છે, અને એ જાતનાં પ્રાણીઓમાં તે સૌથી રૂપાળું ગણાય છે. ચારથી પાંચ ફુટની લંબાઈ અને અઢી ફુટની ઉંચાઈ વાળા એ પ્રાણીની ચામડીનો રંગ પીળાશ પડતો સફેદ હોય છે, ને પેટ તથા ગળા નીચેના સફેદ ભાગ સીવાય તેને આખે ડીલે છુટાં છુટાં કાળાં ગોળ તલકાં હોય છે.

ગોળ છેડાવાળા ટુંકડા કાન, તીણી ને બદમાશ આંખો તથા લાંબા પાતળા પગવાળું આ પ્રાણી એટલું ચપળ ને મજબુત હોય છે કે આખી દુનીઆનાં બધાં ચોપગાં પ્રાણીઓ કરતાં તેની દોડવાની ઝડપ સૌથી વધારે ગણાય છે.

એશીઆ, આફ્રીકા, તથા પશ્ચિમ અને દક્ષિણ હીંદુસ્તાનનાં જંગલોમાં તે મળી આવે છે, અને તેને પાળીને શીકારના ઉપયોગમાં લઇ શકાય છે. હીંદમાં બહુ જુના વખતથી ચીત્તાઓ શીકાર માટે વપરાતા આવ્યા છે.

ચીત્તો સૌથી ખંધું, લુચ્ચું ને દગાખોર પ્રાણી ગણાય છે. ગમે તેટલા ઉંચા ઝાડપર તે ચપળતાથી કુદી ચડી જઈ શકે છે, ને ગમે તેવી સાંકડી ગીચ જગ્યામાં સંકોચાઇને લપાઇ શકે છે, અને ત્યાં રહીને ચુપકીથી શીકાર પર અણધારી તરાપ મારે છે. શીકાર માટે પાળેલા ચીત્તા બહુ સહેલાઈથી માણસો સાથે હળી જાય છે, ને પાળેલી બીલાડીઓના જેવા નરમ બની ભરબજારમાં માણસ જોડે ફરે છે.

દુનીઆ
દૂરની અને નજીકની



દુનીઆભરના દેશોમાં હાલ મુખ્યમુખ્ય પાકની લણણી નીચે મુજબ ચાલે છે: ઘઉં—દક્ષિણ અમેરિકા, દક્ષિણ આફ્રીકા, ઑસ્ટ્રેલીઆ અને ન્યુ ઝીલાંડ. નાળીએર—વેસ્ટ ઇન્ડીઝ, વેનેઝુએલા અને પશ્ચિમ આફ્રીકા. ખાંડ—મેક્સિકો, વેસ્ટ ઇન્ડીઝ, ગીઆના, સ્પેઇન, ઈજીપ્ત, મોરીશીઅસ, હીંદુસ્તાન અને જાપાન. રૂ—બ્રાઝીલ અને હીંદુસ્તાન.

કવિવર રવીન્દ્રનાથ ઠાકુર દક્ષિણ અમેરિકાની સફરે ગયા હતા, ત્યાંથી ઇટાલી થઇને તે આ વીસમી તારીખ સુધીમાં હીંદુસ્તાન આવવાની વકી છે.

મુંબાઇમાં વીજળિક ટ્રેનો દોડવી ગઈ તા. ૩જીથી શરૂ થઇ છે.

સુરતના વતની શ્રી કાદરને પીનાંગની રાજધાની જ્યૉર્જ-ટાઉનના મ્યુનિસિપલ કમિશનરની જગ્યા મળી છે.

મુંબાઇથી તા. ૧૫મી ઑક્ટોબર ૧૯૨૩ને રોજ, મિ. પુખનવાળા, મિ. હકીમ અને મિ. હાથીરામ નામના ત્રણ જણ સાઇકલ પર બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા કરવા માટે નીકળ્યા હતા. બલુચિસ્તાન, ઇરાન, મેસોપોટેમીઆ, સીરીઆનું રણ, પૅલેસ્ટાઇન, સીનાઇનું રણ, સુએઝ, ઇજિપ્ત, ગ્રીસ, ઇટાલી, સ્વિટ્ઝર્લાંડ, ફ્રાન્સ વગેરે દેશોમાં તો આ ત્રણે જણા ફરી વળ્યા છે. આટલી મુસાફરી ૧૦ હજાર માઇલની થાય છે. હાલ એ ટોળી લંડન શહેરમાં પહોંચી છે, અને ત્યાંથી અમેરિકા, જાપાન અને બ્રહ્મદેશમાં થઇને ફરતી ફરતી તે પૃથ્વીપ્રદક્ષિણા પુરી કરશે.

વાસ્કો ડ ગામા કોચીનમાં ઈ. સ. ૧૫૨૪માં ગુજરી ગયો હતો. એની ચોથી શતવર્ષી પોર્ટુગીઝ લોકોએ ગયા ડિસેમ્બર માસમાં ઉજવી.

ઑકસફર્ડના વિશ્વવિદ્યાલયે શોધખોળની એક ટુકડી સ્પિટ્સબર્ગન મોકલેલી. ત્યાં એમણે, હજુ કદિ ન જડેલી એવી ૧૦૦ ચોરસમાઇલ જેટલી જમીન શોધી કાઢી છે.

આર્યસમાજના સ્થાપક અને હીંદના ધાર્મિક ને રાષ્ટ્રીય સંગઠનના સબળ ઉત્પાદક સ્વામી દયાનંદ સરસ્વતી,

આજથી સો વર્ષ પહેલાં, કાઠીઆવાડમાં મોરબી પાસેના ટંકારા ગામ આગળ જન્મ્યા હતા. તેમના જન્મની પહેલી શતવર્ષી દેશ આખામાં ખુબ ઉત્સાહથી ઉજવાય છે.

જાપાનના છેલ્લા ધરતીકંપમાં ટોકીઓની વિદ્યાપીઠનું સુંદર પુસ્તકાલય સળગી ગયું. ને એમાંના સાત લાખ ગ્રંથો ભસ્મ થઇ ગયા. પણ હાલ કોઇ પુસ્તકપ્રકાશનની અંગ્રેજ મંડળીએ ૧૧ હજાર ગ્રંથો એ સંસ્થાને ભેટ કર્યા છે. આવી મદદમાં આપણે ઉંડો ભાઈચારો જોઇ શકીએ છીએ. ખંડ-ખંડની પ્રજાઓ વચ્ચે આવો સહકાર વધે એ ઇચ્છવાજોગ છે.

જ્ઞાન-ગમ્મત

ગયે મહીને મુકેલા પ્રશ્નો અને ગમ્મતના ખુલાસા ઇનામ સાથે આવતા માસમાં જાહેર થશે. દરમીઆન, બીજી નવી ગમ્મતની વાનીઓ આ નીચે રજુ કરી છે તેના જવાબ મોકલો. તેના ઉત્તર ચૈત્રના અંકમાં પ્રગટ થશે.

ગણિત-ગમ્મત

બે કાછીઆ ભાઇઓ હતા. દરેકને પોતાની વાડીમાંથી રોજ ૬૦ લીંબુ ઉતરે. મોટો ભાઈ પોતાનાં લીંબુ પૈસાનાં ૪ લેખે વેચે. અને નાનો ભાઈ પોતાનાં લીંબુ પૈસાનાં ૬ લેખે વેચે. એક દિવસ મોટા ભાઇને કંઈ કામસર બહારગામ જવાનું થયું તેથી તેણે પોતાનાં લીંબુ વેચવાનું નાના ભાઇને સોંપ્યું. નાના ભાઇએ વિચાર કર્યો કે 'બંનેનાં લીંબુ સરખાં છે, તેથી તેમને એકઠાં કરૂં; મોટો ભાઇ પૈસાનાં ૪ લેખે વેચે છે અને હું પૈસાનાં ૭ લેખે વેચું છું, તો એકઠાં કરેલાં લીંબુ બે પૈસાનાં ૧૦ લેખે, એટલે એક પૈસાનાં ૫ લેખે વેચું.' એમ કરવાથી એને ૨૪ પૈસા ઉપજ્યા. પણ પહેલાં તો મોટા ભાઇને ૧૫ પૈસા અને નાના ભાઇને ૧૦ પૈસા, એટલે કુલ ૨૫ પૈસા ઉપજતા. તો એ ઓછો આવેલો ૧ પૈસો કયાં ગયો ?

*

એવી બે રકમ શોધી કાઢો કે જેનો સરવાળો ૧૦૦ થાય. એ બંને રકમમાં મળીને ૧ થી ૯ સુધીના આંકડા આવી જાય. એક પણ આંકડો ફરીથી ન આવે, તેમ એકે આંકડો રહી ન જવો જોઇએ. મીંડું વાપરવાની છુટ છે.

શબ્દસાંકળી

અનુક્રમે આઠ શબ્દો એવા આપો કે જેના દરેકના છેલ્લા બે અક્ષરોથી શરૂ થઇને પછીનો શબ્દ બનતો જાય; અને તેના અર્થ આ પ્રમાણે થાય: (૧) ખેતરની એક ઉપયોગી નીપજ; (૨) હજુરી; (૩) ઝાડ પર વસતું એક પ્રાણી; (૪) રાજા; (૫) માંચડો-ઘોડો; (૬) ગુજરાતનું એક ગામ; (૭) મારવાનું એક હથીઆર (૮) ફરીફરી.

ઓળખી કાઢો

મારા અક્ષરોને ગોઠવવાથી તેના નીચે પ્રમાણે અર્થ થાય છે તો હું કોણ ? ૧+૬=નારા; ૨÷૩=મનમાં બોલવું; ૩+૪=આબરૂ; ૩+૪+૫=ધાતુની બનાવટ; ૫+૬=રાજા; ૩+૬=દુધ; ૫+૪=રાત્રિ; ૨+૧=પાણી; ૪+૨=એક તેજાનો; ૫+૨=હકુમત; ૫+૧=સળગે એવો પદાર્થ; ૨+૬=જીત; ૧+૪=ટેવ; ૨+૫=થોડુંક.

*

ત્રણ અક્ષરની સબળા બાઇ
કેતકી પત્રાકાર ગણાઇ
વીર જનોની સંગી હોય
કુમાર કહોજી એ કો હોય ? (ગિ. ક. ભ.)

અથાણું

માસ્તર—સુરેખા, તું ક્યાં જન્મી હતી ?

સુરેખા—હું તો જન્મી જ નહોતી; મારી મા તો સાવકી છે.

*

મધુ—મોટાભાઇ, આ પાંતીનો દાખલો મને નથી આવડતો; શીખવોને.

મોટાભાઈ—તારૂં ગણિત લઇ આવ તો બતાવું. મને પાંતી શીખ્યે આજ બાર વરસ થયાં, એટલે બરોબર યાદ નથી.

મધુ—એવું તે હોય ? મને પણ એકડા બારાખડી શીખ્યે આજ બાર વરસ થયાં; છતાં મને તો એ પાકા આવડે છે, ને તમને પાંતી ન આવડે ?

*

બાપ—(ચીડાઇને) તારી ઉમરે તો ગાંધીજી વિલાયત ગયા હતા અને બૅરિસ્ટર થયા હતા.

છોકરો—પણ બાપા, તમારી ઉમરે તો ગાંધીજી હીંદને દોરે છે !

*

એક લશ્કરી સીપાઈ ઉપર તેને ઘેરથી કાગળ આવ્યો. તેને વાંચતાં આવડતું ન હોવાથી એક બીજા સીપાઇ આગળ તે વંચાવવા ગયો.

પેલો બીજો સીપાઇ તેને વાંચી સંભળાવતો જાય, તેમ આ સીપાઇ ઘડીએ ઘડીએ વાંચનારના કાન આડા પોતાના હાથ મુકતો જાય.

તેની આવી વિચિત્રતા જોઇને ત્યાં ઉભેલા એક ત્રીજા સીપાઇએ તેને પુછ્યું, 'અરે ભલા માણસ, આનો શો અર્થ ?'

તેણે જવાબ આપ્યો, 'મારે મારા ઉપર આવેલો કાગળ એને નથી સાંભળવા દેવો; મારે એકલાને જ સાંભળવો છે.'



માધુકરી

હરણાંનું સ્મરણ

એક વિશાળ વન હતું. વીસવીસ ત્રીસ ત્રીસ ગાઉ સુધી માણસની ઝુંપડી કે મુસાફરનો કામચલાઉ ચુલો પણ ક્યાં યે ન મળે. ત્યાં એક રળીઆમણા તળાવ પાસે કેટલાંક હરણાં રહેતાં. તળાવને કાંઠે એક બીલીનું ઝાડ હતું. એ ઝાડની નીચે પાષાણરૂપમાં મહાદેવ વિરાજમાન હતા. હરણાં રોજ તળાવમાં સ્નાન કરે, મહાદેવનાં દર્શન કરે અને ચરવા જાય. બપોરે આવીને બીલીને છાંયે વિશ્રાન્તિ કરે અને સાંઝરે તળાવનું પાણી પીએ, મહાદેવનાં દર્શન કરે ને સુઇ જાય. કશાં શાસ્ત્ર ભણ્યા વગર જ હરણાંને ધર્મનું જ્ઞાન થયું હતું, તેથી બહુ જ સંતોષપૂર્વક તેઓ પોતાનું નિર્દોષ જીવન વીતાડતાં હતાં.

માઘ મહિનો હતો, અને કૃષ્ણપક્ષની ચતુર્દશી. એવે એક વિકરાળ પારધી પેલા વનમાં પેઠો. સાંઝ પડું પડું થઈ રહી હતી. પારધીને ભુખ બહુજ લાગી હતી. પારધીની ભુખ કંઇ જેવી તેવી ન હોય. બીજું કંઇ ન હોય તો કાચું ને કાચું માંસ પણ કરડી ખાય. પણ આ આપણા પારધીને પોતાની ભુખનું દુઃખ નહોતું. ઘરમાં બાળબચ્ચાં ભુખ્યાં છે, તેમને શું આપવું ? શું મોઢું લઈ ઘેર જવું ? શીકાર ન મળે તો ઠાલે હાથે ઘેર જવા કરતાં વનમાં જ રાતની રાત પડ્યા રહીએ; વખતે કંઈક હાથ ચડી જાય. આવો વિચાર કરતો તે તળાવ પાસેની બીલી પર ચડીને બેઠો.

પોતાનાં બાળબચ્ચાનું ભરણપોષણ કરવા માટે પોતે કષ્ટ વેઠવાં અને જોખમો ઉડાવવાં એટલો જ પોતાનો ધર્મ છે એમ તે માનતો. એથી વ્યાપક ધર્મનું તેને ભાન ન હતું.

રાત પડી. કૃષ્ણપક્ષની કાળીમેશ રાત. કશું જ સુઝે નહિ. પારધીએ તળાવ તરફ જોવા માટે આડાં આવતાં બીલીનાં પાંદડાં તોડી તોડીને નીચે ફેંક્યાં. એટલામાં બે ચાર હરણાં પાસે પાણી પીવા આવ્યાં. ઝાડ ઉપરના પારધીને જોઇ ચમક્યાં અને નિરાશાના અવાજમાં બોલ્યાં, 'ભો ભો વ્યાધ, તારા ધનુષ્ય ઉપર બાણ ચડાવ મા. અમે મરવા તો તૈયાર છીએ, પણ અમને ઘેર જઈ અમારાં બાળબચ્ચાંને અને સગાંવહાલાંને મળી આવવા જેટલી મુદ્દત આપ. સૂર્યોદય પહેલાં અમે પાછાં આવી હાજર થઇશું.

પારધી ખડખડ હસ્યો. 'શું તમે મને બબુચક સમજો છો ? આમ હાથ આવેલો શીકાર હું જતો કરું ? મારાં બાળબચ્ચાં ભુખે મરે છે તે ?'

'અમે પણ તારી પેઠે અમારાં બાળબચ્ચાંનો ખ્યાલ કરીને જ રાહત માગીએ છીએ. અમે વચન પાળીએ છીએ કે નહિ એની પરીક્ષા તો કરી જો.'

પારધીના મનમાં શ્રદ્ધા અને કૌતુક જાગી ઉઠ્યાં. બરાબર સૂર્યોદય પહેલાં આવવાની ખાસ તાકીદ આપી તેણે હરણાંને જવા દીધાં, અને પોતે બીલીનાં પાંદડાં તોડતો ઝાડ ઉપર જ રાતવાસો રહ્યો.

પેલાં હરણાં ઘેર ગયાં, બાળબચ્ચાંને ભેટ્યાં, પોતપોતાનાં શીંગડાંથી એકબીજાને ખજવાળ્યાં, છેક નાનાં હતાં તેમને ધરાઇ ધરાઇને ચાટી લીધાં, બનેલી વાત બધાંને કહી સંભળાવી અને વિદાય માગી. 'शठं प्रति शाठ्यं कुर्यात्। અરે, દુષ્ટ પારધી સાથે વચનપાલન કેવું ? ટાંટીઆમાં જેટલું જોર હોય તેટલું વાપરી અહીંથી છાનાંમાનાં નાસી જાઓ' એવી સલાહ આપનાર કોઈ ન નીકળ્યું. સગાંવહાલાં બોલ્યાં, 'ચાલો. અમે પણ સાથે આવીએ છીએ. સ્વેચ્છાએ મરણ વહોરી લેવાથી મોક્ષ મળે છે. તમારો અપૂર્વ આત્મયજ્ઞ જોઇ પાવન થઇશું.'

બાળબચ્ચાં સાથે થયાં. પારધીના હિંસકપણાની જાણે પરીક્ષા કરવાને જ ન નીકળ્યાં હોય !

સૂર્યોદય પહેલાં તો હરણાંનું એક મોટું ટોળું આવી પહોંચ્યું. રાતવાળાં હરણાં આગળ આવ્યાં ને બોલ્યાં: 'લો ભાઈ, અમે વધને માટે તૈયાર છીએ.' બીજાં હરણાં પણ બોલી ઉઠ્યાં: 'અમને પણ માર. ભલે તારાં બાળ-

બચ્ચાંની ભુખ શમો.'

પારધીની હિંસાવૃત્તિ રાત્રિની પેઠે ગળી ગઇ. આખા દિવસનો ઉપવાસ અને આખી રાત્રિનું જાગરણ થવાથી તેની વૃત્તિ અન્તર્મુખ થઇ જ હતી. તેમાં યે આ પ્રતિજ્ઞા-પાલક હરણાંનું ધર્માચરણ જોઇને તો તે દિંગ થઇ ગયો. તેના હૃદયમાં નવીન પ્રકાશ પડયો. પ્રેમશૌર્યની તેને દીક્ષા મળી. તે ઝાડ નીચે ઉતર્યો અને હરણાંને શરણ ગયો. બે પગનું માણસ એ ચોપગાં પશુને પગે લાગ્યો. આકાશમાંથી શ્વેત પુષ્પોની વૃષ્ટિ થઇ. કૈલાસથી મોટું વિમાન ઉતરી આવ્યું, તેમાં પારધી અને હરણાં બેઠાં અને કલ્યાણકારી શિવરાત્રિનું માહાત્મ્ય ગાતાં ગાતાં શિવલોક સિધાર્યાં. આજે પણ તેઓ આકાશમાં મૃગનક્ષત્રના દિવ્ય રૂપે પ્રકાશે છે.

મહાશિવરાત્રિનો દિવસ એટલે તે ધર્મનિષ્ઠ, સત્યવ્રતી હરણાંના સ્મરણનો દિન. (કાલેલકરના લેખો)

ડૉ. સન યત સેન

ચીનમાં, હૉંગકૉંગની દક્ષિણે ત્રીસ માઇલને અંતરે, કૅાંગટુંગ પ્રદેશમાં પોર્ચુગીઝોના મકાઓ નામના પરગણામાં એક નાના ગામમાં, ઇસુના ૧૮૬૭ના વર્ષમાં, ચીનના એ મહાન નાયકનો જન્મ થયો હતો. એના પિતાએ ખ્રીસ્તી ધર્મ સ્વીકાર્યો હતો ને એક પાદરીમંડળના ત્યાં નોકર હતા. જુવાન સનમાં બુદ્ધિનું તેજ ચમકતું. નાનપણથી જ તે એક અંગ્રેજ બાઇના હાથ નીચે ઉછરીને વિદ્યાભ્યાસ પામ્યા હોવાથી અંગ્રેજી ભાષાનું જ્ઞાન તેમને સહેલાઇથી પ્રાપ્ત થયું, અને તેમાં એ પારંગત થયા. અઢારમે વર્ષે એ કૅન્ટનમાં જઇને ત્યાંના ઍંગ્લો અમેરિકન મિશન (પાદરીમંડળ) ના પ્રસિદ્ધ ડૉ. કરની દેખરેખ નીચે અભ્યાસ કરવા લાગ્યા. અહીંથી સનને દાક્તરી અભ્યાસમાં રસ પડવા લાગ્યો, તેથી બે વરસ અહીં કામ કરી વીસ વર્ષની ઉમરે તે હૉંગકૉંગની દાક્તરી કૉલેજમાં જઇ જોડાયા. ત્યાં પાંચ વર્ષ સુધી અભ્યાસ કરી કૉલેજમાંથી પહેલું સ્નાતકમાન મેળવ્યું.

૧૮૯૪માં હૉંગકૉંગમાં પહેલી જ વાર ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો; સર્વત્ર મૃત્યુની પ્રલય–લીલા જ જાણે મચી રહી ડૉ. સને આ વખતે તનતોડ પ્રયત્નો કરી નવયુવકોને ભેગા કર્યા. આ નવજુવાનોનાં અંતઃકરણોમાં સેવા અને આત્મબલિદાનના અક્ષરો ઠસાવી, રોગીઓના ઉપચાર માટે સને ચોતરફ મોકલી દીધા; લોકોને અથાગ આશ્વાસન મળ્યું. સેવા અને આત્મત્યાગના પહેલવહેલા પાઠ ડૉ. સનને આ પ્લેગે જ ભણાવ્યા. ૧૮૯૪ના આ જીવલેણ વરસે જ ડૉ. સનમાં અને તેમની મારફત અનેક ચીના નવજુવાનોમાં લોકસેવા અને ત્યાગનાં બીજ રોપ્યાં,

મકાઓ રહેતા હતા ત્યારથી જ ડૉ. સન ગુપ્ત રાજદ્વારી ચળવળોના થોડાઘણા સંબંધમાં તો હમેશાં રહેતા જ. જાપાનને હાથે ચીનને સહેવું પડેલું અપમાન ન ખમાયાથી, તથા પરદેશી અને જુલ્મી મંચુ રાજ્યને સુધારવું અથવા સંહારવું એવા ઉદ્દેશથી 'ચીના નવયુવક દલ' નામની એક મંડળી એ અરસામાં ગુપ્ત રીતે પોતાનું કામ કરી રહી હતી. ડૉ. સનને આ મંડળની ખબર પડતાંવેંત જ પોતે તેમાં જોડાયા. થોડા જ વખતમાં સન તેના આગેવાન બની રહ્યા. ડૉ. સનના પ્રતાપી નેતૃત્વ તળે 'ચીના નવયુવક દળ'માં અજબ જોમ આવ્યું. વીજળીને વેગે તેના સભાસદો વધતા ચાલ્યા; ચીના નવજુવાનો આ મંડળ તરફ અજબ રીતે ખેંચાવા લાગ્યા; પરતંત્રતા જાણે સૌને દિનપ્રતિદિન વધુ ને વધુ અસહ્ય લાગવામાંડી ને સૌને સ્વતંત્રતાની લગની લાગી.

આ પછી એમણે ચીનનાં નાનાં ગુપ્ત મંડળોનું સંગઠન કરવા માંડયું. ક્રાંતિવાદીઓ બધા કૅન્ટનમાં એકઠા થવા લાગ્યા; દારૂગોળો, બંદુકો, તોપો વગેરે સરંજામ ગુપ્ત રીતે એકત્ર થવા માંડયો; અને બંડ થવાની અણી ઉપર હતું, એટલામાં કોઇ દેશદ્રોહીના વિશ્વાસઘાતથી વાત ફુટી ગઇ. સત્તર સભ્યોને શુળીએ વધેરવામાં આવ્યા. ડૉ. સન યત સેન આ વજ્રસ્તંભથી નાસી છુટયા, અને થોડા વખત સુધી હૉંગકૉંગના એક અંગ્રેજ દાક્તર કૅન્ટલીને ઘેર સંતાઇ રહ્યા. ચીની સરકારના જાસુસોએ તેમનો પીછો પકડયો, તેમના માથા માટે સરકાર તરફથી ૧૫ હજાર રૂપીઆનું ઇનામ જાહેર થયું, પરંતુ સન પોતાના ઉદ્દેશથી લેશમાત્ર ડગ્યા નહિ.

૧૮૯૫નો ચીનનો એ બળવો નિષ્ફળ ગયો, પણ આ નવયુવકોની ટોળીએ નિરાશ થયા વિના પોતાના પ્રયત્નો તો જારી જ રાખ્યા. ડૉ. સને ચીનમાંથી નાસી મલાયા, સ્ટ્રેટ સેટલમેન્ટ, અમેરિકા, ઇંગ્લંડ વગેરે દેશોમાં બહુ જ સાવધાનીથી ફરવા માંડયું. જ્યાં જાય ત્યાં વસતા ચીના ગૃહસ્થો અને વિદ્યાર્થીઓમાં દેશોદ્ધારની પ્રેરણા જગાડતા જાય, અને સૌને નવી ક્રાંતિ માટે તૈયાર થવાનું કહેતા જાય. ફરતા ફરતા ૧૮૯૬ના ઑક્ટોબરમાં એ લંડન પહોંચ્યા, ત્યાં એમની ધરપકડ થઇ, પરંતુ લૉર્ડ સૅલ્સબરીના વચ્ચે પડવાથી છુટી ગયા.

લંડનમાંથી છુટી આવી થોડો સમય એ જાપાનમાં છુપા રહ્યા; અને પછી ચીન આવી, મકાઓમાં પોતાની જન્મભૂમિ પાસે જ પહાડી ગુફાઓમાં એમણે વળી પાછો ક્રાંતિનો કાળો ઝુંડો રોપ્યો. સ્વતંત્રતા પર મરી ફીટનાર દેશદાઝવાળા જુવાનોનાં ટોળેટોળાં એ કાળા ઝુંડા તળે ઉભરાવા લાગ્યાં. આ દરમ્યાન ડૉ. સેન ચીનના અંદરના

ભાગોમાં છુપી મુસાફરી કરી લોકોમાં જાગૃતિનો સંચાર કરી રહ્યા હતા. ચીનાઓનાં ટોળેટોળાં એમને વીંટળાતાં, સાદી ને સીધી ભાષામાં એ પોતાનાં વ્યાખ્યાનો આપતા, અને મજુરથી માંડીને મહાજન સુધી સૌનાં દિલ ખેંચતા. લોકોએ તેમને જબરી મદદ આપી અને તેમની તૈયારીઓ મજબુત થઇ.

શું કરશો ?

હોળી	કે	વસંતોત્સવ
ગંદાં પાણી ઉડાડવાં,		સ્વચ્છ વસ્ત્રો પહેરી
ગલીચ શબ્દો બોલવા,		લાલ ગુલાલે રમો,
પૈસા માગતાં લોકોનાં		દેશભક્તિનાં સુંદર
કપડાં બગાડવાં,		ગીતો લલકારી
સ્ત્રી-બાળકોને		પોળ ગજાવો,
કનડવાં,		મિત્રોને ફુલહાર પહેરાવો,
છાણાં લાકડાં માટે		સ્ત્રી-બાળકોને સત્કારો,
જંગલીઓની પેઠે		હોળી પ્રગટાવવા
ધાંધલ મચાવવાં,		શાસ્ત્રોક્ત વિધિથી
હોળીનું બળતું		પૂજન-સમારંભ કરો,
ચાલુ રાખવા		ચેતનગીત ગાતાં
ગમે તે		ગામમાં ફરી
ઉપયોગનું લાકડું		નગરકીર્તન કરો,
બાળી દેવું,		કસરતો અને બીજી
બીજી પોળોમાં		મરદાનગીભરી શરતોના
એવાં લાકડાં		જલસા ગોઠવો,
લેવા જતાં		બાજુની પોળોના
ઝગડા કરવામાં		મિત્રોને નોતરી
મઝા લેવી અને		ગાન-ગમ્મતના
પડોશી જોડે		આનંદ ઉડાવો,
વેર બાંધવું,		આનંદ, ઉત્સાહ ને
કજીઆકંકાસ નોતરી		ચેતનનાં પૂરથી
પરિણામે		તમારાં ને
શરીર, પૈસા ને આનંદની		તમારા સંગમાં આવતાં
ખુવારી કરવી:		સૌનાં હૈયાં ભરી
આ તે હોળી !		**વસંતોત્સવ ઉજવો.**

હૉંગકૉંગમાં પણ મકાઓ જેવું એક બીજું સૈન્ય તૈયાર થયું હતું. વાર હતી ફક્ત સનની. તે ત્યાં પહોંચી જઇ લગામ હાથમાં લઇ હુકમ આપે કે તરત એક ઝપાટે મંચુ વંશને ઉડાડી દઇ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરવી સૌને રમત વાત લાગતી હતી. આ તરફ સન પણ હૉંગકૉંગ તરફ રવાના થઇ ગયા.

પણ હૉંગકૉંગ પહોંચતાંવેંત જ તેમને ખબર પડી કે કાવતરૂં ફરીથી ફુટી ગયું હતું, તેમના બે વિશ્વાસપાત્ર કાર્યકર્તાઓ પકડાઇ ગયા હતા, ખજાનો જપ્ત થયો હતો, ઉપયોગી કાગળીઆં બાળી નાખવામાં આવ્યાં હતાં અને તેમના સાથીઓને સીંગાપોર લઇ જઇ કેદ કર્યાં હતા. ફરી પાછી ક્રાંતિ મુલતવી રાખી, સન પાછે પગે સીંગાપોર પહોંચ્યા અને મહામુશ્કેલીએ પોતાના સાથીઓને છોડાવી લાવ્યા.

આમ ૧૮૮૪થી ૧૯૧૨ સુધીના ગાળામાં સન અને તેમના સાથીઓને આવી આવી અનેક નિષ્ફળતાઓ મળી, તેમણે અનેક ઘા ઝીલ્યા પણ આખરે તે ફાવ્યા. આ વખતે ડૉ. સને અમેરિકામાં ચીનની ક્રાંતિ માટે જંગાવર તૈયારીઓ કરી. પરદેશમાં વસતા ચીની નવયુવકોએ ૩૦ લાખ રૂપીઆ એકઠા કરી દેશના ક્રાંતિવાદીઓની મદદ માટે મોકલ્યા; શહેરો અને ગામડાંઓ એક પછી એક તેમના તાબામાં આવતાં ગયાં; શહેનશાહી લશ્કરની પલટણો પણ ક્રાંતિવાદીઓને મળી જવા લાગી; પરદેશના ચીનાઓ તરફથી ધન અને હથીઆરોની જબરદસ્ત સહાય મળવા લાગી અને મંચુ સામ્રાજ્યનું સિંહાસન ડોલવા લાગ્યું.

પણ રાજાએ, હાર ખાઇને ગાદી ગુમાવવા કરતાં, શાંતિથી જ ક્રાંતિવાદીઓને ગાદી સોંપી દેવામાં શાણપણ જોયું. તેણે તાબે થઇ રાજગાદી છોડી દીધી; પ્રજાએ તેના નિભાવ માટે વર્ષાસન બાંધી આપ્યું; અને ડૉ. સન, જે આ વેળા ઇંગ્લંડમાં હતા, તેમને તાર કરીને ચીનના પ્રજાસત્તાક રાજ્યના પ્રથમ પ્રતિનિધિ થવાની વિનંતિ કરી. આ વિનંતિ સ્વીકારી તે ચીન આવ્યા, અને પ્રજાસત્તાકનું સુકાન પોતાને હાથ લીધું. ત્યાર પછી બીજા થોડા નાના ફેરફારો થયા, પણ છેવટે એમનું પદ સ્થિર થયું.

અત્યારે ડૉ. સનના મરણની અફવાઓ ઉડી છે. એ ખરી હોય તો જગતે એક અદ્વિતીય ક્રાન્તિવાદી વીર નર ખોયો છે. ચીનના એ પ્રજાનાયકે વિદેશીઓના જુલમની સામે પોકાર કર્યાં હતા. એ કવિ હતો, રાજનીતિજ્ઞ હતો, સામ્રાજ્યવાદનો વિરોધી હતો. જીવનની ક્ષણેક્ષણ એણે પોતાના દેશને ચરણે ધરી છે. દેશના નવજુવાનોના અંતઃકરણોમાં એણે અનેરૂં ચેતન ચમકાવ્યું છે. જંગલી રૂઢીઓ ને જંગલી રાજ્ય, બંનેની પ્રાણઘાતક પરતંત્રતામાંથી પોતાના દેશને ઉગારી લઇ તેણે પોતાના ચાળીસ કરોડ દેશબાંધવોની આશીષ મેળવી છે.

મહર્ષિ દયાનંદ

સૌરાષ્ટ્રના ગિરિવરો જેમ વનરાજ કેસરીસિંહોના જન્મ અને નિવાસનું અદ્વિતીય સ્થાન છે, તેમ સૌરાષ્ટ્રની ભૂમિ

પણ દયાનંદ અને ગાંધીજી સમા નરસિંહો અને પુરુષરત્નોનું પ્રભવસ્થાન છે.

મહર્ષિ દયાનંદ સરસ્વતીની એ પ્રતિભા અને કાયા, કાઠિયાવાડમાં મોરબી પાસેના પહાડી પ્રદેશમાં પાકી. એમના જન્મનું ગામ ટંકારા પાસેનું જીવાપર; એમનું જન્મનું નામ મુળશંકર; પિતાનું નામ કરસનજી; જ્ઞાતિએ ઔદિચ્ય બ્રાહ્મણ અને ધર્મે શૈવ. એમના પિતા રાજ્યની જમાદારી કરતા ને ઉપરાંત મોટી પેદાશવાળા જમીનદાર હતા.

આઠ વર્ષની ઉમરે મુળશંકરને જનોઇ દેવામાં આવ્યું તે પહેલાં તો પિતાએ કાળજીથી તેને દેવનાગરી લિપિનું અક્ષરજ્ઞાન, સંધ્યાના પાઠ અને વેદ ગાયત્રીના મંત્રો બરાબર શીખવી દીધેલા. પિતા ને કાકા યજમાનોમાં કથા વાંચવા કે યજમાનવૃત્તિ કરવા જતા ત્યાં મુળશંકરને સાથે લઇ જતા ને કુલધર્મમાં પલોટતા. એમણે ઉમેદ રાખેલી કે મુળશંકરને પણ પોતાના પૂર્વજો જેવો 'બ્રાહ્મણ' બનાવવો. પણ બુદ્ધિશાળી મુળશંકરના બાળપણમાં એવા પ્રસંગો બની ગયા કે પિતાની એ યોજના ઉંધી વળી ગઇ.

એક શિવરાત્રિની રાતે પિતા મુળશંકરને લઈ પૂજા અર્થે શિવમંદિરે ગયા. આખી રાત પૂજાવિધિ ચાલવાની હતી: અને તેમાં કેટલા યે બ્રાહ્મણો સામેલ હતા. મધરાત થઇ એટલે બધા માળા ફેરવતા ફેરવતા ઉંઘી ગયા ! સ્મશાનને કાંઠે, એ શિવાલયમાં, એક ખુણામાં એકલો જાગતો બેઠો હતો એક મુળશંકર. શિવલિંગ સામે ઘીનો ઝીણો દીવો ટમ ટમ બળતો હતો, ચોમેર ભયાનક શાન્તિ હતી, તેમાં કંઈક ખખડાટ થયો. મુળશંકર સાવધાન બનીને ઉઠયો ને શિવલિંગ પાસે જઇને ઉભો રહ્યો. તેણે શું જોયું ? શિવજી પાસે ધરેલી પ્રસાદી લ્હેરથી આરોગતા કેટલાક ઉંદરો શિવજીના માથા ઉપર દોડાદોડી કરી રહ્યા હતા ! મુળશંકર સ્તબ્ધ બની ગયો. વિશ્વનો પ્રલય કરવાનું સામર્થ્ય ધરાવનાર ભગવાન શિવની આ દશા ? ઉંદરડાઓ તેમના શિરને ગલીચ કરે છે, છતાં તે કેમ ચુપચાપ બેઠા છે ? એ શિવ ન હોય. મુળશંકરે માળા ફેંકી દીધી, અને પિતાને ઉંઘતા મુકી તે એકદમ ઘેર દોડી ગયો. જઇને માતાને જગાડી, ઉપવાસ તોડયો અને પથારીમાં પડયો. એ આખી રાત તે જંપ્યો નહિ. આ પ્રસંગમાંથી દયાનંદનો મૂર્તિનો વિરોધ જન્મ્યો. આ પ્રસંગ બન્યો ત્યારે તેની ઉમર ચૌદ વર્ષની હતી.

ત્યાર પછી એકાએક તેની બહેન અને કાકાનાં, એક પછી એક અવસાન થયાં. એ બંને પર મુળશંકરનું અપાર હેત હતું. મુળશંકર આ મૃત્યુ ન સહી શકયો. તેનું હૃદય વલોવાઇ ગયું. જીવન અને મરણ શું તેના એને વિચાર થવા લાગ્યા. તેણે અમરત્વની શોધ માટે કોઇ યોગીની પાસે પહોંચવાનો નિશ્ચય કર્યો. વૈરાગ્યની તેને ધુન લાગી.

પણ આ વાત તેના પિતાથી છાની ન રહી. તેણે મુળશંકરને પરણાવી સંસારમાં નાખી આ ધુન ભુલાવી દેવાના પ્રયત્નો કર્યા. પણ પરણવાનું નામ સાંભળી મુળશંકરે એ જંજાળમાંથી છુટવા નાસી જવાનો ઠરાવ કર્યો.

અઢાર વરસની ઉમરે, જેઠ મહીનાની એક સાંજે તે છાનોમાનો આડમાર્ગે ચાલી નીકળ્યો. રસ્તામાં લુંટારાઓએ તેનાં લુગડાં ને થોડુંઘણું ઘરેણું લુટી લીધું. એકલી લંગોટીભેર, ભુખ્યો ને તરસ્યો, રાતદહાડો મુસાફરી કરી તે લાલા ભગત નામે સાધુ પાસે પહોંચ્યો, ને નૈષ્ઠિક બ્રહ્મચારીની દીક્ષા લીધી.

ફોટોગ્રાફીની ઇનામી હરીફાઇ

ફોટોગ્રાફનો વિષય ગામ બહારનો કે અંદરનો અથવા પોળમાંનો કોઇ દેખાવ અથવા કુદરતી સૌંદર્યનો દેખાવ હોવો જોઇએ. મનુષ્યનું ચિત્ર ન જોઇએ.

હરીફાઈ માટે મોકલેલ ફોટોગ્રાફ અગાઉની કોઈ હરીફાઇમાં રજુ થએલો ન હોવો જોઇએ.

વળી તે છેલ્લા છ માસ દરમ્યાન જ લીધેલો હોવો જોઇએ.

કોઇપણ ફોટોગ્રાફ પોસ્ટકાર્ડથી વધુ માપનો ન જોઇએ.

દરેક ફોટોગ્રાફની પાછળ તે પાડનારનું નામ, ઉમર, ધંધો કે અભ્યાસ અને ફોટોગ્રાફનું નામ સ્પષ્ટ અક્ષરે લખવાં.

આ હરીફાઇ વિદ્યાર્થીઓ અથવા શોખથી ફોટોગ્રાફી કરનારાઓને માટે જ છે; ધંધાદારી માટે નથી.

પરિણામ ફાગણ સુદ પુનમે પ્રગટ કરવાનો અમારો ઈરાદો છે, એટલે ફાગણ સુદ પાંચમ સુધીમાં જેટલા ફોટોગ્રાફો મળશે તેટલા જ હરીફાઇમાં દાખલ થઈ શકશે.

ત્યાંથી, કોઇ યોગી મળવાની આશાએ સિદ્ધપુરના ધર્મમેળામાં એ ગયો. એના બાપને આ ખબર પડવાથી લશ્કરી સ્વારો લઈ આવ્યો, પણ તે પાછો છટકયો ને અમદાવાદ, વડોદરા થઇ નર્મદાતીરે આવ્યો. ઘણી મથામણ પછી, છેવટે મહારાષ્ટ્ર તરફના એક સ્વામી પૂર્ણાનંદજીએ, આ ૨૪ વર્ષના યુવાનની પ્રખર બુદ્ધિ અને ઉંડો વેદાભ્યાસ જોઈ તેને સંન્યાસની દીક્ષા આપી તેનું નામ દયાનંદ સરસ્વતી પાડયું.

ત્યાર પછી દયાનંદ એક દશકો અવધૂત દશામાં ભટકયા, યોગ શીખ્યા, હીંદમાં ઠેરઠેર મુસાફરી કરી હિમાલય પહોંચ્યા. પણ કયાંયથી તેમને કોઈ મહાન યોગીનાં દર્શન ન થયાં. દેશમાં ચોમેર અજ્ઞાન ને અંધકાર તેમણે જોયાં, હીંદુ સમાજ અધોગત થએલો નિહાળ્યો, ધર્મને નામે બધે નર્યો દંભ

દીઠો. દેશભરના આ દાસત્વ અને દુઃખી અવસ્થાએ એ સંન્યાસીની આંખોમાંથી આંસુની નદીઓ વહેવડાવી. તેણે હિંદુ ધર્મને ઉન્નત કરવાનો મનથી દૃઢ સંકલ્પ કર્યો.

પણ હજી વિશેષ જ્ઞાનની, વધુ અભ્યાસની, કોઇ સમર્થ ગુરુની તેમને જરૂર લાગી. આખરે મથુરામાં સ્વામી વિરાજાનંદને ચરણે, ૩૬ વર્ષની મોટી વયે પણ, જ્ઞાનને માટે એ શિષ્ય બની બેઠા, ને અઢી વર્ષ અભ્યાસ કરી, ગુરુની આશીષ માગી. ગુરુએ નીચેનો સંદેશો દેશમાં ફેલાવવાની ગુરુદક્ષિણા માગી: 'બેટા, દેશમાં અંધકાર વ્યાપ્યો છે ને લોકો નાના નાના વાડામાં વહેંચાઇ ધર્મ ભુલ્યા છે. તેમને એકેશ્વરનો અને વેદધર્મનો સંદેશ દેજે.'

દયાનંદ માથું નમાવી ચાલી નીકળ્યા. ગુરુના એ વેણનું પાલન તે આજનો આર્યસમાજ. એ સંદેશ ફેલાવવા અર્થે દયાનંદે જીંદગી ધરી દીધી.

જીંદગીનાં ૪૦ વર્ષ અભ્યાસમાં, નિરીક્ષણમાં, ચિંતનમાં અને તપશ્ચર્યામાં વીતાવી આ સંન્યાસીવર વેદનો સંદેશો આપવા ગામેગામ ભટકવા લાગ્યા. મથુરાથી આગ્રા, ગ્વાલીઅર અને અજમેર થઇ તે ૧૮૬૭ના હરદ્વારના કુંભમેળામાં ગયા. ત્યાં તેમને નિષ્ફળતા મળી. ફરી પાછા કનોજ, ફરૂખાબાદ ને કાનપુરમાં ગયા, કાશીના પંડિતો સાથે વિવાદ કર્યો, કલકત્તે જઇ વિદ્વત્તાભર્યાં ભાષણો આપી લોકોની પ્રીતિ મેળવી, અને ત્યાંથી ઉત્તર હીંદ આખો ફરીથી ખેડી ૧૮૭૪માં મુંબાઇ આવ્યા. ત્યાં વૈષ્ણવ સંપ્રદાયનો સડો જાહેર કરવા માટે તેમને ઝેર દેવાના પ્રયત્નો થયા, તેમાંથી બચીને તે અમદાવાદ થઇ રાજકોટ ગયા, અને વચ્ચે એક દહાડો પોતાને વતન ટંકારા જઈ આવ્યા.

ફરી તે મુંબાઇથી પુને થઇ પંજાબ પહોંચ્યા. લોકોએ તેમને ઠેરઠેર આદર આપ્યો. બધે આર્યસમાજો સ્થપાયાં અને પંજાબીઓ તો તેમની પાછળ ઘેલા ઘેલા બની ગયા. હીંદ આખામાં તેમણે આર્યધર્મની હાક વગાડી અને અસંખ્ય લોકોને વેદધર્મના ઝંડા તળે લીધા.

છેવટે, ઘણું ફરીને ૧૮૮૩માં તે જોધપુર ગયા. ત્યાં તેમના બોધથી જોધાણાનાથને વિલાસ પ્રત્યે વૈરાગ્ય ઉપજ્યો. પણ ત્યાંની વારાંગનાઓ અને નાચનારીઓ આ ન સહી શકી, અને તેમણે સ્વામીજીને ઝેર દીધું. કહેવાય છે કે એને લીધે એ વર્ષના ઑક્ટોબરની ૩૦મી તારીખે એ મૃત્યુ પામ્યા.

સ્વામીજીના કીર્તિમંદિર સમા, આજે આર્યાવર્તમાં ૭૦૦ આર્યસમાજો, ૧૦૦૦ કન્યાવિદ્યાલયો, ૨૦૦ હાઈસ્કુલો, ૧૦૦ અનાથાશ્રમો, ૨૦ ગુરુકુળો, ૪ વૈદિક કૉલેજો, તેમાં શિક્ષણ લેતા લાખો યુવકો અને યુવતીઓ આપણી સમક્ષ મોજુદ છે. એ સંસ્થાઓ ચલાવવા, દર વર્ષે કરોડ ઉપરાંત રૂપીઆ આર્યસમાજીઓ તરફથી દાનમાં મળ્યા કરે છે.

આવું જબ્બર કાર્ય સાધનારો, આટલો પ્રેરક સંદેશ આપનારો, આવડો વિશાળ શિષ્ય-સંઘ મેળવનારો કોઇ ભારતની તવારીખમાં બીજો નથી દેખાયો. દયાનંદ તો અજોડ છે. એ પુરુષવરના ચરણમાં કોટિકોટિ પ્રણામ.

('સૌરાષ્ટ્ર'માંથી તારવીને)

આદર્શ તંત્રી

ઇ. સ. ૧૮૩૧માં અમેરિકાના બોસ્ટન શહેરમાં વિલિયમ લૉઇડ ગૅરિસન નામના એક હબસી યુવકે 'લિબરેટર' (મુક્તિદાતા) નામે અઠવાડિક પત્ર, વગર સહાયે અને સહાનુભૂતિએ શરૂ કર્યું હતું. તેની પાસે ફુટી બદામ ન હતી, કે ન હતો એક પણ ગ્રાહક. છતાં, તેના દિલમાં પોતાની કોમને ગુલામીની જંજીરોમાંથી છોડાવવાની ધગશ હતી. તે પત્રનો એકેએક અક્ષર અથેતિ જાતે જ લખતો, છપાવવામાં જાતે જ સંચો ચલાવતો, જાતે જ સુધારતો અને જાતે જ ફેરી કરી વેચતો. કારકુન, પ્રુફરીડર, પ્રિન્ટર કે ફેરીઓ એ સઘળું એ પોતે જ હતો! છાપખાનાના માલીકની કૃપાથી તેને કાતરીઆનો એક ખુણો મળતો, જેમાં તે ટાઢથી સમસમતો ટુંટીઆં વાળી પડયો રહેતો. દર અઠવાડીએ તેને તેનું પત્ર બંધ કરવાની ધમકીઓ મળતી, અને તેમ નહિ કરે તો તેનો જાન લેવાની પણ ચીઠ્ઠીઓ મળતી; પણ ગૅરિસન કાચા કાળજાનો ન હતો. તે તો કોમ માટે શહીદ બન્યો હતો. તેણે પત્ર વાટે પોતાનો ચેતનપ્રવાહ વહેવડાવ્યે રાખ્યો; અને 'ગુલામી નાબુદ' થયાની વધાઇ આપતાં સુધી અવિશ્રાંત અને અદમ્યપણે તેણે પોતાનું પત્ર ચલાવ્યે રાખ્યું! અમેરિકાના ઈતિહાસમાં આજે તે મહાન પુરુષ લેખાય છે. (સૌરાષ્ટ્ર)

રાવણહથ્થો

આપણા કાઠીઆવાડનું રાવણહથ્થો નામનું વાજિંત્ર જોયું છે? જાણે કોઈ જીવતુંજાગતું માનવી આપણી સામે બોલી રહ્યું હોય એવા સ્પષ્ટ અને ભાવભર્યા એના સૂર હોય છે. આ રાવણહથ્થા વગાડનારા નાથબાવા ને ભરથરીઓ ઘેરઘેર ઘુમી સ્ત્રીઓ ને બાળકોને એનું સંગીત સંભળાવી સ્વરમુગ્ધ બનાવે છે. બદલામાં મરજી પડે તો રોટલાનું એકેક બટકું દેવું, એ એની ફી. એ સંગીત પણ આ... આ...આ...નું નહિ, પણ સોરઠના ઇતિહાસનાં યશગાન એમાં હોય છે. એ રાવણહથ્થો શું છે?

રાવણ શંકરની આરાધના કરતો હતો. આરાધના સંગીત વાટે થતી હતી. આરાધના અધુરી રહી ત્યાં જ એના

વાજિંત્રનો તાર તુટયો. રાવણે પોતાનો હાથ ચીરી, તેમાંથી નસો કાઢી, એ નસોના તાર બનાવી પોતાની આરાધના ચાલુ કરી, અને ગાન પુરૂં કરી મહાદેવને પ્રસન્ન કર્યા ને અપરાજિત શક્તિ પામ્યો. એ વાજિંત્ર તે રાવણહથ્થો.

સોરઠની એકેએક પ્રાચીન ચીજની પાછળ આવો ઇતિહાસ ગરજે છે. (સૌરાષ્ટ્ર)

જીંદગીનું અંદાજપત્રક

આંકડાની ગણત્રી કરવાનો જેઓને શોખ હોય એવા કોએ ગમ્મત ઉપજાવે તેવી અંદાજપત્રકની યાદી નોંધી છે. સાધારણ રીતે માણસ બહુ તો ૭૦ વરસ જીવે છે, એમ ધારીને મનુષ્ય આખી જીંદગી દરમ્યાન પોતાનો કેટલો વખત કયાં ગુમાવે છે તેના તેણે વિષયવાર વિભાગ પાડી અંદાજ કાઢયા છે:

વિષય	વરસ	દિવસ
ઉંઘ	૨૩	
માંદગી	૧॥	
ભોજન	૩	
હજામત, નાવુંધોવું ને પોશાકની સજાવટ	૨।	
શાળા	૧।	
કામ	૧૮	
વાંચન	૭	
રમત	૧॥।	
નાટક, સીનેમા, સરકસ	૦॥	
હરવુંફરવું ને મુસાફરી	૨।	
ખોટી રોકાણ		૧૫
સ્નેહસંબંધ બાંધવા		૬૦
આળસ	૨॥	
પરચુરણ	૭	
	૭૦	૭૫

આપણે કયે ઠેકાણે, કેવી રીતે અને કેવા સમાજમાં રહીએ છીએ તેના ઉપર આવા અંદાજપત્રકનો ઘણો આધાર છે. એટલે આ યાદીમાં ફેરફાર થવાનો ઘણો અવકાશ છે. જેઓને એમ લાગે કે ઉંઘ, ભોજન ને આળસનો પુરતો વખત નથી રાખ્યો તેમને એ વધારવાની છુટ છે!

ભારતસંતાનોના નિત્યધર્મ

'દેશની આશા છો;' 'ભાવિના ઘડનાર છો;' ઇતિહાસના રચનાર છો;' એવાં સંબોધનો હવે તમારે અવનવાં યે નથી, કે સાંભળવાનાં બાકી યે નથી. જુનાં છે; પણ એ સંબોધન એકકે યે ખોટાં નથી. સૌ સાચાં છે.

સાહિત્યકાર કહે છે સાહિત્ય એ જીવનનો પરમ મન્ત્ર છે; કલાકાર કહે છે કલાસૌન્દર્ય એ જ આયુષ્યનો શણગાર છે; શિક્ષક કહે છે ભણો; રાજદ્વારી જનો કહે છે પ્રજા સ્વરાજ્યસંગ્રામે ચડી છે, ને તમે સૈનિક છો. ખોખરા શબ્દે કો ખુણામાંથી કોઇક ઉચ્ચારે છે કે સંસાર સુધારો. સંસારશાસ્ત્રી કહે છે કે પુરજનોનાં સુખદુઃખના ભાગી થાઓ, ગરીબોના બેલી થાઓ. માતપિતા કહે છે, ઘડપણના આધાર છો, આજિવિકા ઉપાર્જો. બજાર બોલાવે છે, કોર્ટ નોતરે છે, ઑફિસ આમન્ત્રે છે. ચૌટામાં ને ચોકમાં ભીડાભીડ ઉભરાઇ છે. પુસ્તકશાળા, નગરસંથાગાર કે ધર્મમંદિરને માટે યે અવકાશ કોને ને કેટલોક છે? છતાં એ સૌ સાચા છે, મધ્યબિંદુમાંથી નીકળતી અનેકાનેક ત્રિજિયાઓ સમોવડી જીવનના મધ્યબિંદુમાંથી વહતી જીવનમાર્ગની એ સહુ ત્રિજિયાઓ સાચી છે. રુચે તે, મતિ સુઝાડે તે, શક્તિ સધાવે તે પન્થે પળજો.

પણ એ સહુ તો ત્રિજિયાઓઃ ત્યારે મધ્યબિંદુ કયું? ભારતસંતાનોનો નિત્યધર્મ શો?

ભારતનો ભાર તમારે માથે છે; ભારતનું ભાવિ તમારા પુરુષાર્થમાં છે; ભારતનું ભલું તમારા ભાગ્યમાં છે. શેષને માથે છે એટલો ભાર તમારે માથે છે: ભારતનો, તેમ જ જગતનો.

'મહાનુભાવ' શબ્દ સાંભળ્યો છે? આજના ગુજરાતી સાહિત્યમાં એ શબ્દ શોધવો મુશ્કેલ પડતો હોય તો મહાકવિ પ્રેમાનન્દનાં કાવ્યોમાં એ મહાશબ્દ છે જ. એનો અર્થ સમજજો ને આચરજો. વાંચવું કે ભણવું સમજવાને માટે તો છે જ; પણ એથી યે અધિકું આચરવાને કાજે છે.

તમે સ્ત્રી હો કે પુરુષ હો, યુવક હો કે યુવતિ હો, હીંદુ હો, ઈસ્લામી હો, પારસી હો, યાહુદી હો, ખ્રીસ્તી હોઃ ભારતીય હો તે સહુનો યે નિત્યધર્મ છે.

ઉઠ, ઓ ભરતગોત્ર! તુજ વાટ
જુએ જો! જગત કાળને ઘાટ.

કવિ નાનાલાલ

ગોવા

ગોવાની મુસાફરીમાં અમે જે જે દ્રશ્યો અનુભવ્યાં તે અપૂર્વ સુંદર હતાં. સહ્યાદ્રિ પર્વતનું દ્રશ્ય એ તો જાણે જીંદગીનો લ્હાવો. તે આખો મુલક જ કુદરતનું સંગ્રહસ્થાન છે. રસ્તામાં નજરે પડતી નદીઓ, સરોવરો ને સંગમો તથા ગાડીમાંથી ત્રણ ચ્યાર વાર નજરે પડતા દુધસાગરના ધોધના દેખાવ ખરેખર ઘણા જ રમણીય હતા. તે પ્રદેશમાં દુકાળ નથી અને લોકો સુખી છે. એકંદર વસ્તી પાંચ લાખની ગણાય છે. કેટલાક લોકો તો અહીં લંગોટી પહેરીને જ રહે છે. તે સ્થળમાં ફળફુલનો અપૂર્વ પાક હોવાથી લોકો તેની ઉપર જ ગુજરાન ચલાવે છે. ઉત્તમ ખોરાક

ફક્ત પાંચ આનામાં આપણને મળી શકે છે. લોકો મોજીલા હોવાથી આર્થિક સ્થિતિ એકંદર સારી છે. આ વિભાગનું મુખ્ય શહેર પંજીમ છે. અમે ત્યાં ગયા તે દિવસોમાં વાસ્કો ડ ગામાનો ૪૦૦ વર્ષનો ઉત્સવ ઉજવાતો હતો અને લોકોમાં અપૂર્વ હર્ષ હતો.

પંજીમ શહેરમાં જુની કારીગીરીનાં મંદિરો આવેલાં છે અને ત્યાંનાં ખ્રીસ્તી દેવળોમાં વિવિધ પ્રસંગોની વિવિધ મૂર્તિઓ નજરે પડે છે. ત્યાંના રસ્તાઓ ઘણા ચોકખા અને પહોળા હોય છે. જે ભાગ 'જુનું ગોવા' તરીકે ઓળખાય છે ત્યાં ચાર મોટાં દેવળો આવેલાં છે. તેમાં એક સેંટ ઝેવીઅરનું છે. અમુક વર્ષે ત્યાં મેળો ભરાય છે અને રૂપાની પેટીમાં રાખવામાં આવેલા સેંટ ઝેવીઅરના મડદાને બહાર કાઢી લોકોને તેનાં દર્શન કરાવવામાં આવે છે. એ દર્શન કર્યાથી અડચણો અને રોગો દૂર થાય છે એમ કહેવાય છે. આપણી માફક તે લોકોમાં પણ વહેમ અને બાધાઓની રૂઢી રહેલી છે. એક રાણીએ તો એક વખત મડદાના અંગુઠાને ચુંબન કરતાં અંગુઠાને જ કરડી લઇ લીધો હતો. અને તે એવી માન્યતાથી કે પોતાને કાંઈપણ અડચણો ન નડે. આવી રીતે મડદાના કેટલાંક અવયવો ચાલ્યાં ગયાં છે! તે પ્રદેશમાં શિવ, સૂર્ય, તથા એવી બીજી ખંડિત થએલી મોટી મૂર્તિઓ નજરે પડે છે. અહીંના લોકો પ્રથમ હીંદુ હોવાથી તેમનામાં બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શુદ્ર એવા વિભાગો જોવામાં આવે છે ને હીંદુ ધર્મના સંસ્કારોનાં કેટલાંક ચિહ્ન માલુમ પડે છે. (પ્રજાબંધુ)

માદરનાં નેન

એક જ ભાષા બોલવાવાળા, એકબીજાના સાથમાં સદા રહેવાવાળા, કેટલા યે રીતરીવાજોમાં સરખી માન્યતાવાળા અને એકબીજાના સુખદુઃખમાં સદા શરીક (ભાગીદાર) બનવાવાળા આપણે હીંદુ અને મુસલમાન શું એક જ માતાના પુત્રો નથી? આપણે બંને તો આપણી પ્યારી માદરનાં બે નેનોના બે તારા છીએ. એ એક પણ નેનને નુકસાન પહોંચશે તો બીજી નેન શું ઓછી તકલીફ પામશે? આવો ઓ હીંદુઓ અને ઓ મુસલમાનો, આઝાદીના જંગના ઓ સીપાઇઓ, આપણે હાથમાં હાથ મિલાવી આપણી આ લડાઇ લડી કાઢીએ. ઘણા કાવાદાવા, ઘણી ગેરસમજણો અને ઘણા સ્થિતિસંજોગોથી વિછુટા પડેલાઓ, ચાલો, આપણે ફરી ભેગા મળીએ, બાથે બાથ ભરીએ, આંકડે આંકડા મિલાવીએ, અને એવા ભેગા થઇ જઇએ કે કદિ જુદા ન પડીએ. આ ટુંકી જીંદગાની ખતમ થઈ જાય ત્યાં તક એકબીજાથી પ્યાર કરવાના અને એકબીજાને વફાદાર રહેવાના, ચાલો, આપણે કસમ લઇએ. ઓ ખુદા, અમારાં દિલમાં દેશપ્રેમની, બંધુપ્રેમની, સાચા ધર્મપ્રેમની આ હુતાશ પ્રકટાવ! (નવાબઝાદા સૈયદ મુહમ્મદ હુસેન)

કર્ણના અવતાર

આપણે અહીં જ્યારે રાજાઓ વેપારી બન્યા છે ત્યારે અમેરિકામાં વેપારીઓ દાનેશ્વરી રાજા થવા લાગ્યા છે. ત્યાંના શ્રીમંત શેઠીઆઓએ થોડાંક વરસમાં જ લગભગ ૪૨॥ અબજ રૂપીઆ કેળવણીની સંસ્થાઓને અને ધર્મમંદિરોને દાન કર્યાં છે.

છેલ્લા દાનેશ્વરીઓ બે શિરોમણિ વ્યાપારીઓ છે. કોડાક કંપની વાળા મિ જ્યૉર્જ ઇસ્ટમૅન અને તમાકુના ધંધાદાર મિ જેમ્સ ડયુક. એક જ દિવસે તેમણે અનુક્રમે ૩૦ લાખ અને ૮૦ લાખ પૌંડ દાન આપી દીધા છે. આ સાધુચરિત પુરુષોએ આગળ પણ ઘણુંક દાન કર્યું છે. એમના દાનની રકમોનો સરવાળો ૧૨૦ લાખ અને ૧૮૦ લાખ પૌંડ જેટલો થવા જાય છે.

બંને સજ્જનોની અંતર-ઈચ્છા એવી છે કે પોતાના પૈસાથી કંઇક સાર્વજનિક કલ્યાણ થાય. બંને જણા ગરીબાઈ વેઠીને ધનાઢ્ય બન્યા છે અને તેથી સમજે છે કે જે દેશે તેમને તાલેવાન થવાની તક આપી તે માતૃભૂમિને પોતાની સંપત્તિનો મોટો ભાગ પાછો વાળવો જોઇએ.

સ્વિટ્ઝર્લૅંડ

યુરોપના હૃદયરૂપે ધબકતું, યુરોપનું કાશ્મીર, અને પશ્ચિમનો બાગે બેહિસ્ત સ્વિટ્ઝર્લૅંડ છે. કુદરતની બુલંદ નવાજેશો અને રાજકીય તથા રાષ્ટ્રીય સંગઠનના તેના આદર્શ અને તેનાં ઇતિહાસભૂગોળ આજે સારી આલમનું ધ્યાન ખેંચે છે. તે દેશ લાખો અભ્યાસીઓ અને પ્રવાસીઓને પોતાનાં સ્નેહભર્યાં મીઠાં સ્વાગત સમર્પે છે. ત્યાં ત્રણ જુદી જુદી ભાષાઓ છે, ત્રણ જુદા જુદા ધર્મો છે, ત્રણ જુદા જુદા જુદા દેશની જુદી જુદી કોમો ત્યાં વસે છે, છતાં, સ્વિટ્ઝર્લૅંડ એક રાજ્ય, એક રાષ્ટ્ર અને એક પ્રજા છે. એ જ ત્યાંના પ્રજાસત્તાક રાજ્યનો અદ્ભુત ચમત્કાર છે! ત્યાંનો રાષ્ટ્રઉદ્યોગ ઘડીઆળ બનાવવાનો છે. સોંઘી મોંઘી તરેહતરેહની ઘડીઆળો આપણે ક્યાં નથી જોતા અને ખરીદતા? જાપાન, ફ્રાન્સ, ઇંગ્લેંડ અને અમેરિકાની ઘડીઆળોના 'ટ્રેડમાર્ક' ક્યાં નથી વાંચતા? છતાં, 'સ્વિસ મેઇડ' એટલું વાંચતાં કેમ જાણે આપણે આંખો મીંચીને, વગર પુછ્યે, ઘડીઆળો લઈ લઇએ છીએ! કારણ સ્વિટ્ઝર્લૅંડ એ ઘડીઆળનું પુરાતન મથક છે, પંકાએલું છે, અને સારા કામની એની શાખ છે. (સૌરાષ્ટ્ર)

તારો ખર્યો !

જગતમાં એક તરફ જ્યારે નવયુગનો પ્રકાશ ઝળહળી રહ્યો છે તે વેળા ભારતના અંધકારમય આકાશના જે થોડાક તારાઓ ને ગ્રહો તેની કીર્તિ સંભાળી રહ્યા છે તેમાંથી એક તેજસ્વી તારો ખર્યો છે.

સ્વ. ચિત્રકાર ડી. રામરાવ કલાકારોની દુનીઆમાં છેલ્લાં પાંચસાત વર્ષથી એક આકર્ષક, પ્રેરક અને પ્રતિભાશાળી વ્યક્તિ તરીકે જાણીતા હતા જ; પરંતુ વેમ્બ્લી અને ટૉરોન્ટોનાં પ્રદર્શનોમાં ઉંચું માન પામનાર હીંદી ચિત્રકાર તરીકે જાહેર દુનીઆમાં તો એમનું નામ હમણાં જ ચમકવા લાગ્યું હતું, અને તે આંધ્ર ચિત્રશૈલિના સ્થાપક અને સમર્થ નેતા તરીકે કીર્તિ-કળશના યોગ્ય અધિકારી સિદ્ધ થઇ ચુકયા હતા.

જીવનની એ સુભગ પળે, માત્ર ૨૭ વર્ષની ખીલતી યુવાન વયે, એકાએક ગઈ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીની રાત્રે તે શીતળાનો ભોગ થઈ અવસાન પામ્યા છે.

આ અસાધારણ અને અપૂર્વ શક્તિશાળી કલાકારે ગુજરાતનો ગાઢ પરિચય કર્યો હતો. ગુજરાતના જીવન-માંથી તેમણે ચિત્રો દોર્યાં છે; ગુજરાતમાં તેમણે અનેક સ્નેહસંબંધો બાંધ્યા છે. ઘણાં વર્ષોથી અમારા પણ તે પરમ મિત્ર હતા. એ કરુણ ગંભીર સ્મૃતિઓ ભારે હૃદયે સંભારવાની ફરજ અમારા પર આવી પડી છે.

આવતા અંકમાં, ઉગતી પ્રજાને પ્રેરણા મળે તેવી એ ચમત્કારિક શક્તિવાળા યુવાનની કેટલીક કલાકૃતિ-ઓ અને સ્મૃતિઓ આપીશું.



લીલો મેવો

કલકત્તાનું મુળ નામ 'કાલિઘાટ' હતું: પણ અંગ્રેજોએ જેમ ભરૂચનું 'બ્રોચ' અને મથુરાનું 'મુત્રા' કર્યું છે, તેમ આ પણ બગાડયું છે.

અગ્નિને સાત જીભ છે: કાલિ, મનોજવા, ધૂમ્રા, કરાલી, લોહિતા, સ્ફુલ્લિંગિની અને વિશ્વરુચિ.

અગ્નિની સ્ત્રી 'સ્વાહા' કહેવાય છે.

અરબસ્તાનમાં થોરની એક જાત થાય છે, તેને હસતો થોર કહે છે; કારણકે તેનું બીજ જે કોઇ ખાય તે થોડો વખત સુધી પેટ પકડી હસ્યાં જ કરે છે ! એ વધારે પ્રમાણ-માં ખાવાથી નશો ચડે છે અને સ્મરણશક્તિ ગુમ થાય છે.

ચીનની પાસે ફૉર્મોસા નામનો એક ટાપુ છે ત્યાં સ્ત્રીઓ જ રાજ્ય કરે છે; અને મા પછી દીકરી ગાદીએ આવે છે !

પેટલાદ તાલુકાના ખેડૂતમંડળ તરફથી પ્રજાજોગ બહાર પાડવામાં આવેલી પત્રિકામાં જણાવ્યું છે કે ચરોતરની જમીન સુખડનાં ઝાડોને ભાવતી છે. ખેતરોની વાડોમાં પણ સુખડ ઉગાડી શકાય છે. એટલે પ્રજાએ હવે બીજાં ઝાડવાંને બદલે સુખડનાં ઝાડ ઉછેરવાં.

અમેરિકામાં મહામહેનતે એક શાળ એવી બનાવવામાં આવી છે કે જેમાં માણસના વાળનાં કપડાં વણવામાં આવે છે. એ કાપડ અરધો ઇંચ જાડું બને છે, અને ઘણું સોંઘું તથા ટકાઉ નીવડવાથી ત્યાંના ગરીબોને આશીર્વાદ રૂપ થઇ પડયું છે.

ગમે તે બાળકને ભેટ

આપવા લાયક એક નાનકડી, સુંદર દેખાવની અને ચિત્રો-વાળી ટુંકી વાર્તાઓની ચોપડી હમણાં જ બહાર પડી છે. લખનારઃ સૌ. સુમતિ નાગરદાસ પટેલ, અને નાગરદાસ ઈ. પટેલ: પ્રકાશક, બાલજીવન કાર્યાલય, ગાયવાડી, મુંબાઇ: કીંમત આઠ આના.

સ્વીકાર

ધર્મતત્ત્વ: બંગાળી પરથી અનુવાદક, ભીમજી હરજીવન સુશીલ; પ્રકાશક, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ; કીંમત ૦-૮-૦; પાકું પુઠું ૦-૧૨-૦.

શ્રી મહુવા યશોવિજય જૈન બાળાશ્રમનો ૧૯૭૬થી ૭૯ સુધીનો રીપોર્ટ

નરકેસરી નેપોલીઅન

[પાન ૪૯થી આગળ ચાલુ]

૬

ફ્રાન્સમાં તો નેપોલીઅન આવ્યો છે એ સમાચાર ફેલાતાં જ નવા પ્રાણ ધબકવા લાગ્યા. નેપોલીઅન હવે સાદો સેનાપતિ મટીને એકદમ ફર્સ્ટ કૉન્સલ— ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યનો મુખી થયો. એમ કરવામાં ફ્રાન્સની પ્રજાનો મત લેવાયો હતો, અને લગભગ ત્રીસ લાખ માણસોએ એને મત આપ્યો; જ્યારે એની વિરૂદ્ધમાં માત્ર દોઢ હજાર જ મત હતા! બાદશાહી ઠાઠમાઠથી નેપોલીઅન રાજાના મહેલમાં રહેવા ગયો. તે દિવસે પારીસ ઘેલું ઘેલું થઇ ગયું હતું!

સુલેહશાંતિ અને પ્રજાનું કલ્યાણ એ બે વાતો નેપોલીઅનને બહુ જ વ્હાલી હતી. એટલે તેણે યુરોપમાં શાંતિ જામે તેવા પ્રયત્ન શરૂ કર્યા. પ્રથમ તેણે ઇંગ્લંડના રાજા ત્રીજા જ્યૉર્જને કાગળ લખ્યો કે આપણે સલાહ કરીએ અને પ્રજાને સુખી કરવામાં બધી શક્તિ વાપરીએ.

પણ ઇંગ્લંડના જેવી વેપારી પ્રજાને આ શાંતિની વાત રૂચી નહિ. એકહથ્થુ સત્તા કેમ મળે એ જ બળતરા એના મનમાં હતી. એટલે તેણે નેપોલીઅનની માગણી ધિક્કારી કાઢી; એટલું જ નહિ, પણ ઑસ્ટ્રીઆ, ઇંગ્લંડ, ને ઇટાલી—ત્રણે રાજ્યો એકઠાં મળી ફ્રાન્સની પ્રજાને કચરવા તૈયાર થયાં. નેપોલીઅન ફ્રાન્સમાંથી પાછો નીકળ્યો, ને જગતના ઇતિહાસમાં કોઇ દિવસ ન બનેલું કામ કરી યુરોપને વિસ્મિત કરી દીધું. તેણે આલ્પ્સ પર્વત ઓળંગ્યો, ને પર્વત પરથી જેમ ધોધમાર પાણી પડે તેમ શત્રુદળ પર તુટી પડયો.

આ લડાઇમાં એવું બન્યું કે ઑસ્ટ્રીઅનોએ પહેલાં તો ફ્રેન્ચોને વીખેરી નાખ્યા ને વિજય મેળવ્યો. ડિસે નામનો નેપોલીઅનનો સરદાર અનામત લશ્કર લઇ મદદે આવી પહોંચ્યો ત્યારે તો બાજી ખલાસ થઇ ગઇ હતી. નેપોલીઅન પાસે જઇ તે બોલ્યો, 'આપણે હારી ચુક્યા છીએ, અને હવે તમે નાસો. એટલી વાર હું દુશ્મનને ખાળું છું!' પણ જાણે કાંઇ બન્યું જ ન હોય એવી શાંતિથી નેપોલીઅને જવાબ આપ્યો, 'ફતેહ તો આપણી જ છે; તમે શત્રુ પર હુમલો કરો!' અને તરત જ નેપોલીઅન પોતાનો ઘોડો દોડાવતો ચારે તરફ સૈન્યમાં ઘુમી વળ્યો, ને બીજી જ ક્ષણે લડાઇનો રંગ પલટી ગયો. પણ વીર સેનાપતિ ડિસે એ યુદ્ધમાં મૃત્યુ પામ્યો.

આ લડાઇના વિજય પછી નેપોલીઅને ઑસ્ટ્રીઆના રાજાને કાગળ લખ્યો કે 'હજી લડાઈ અટકે તો સારૂં. મારી આસપાસ પંદર હજાર માણસોનો ઢગ પડયો છે ને માનવજાતિ શાંતિ માટે વલખાં મારે છે!' પણ ઑસ્ટ્રીઆ સલાહ ક્યાંથી કરે? ઇંગ્લંડે પૈસા ધીરીધીરીને તેને ઉભું કર્યું હતું. તે વખતે ઈંગ્લંડ આખી દુનીઆનો વેપાર હાથ કરવા માટે, ને હીંદુસ્તાન ઘેર કરવા માટે, આકાશપાતાળ એક કરી રહ્યું હતું. અને ફ્રાન્સને કચરવામાં આખા યુરોપને રોકી ને પોતાની સત્તા દરીઆપારના દેશોમાં જમાવી રહ્યું હતું. પણ જ્યારે ઑસ્ટ્રીઆની રાજધાની વીએનાના દરવાજા આગળ જ નેપોલીઅનના ફ્રેંચ લશ્કરનાં બ્યુગલ વાગ્યાં ત્યારે ઑસ્ટ્રીઆને ન છુટકે સલાહ કરવી પડી.

એ સલાહ થતાંવેંત નેપોલીઅન લોકકલ્યાણમાં વળ્યો. પારીસથી પાંચ લાંબા રાજમાર્ગ તેણે બંધાવ્યાઃ સીન નદી પર પુલ બંધાવ્યાઃ યુરોપના ધુરંધર વકીલોને બોલાવીને ફ્રાન્સ માટે દીવાની કાયદા ઘડવા શરૂ કર્યા. આ વેળા નેપોલીઅને કાયદામાં એવી નિપુણતા બતાવી કે મોટામોટા વકીલો પણ છક્ક થઇ ગયા.

લોકકલ્યાણનાં કામો સાથે તેની પોતાની ઉન્નતિ પણ થઇ. તે દસ વર્ષ માટે ફર્સ્ટ કૉન્સલ હતો, તેમાંથી જીંદગીભરનો ફર્સ્ટ કૉન્સલ થયોઃ અને પછી તો ફ્રેંચ લોકોએ પ્રેમમાં ને પ્રેમમાં તેને શહેનશાહ બનાવી દીધો. ઇ. સ. ૧૮૦૪માં, નેપોલીઅન ફ્રાન્સનો શહેનશાહ થયો. એકવાર ફરી નેપોલીઅને ઑસ્ટ્રીઅનોને હરાવ્યા ને તેમની મદદે દોડ્યા આવતા રશીઅનોને પણ હઠાવ્યાઃ રશીઆનો ઝાર ઍલેક્ઝાંડર, અને ઑસ્ટ્રીઆનો બાદશાહ ફ્રાન્સિસ, પોતે એ લડાઈમાં આવ્યા હતા. આ મહાન યુદ્ધમાં નેપોલીઅને

વિજય મેળવ્યો એવા સમાચાર ઇંગ્લંડ પહોંચ્યા ત્યારે ત્યાંનો મુખ્ય પ્રધાન પિટ બેભાન થઇને પડી ગયો, ને છેવટે તેમાં જ મૃત્યુ પામ્યો!

હવે નેપોલીઅનને મારી હઠાવવા યુરોપનાં સૌથી બળવાન ત્રણ રાજ્યો—ઇંગ્લંડ, રશીઆ ને પ્રશીઆ ભેગાં થયાં. નેપોલીઅન તે વખતે પારીસમાં હતો. તે પોતાના ઓરડામાં પેસી, બારણાં બંધ કરી, લાગલાગટ ૪૮ કલાક સુધી લડાઇની યોજના ઘડતો બેસી રહ્યો! પછી તરત તે યુદ્ધ કરવા નીકળ્યો. રોજની ૬૦ માઇલની કુચ કરી, છ દિવસમાં તે હ્રાઇન નદીના કીનારા પર આવ્યો. ત્યાં શત્રુઓ હતા.

બીજે દહાડે સવારે તો ત્રણ મહા ભયંકર શત્રુઓનાં સૈન્ય સામે લડાઇ કરવાની હતી, છતાં, તે રાત્રે આ અદ્ભુત પુરુષે, નીરાંતે ફ્રાન્સની કન્યાશાળાના નિયમ અને અભ્યાસક્રમ ઘડ્યા! અરધી રાત પછી, તે ડગલો ઓઢીને, સાધારણ સીપાઇની માફક જમીન પર સુતો. એટલામાં, એક અગત્યના સમાચાર સાંભળવા તેને જાગવું પડ્યું.

સમાચાર એ હતા કે સ્પેન ઇંગ્લંડ સાથે મળી ગયું છે ને તેનું લશ્કર ફ્રાન્સ પર ચડી આવે છે. 'સ્પેનની ગાદી પર કોઇ મારા કુટુંબીને મુકવો પડશે' એટલું બોલીને, નેપોલીઅન તાપણી તરફ પગ રાખી, જાણે કાંઇ ન હોય તેમ પાછો ઘસઘસાટ ઉંઘી ગયો! બે લાખના લશ્કરને બીજે દિવસે જ તેણે હરાવ્યું. આ બધું માત્ર એક જ માસમાં બની ગયું.

આ સમયે નેપોલીઅનના જીવનમાં બીજા બે મોટા ફેરફાર થયા. તેની પત્ની જોસેફાઇનને કાંઇ સંતાન ન હતું; એટલે તેણે ઑસ્ટ્રીઆની કુંવરી મેરીઆ લુઇસા જોડે લગ્ન કર્યું ને જોસેફાઇન સાથે છુટાછેડા કર્યા. મેરીઆ લુઇસાથી તેને એક પુત્ર થયો.

વીસ વીસ વર્ષ સુધી ફ્રાન્સે આખા યુરોપ સાથે બાથ બીડી હતીઃ અને હવે તેને શાંતિની જરૂર હતી. નેપોલીઅન પણ સુલેહને જ ચાહનારો હતો. પરંતુ વળી, ફરી એકવાર યુરોપમાં લડાઇ સળગી. બીચારા રશીઆના ભોળા ઝારને ફોસલાવીને ઇંગ્લંડના લોભી અમલદારમંડળે તેને હોળીનું નાળીએર બનાવ્યો! લડાઇ જામી. ઇંગ્લંડ સ્પેનમાં લશ્કર લઇ આવ્યું. અને આ સૌ શત્રુને હઠાવતો હઠાવતો નેપોલીઅન છેક મોસ્કો સુધી પહોંચ્યો. ત્યાં પણ નેપોલીઅને શત્રુને હરાવ્યા. પણ અહીં તે પારીસથી અઢી હજાર માઇલ દૂર હતો. રશીઆમાં શીઆળો બારે સખત પડે છે. નેપોલીઅને મોસ્કો હાથ કરી, ત્યાં શીઆળો ગાળી નાખવાની વેતરણ કરી હતી. પણ જ્યારે તે મોસ્કો પહોંચ્યો ત્યારે ત્યાંના લોકોએ મોસ્કોને જ સળગાવી દીધું! પરિણામે એ કડકડતી ઠંડીમાં ફ્રેન્ચ સૈન્યને પારીસ તરફ પાછા ફરવું પડ્યું. અગાઉ કોઇ વખત નહિ પડેલો એવો બરફ ઋતુ કરતાં ત્રણ અઠવાડીઆં વહેલો પડવો શરૂ થયો. જાણે કુદરત જ નેપોલીઅનની સામે થઇ હોય તેમ લાગ્યું. દુશ્મનો ચારે તરફથી ઘેરતા આવે છે, બરફ પડતો જાય છે, અને એક તરફથી પારીસમાં મોટી ઉથલપાથલ થવાનાં ચિહ્ન જણાય છે, એવી સ્થિતમાં, અત્યંત દૃઢતાપૂર્વક નેપોલીઅન રશીઆમાંથી પાછો હઠવા લાગ્યો.

આ વખતે 'ને' નામે એક અત્યંત વીર સરદાર તેના જમણા હાથ રૂપ બની ગયો હતો. એક લાખ ને વીસ હજારનું સૈન્ય લઇને નેપોલીઅન ફ્રાન્સથી નીકળ્યો હતો; અત્યારે તેની પાસે માત્ર બાર હજાર માણસ રહ્યાં હતાં! અને ચોમેરથી ઘેરી વળતા દુશ્મનનું લશ્કર દોઢ લાખનું હતું. પણ નેપોલીઅન તો મુશ્કેલીઓને પી પીને મહાન બન્યો હતો. આ આકરાં સંકટોમાંથી નેપોલીઅન કેમ બચે છે, વીર સેનાપતિ 'ને' કેવાં અદ્ભુત પરાક્રમ કરે છે, અને માત્ર આઠ હજાર માણસ વડે દુશ્મનનાં એક લાખ માણસને કેટલી ધીરતાથી ખાળી રાખે છે, એ બધી હકીકતોનું વર્ણન રોમાંચ ખડાં કરે તેવું છે!

ફ્રાન્સમાં નેપોલીઅનની જરૂર હતી એટલે તે તાબડતોબ પારીસ આવી પહોંચ્યો. પાછળ રહેલું લશ્કર તથા સરદારો લડતા ને પાછા હઠતા આવ્યા. આખો દિવસ લડવાનું અને રાતે ચાલવાનુ! એક વખત સેનાપતિ 'ને' સાતસો ચુંટી કાઢેલાં માણસો લઇ દુશ્મનનું લશ્કર ખાળી રહ્યો હતો, ને ફ્રેન્ચ સૈન્ય નદી પાર કરવામાં રોકાયું હતું. તેની પાસેના સાતસો

માણસમાંથી માત્ર ત્રીસ માણસ બાકી રહ્યાં. આખું લશ્કર નદી પાર કરી ગયા પછી 'ને'ની સાથેનાં ત્રીસ માણસો પણ નદી પાર કરી ગયાં. સૌથી છેલ્લો, 'ને' એકલો, દુશ્મનના આખા લશ્કરની ગોળીઓના વરસાદ ઝીલતો, સામે મોંએ, પાછો હઠતો ગયો. અંતે, પોતે પણ નદી ઓળંગી, રશીઅનો તરફ પોતાની બંદુકની છેલ્લી ગોળી છોડી લીધી, અને પછી બંદુક નદીમાં ફેંકી અભિમાનપૂર્વક ચાલ્યો ગયો!—આ સેનાપતિ 'ને'!

રશીઆમાં બરફને લીધે ફ્રેંચ સૈન્યની જે ખુવારી થઇ તેનો લાભ લઇ, યુરોપનાં રાજ્યો નેપોલીઅનને હઠાવવા ફરી એક વાર એકત્ર થયાં. નેપોલીઅને રશીઆમાં પાંચ લાખ માણસ ગુમાવ્યાં હતાં, એટલે દુશ્મનોએ નેપોલીઅનને લિપ્ઝિક પાસે સખત હાર ખવડાવી, અને સૌ પારીસ તરફ આગળ વધ્યા.

ઈંગ્લંડ, ઑસ્ટ્રીઆ, રશીઆ, જર્મની, સ્વીડન, સ્પેન,—બધાં એકત્ર થઇ દસ લાખ માણસનું લશ્કર જમાવી ફ્રાન્સને ઘેરતાં આગળ વધતાં હતાં. નેપોલીઅન પાસે માત્ર ૭૦ હજાર માણસ હતાં. તેણે પોતાના એ નાના સૈન્ય વડે પણ શત્રુઓને લડાઇની છેલ્લી છેલ્લી એવી રમતો દેખાડી કે તેઓ નેપોલીઅનના નામ માત્રથી ધ્રુજવા લાગ્યા! પણ અંતે દસ લાખ માણસનું તૈયાર લશ્કર, દસ લાખ માણસનું અનામત લશ્કર, ને સામે નેપોલીઅનનું સીત્તેર હજારનું જ લશ્કર! તોપણ નેપોલીઅન છેવટની ઘડી સુધી લડ્યો. અને કાંઇ આશા ન રહી ત્યારે, તેણે ફ્રાન્સના રાજપદનું રાજીનામું આપી, એલ્બા નામે ટાપુમાં, રાજા તરીકે રહેવાનું કબુલ કર્યું. અને તે પ્રમાણે આ વીર પુરુષે લોકશાસનની જે નવી પ્રણાલિ સ્થાપવા ધારી હતી તે અફળ નીવડી. પરંતુ એના થઇ ગયા પછી એકસો વર્ષે આજે દુનીઆમાં જે માત્ર ગણ્યાગાંઠ્યા રાજાઓ રહ્યા છે, અને ઘણાખરા મુલકો પ્રજાસત્તાક થઇ ગયા છે એ જોતાં, એણે ફેલાવેલો તે વખતનો સ્વતંત્રતાનો પવન ધીમે ધીમે આખી દુનીઆમાં ફરી વળ્યો કહેવાય.

શહેનશાહ નેપોલીઅન એલ્બા જવા માટે નીકળ્યો તે વખતનો દેખાવ અત્યંત ભવ્ય, કરુણ ને ગંભીર હતો. ગામડાંનાં અસંખ્ય માણસો તેનું છેલ્લું દર્શન કરી લેવા ભેગાં થયાં હતાં! સીપાઇઓની આંખમાંથી આંસુની ધારાઓ વહી રહી હતી, અને ચોમેર અત્યંત ગમગીની ફેલાઇ ગઈ હતી. નેપોલીઅને પોતાના સેનાપતિઓ ને સૈનિકો, સૌના તરફ પ્રેમપૂર્વક એક દૃષ્ટિ ફેરવી લીધી, ને છેક છેલ્લી હારનો માણસ પણ સાંભળી શકે એવા બુલંદ ને ગંભીર અવાજથી ભાષણ કર્યું:

'વ્હાલા સૈનિકો, હું તમારી રજા માગું છું: છેલ્લાં પચીસ વર્ષથી આપણે યુરોપને લડાઈ આપી રહ્યા હતા, અને હજી પણ યુરોપને હંફાવી શકાય. પણ તેમ કરવામાં ફ્રાન્સને ઘણું નુકસાન છે. હું હવે આપણાં કામોનો ઇતિહાસ લખવાનો છું. ભાઇઓ! હું જ્યાં લગી એમ જાણીશ કે તમે સુખી છો, ત્યાં સુધી હું સુખી જ રહીશ!'

નેપોલીઅન બોલી રહ્યો ને સીપાઇઓની આંખમાં આંસુનાં પુર ઉભરાઇ આવ્યાં. નેપોલીઅને ઇશારત કરી કે તરત, સેનાપતિ જનરલ પિટિટ ફ્રાન્સનો રાષ્ટ્રધ્વજ આગળ લાવ્યો. નેપોલીઅન તેને ભેટ્યો, અને અશ્રુપૂર્ણ આંખે બોલ્યો, 'પ્રિય ગરુડ! આ મારૂં છેલ્લું આલિંગન મારા દરેક વફાદાર સૈનિકના હૃદયને જાગ્રત રાખે. પ્રિય સૈનિકો! તમારૂં ફરી કલ્યાણ ઇચ્છું છું!'

હવે દેખાવ જોયો જાય તેવો હતો નહિ. ચારે તરફથી છુટથી રોવાનો ને ધ્રુસકાંનો અવાજ આવતો હતો. નેપોલીઅન એકદમ ગાડી પર ચડી બેઠો, ને બે હાથે પોતાનું મોં ઢાંકી દીધું. ફ્રાન્સના સૌથી શ્રેષ્ઠ વીર પુત્રને ફ્રાન્સે આજે તજી દીધો; અને ગાડી તેને દૂર ને દૂર ખેંચતી ગઇ.

[આવતા અંકમાં ચાલુ] 'ધૂમકેતુ'

મહાન નેપોલીઅન